કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

અંક ૩૮૦ · ઑગસ્ટ '૫૫

તંત્રી · બચુભાઈ રાવત





આ અંકમાંના 'ગુજરાતનું ગુપ્તોત્તરકાલીન શિલ્પ' નામક લેખમાં વર્ણવેલું ચિત્ર નં. ૬૪

ષડ્ભુજ વિષ્ણુ

આબુમાંના વસિષ્ઠાશ્રમમાંથી મળેલી કાળા પાષાણની સુંદર મૂર્તિ

ફોટો
ઉમાકાન્ત પ્રે. શાહ

મોટીદાંડીવાળા પૂર્ણ વિકસિત વિશાલ પદ્મ પર બેઠેલા દેવનું કંઈક ભારે, કાળા પાષાણનું આ શિલ્પ બહુ સુંદર ઘડેલું છે. દેવના છ યે હાથ આગળથી ખંડિત છે. પદ્મની નીચે, કમલદંડની બે બાજુએ, બે નાગપુરુષ અને બે નાગિણીઓ (એમનાં મસ્તક ઉપર નાગ હોવાથી) ભક્તિભાવે નમન કરતી બતાવી છે. એમની જ હારમાં ડાબા છેડે હાથમાં ચક્ર ધારીને બેઠેલો પુરુષ તે વિષ્ણુનો આયુધપુરુષ 'ચક્રપુરુષ' છે. એ જ પ્રમાણે સામે બીજે છેડે બેઠેલા પુરુષનું આયુધ સ્પષ્ટ નથી. ડાબી બાજુએ ઊભેલી સ્ત્રી-આકૃતિ તે ગદાની છે કે કેમ તે સમજાતું નથી. પણ આયુધોની આકૃતિઓને બદલે એ આયુધો ધારણ કરેલા આયુધપુરુષ શિલ્પમાં કોરવાની કલ્પના ગુપ્ત યુગમાં શરૂ થઈ. મસ્તક ઉપરનો મુકુટ જૂની શૈલીનો ભાતીગળ છે. ગળાનો હાર તથા હાંસડી નોંધપાત્ર છે. ગળાના હારને છેડે નાની નાની ઘૂઘરીઓ છે. બાજુબંધ મકરમુખવાળા છે, જ્યારે કમલદંડની બાજુએ બેઠેલા નાગ અને નાગિણીઓના બાજુબંધ કંઈક જૂની શૈલીના છે. આ આખી યે પ્રતિમા તથા તેમાંની જુદીજુદી આકૃતિઓ સારા કારીગરના હાથે ઘડાએલી છે.


'ચરક'ની
લોકપ્રિય અને સચોટ
શુદ્ધ આયુર્વેદિક ઔષધિઓ
હમેશાં વાપરો
☆
હિંદભરમાં તેમજ દરિયાપાર-
ના દરેક જાણીતા કેમિસ્ટોને
ત્યાં મળે છે. આપના શહેરમાં
ન મેળવી શકો તો તરત જ
અમને લખો :
ચરક ભંડાર • મુંબઈ-૭

ગુજરાતી
લઘુલિપિ
ગુજરાતી સાહિત્યમાં શૉર્ટ હૅન્ડ
પરસૌપ્રથમ બહાર પડેલું પુસ્તક

જે વર્ષોથી મળી શકતું ન હતું. જેના પ્રકા-
શનની આતુરતાપૂર્વક રાહ જોવાની હતી
અને જેને માટે સંખ્યાબંધ આગોતરા
ઑર્ડર નોંધાયા છે તે ઉપયોગી પુસ્તકની
બીજી આવૃત્તિ

છાપાંના રિપોર્ટરો, કોર્ટકચેરીના કાર્યકરો,
પોલીસો, સરકારી નોકરીના ઉમેદવારો
વગેરેને જરૂરી જ્ઞાન આપતું પુસ્તક

કિંમત: કાચું પૂઠું રૂ. ૩; પાકું પૂઠું રૂ. ૩ા
પોસ્ટેજ વગેરે ૦-૧૪-૦ જુદું
કુમાર કાર્યાલય લિ. અમદાવાદ



કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂા. ૧૧ અથવા શિ૰ ૧૭; છૂટક નકલ: બાર આના

કુમારમાંનાં સર્વ લખાણો ચિત્રો ને ફોટો કૉપીરાઈટથી રક્ષિત છે.

અહીં પ્રકટ થતી દરેક વસ્તુ માટે 'કુમાર'માંનું એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.



૩૭૮મા અંકમાં છેલ્લા પાના પર શ્રી નૌતમ વખારિયાએ આપેલી ગણિતગમ્મત છે, તેમાં બે રકમનો સરવાળો અને ગુણાકાર એક આવે તેવી રકમ શોધવી હોય તો કોઇ પણ એક રકમ લેવી અને તેના અંશ કરતાં છેદમાં એક અંક ઓછો લઇ બીજી રકમ બનાવવાથી એ બંનેનો સરવાળો તથા ગુણાકાર એક આવે છે. આ રીત પ્રમાણે ત્રણ ગમ્મતો ફક્ત અંશ અથવા છેદમાં આંકડો વત્તો-ઓછો કરવાથી બનશે, જે નીચે ઉદાહરણોથી આપી છે.

(૧) શ્રી વખારિયાએ દર્શાવેલી :

$$૩\times\frac{૩}{૨}=\frac{૯}{૨};\quad ૩+\frac{૩}{૨}=\frac{૯}{૨}$$

(૨) નવી : બે રકમોનો ગુણાકાર તથા બાદબાકી એક મળે :

$$૩\times\frac{૩}{૪}=\frac{૯}{૪};\quad ૩-\frac{૩}{૪}=\frac{૯}{૪}$$

(૩) બે રકમોનો ભાગાકાર તથા બાદબાકી એક મળે :

$$\frac{(૪)^૨}{૩}\div ૪=\frac{૪}{૩};\quad \frac{(૪)^૨}{૩}-૪=\frac{૧૬}{૩}-૪=\frac{૪}{૩}$$

(૪) બે રકમોનો ભાગાકાર તથા સરવાળો એક મળે એવી રકમો આમ શકય નથી, પણ શૂન્ય પછીના આંક એટલે કે −૧, −૨ વગેરે લેવાથી શકય બને છે.

(દ્વારકા) —પુષ્કર ગોકાણી

જુલાઇ અંકના છેલ્લા પાના પર 'બત્તીના ઘાસતેલમાં મીઠાનો ગાંગડો નાખી રાખજો' વગેરે છે. અગાઉ પણ હતું કે 'પ્રાઈમસમાં મીઠાનો ગાંગડો નાખો તો પિન વારંવાર મારવાની જરૂર નહિ પડે.' આ અંગે બે પ્રશ્નો : (૧) મીઠાનો ગાંગડો કેવી રીતે બને? અને (૨)પ્રાઈમસમાં મીઠું નાખવાનું પ્રમાણ કેટલું? મીઠાથી પ્રાઇમસનું પિત્તળ ખવાઈ ન જાય?

(ભરૂચ) —મ. છ. લોટવાળા

[● મીઠાનો ગાંગડો 'બનાવવાનો' ન હોય. 'વડાગરું' નામનું મીઠું ગાંગડા રૂપે જ આવે છે. તેનો ચણા જેટલો ગાંગડો નાખવો. ભૂલેચૂકે પીસેલું મીઠું ન નાખવું. કેરોસીનમાંની અશુદ્ધિઓ તથા ભેજ રહી ગએલો પાણીનો ભેજ મીઠાથી નીકળી જતો હોઈ આ નુસખો સૂચવાયો છે. મીઠાથી પિત્તળ ખવાતું નથી.]

જુલાઈ અંકમાં શ્રી.નારાયણ મલ્હાર જોષીના લેખમાં કાંઈક ભૂલ જણાય છે. જન્મ ઈ. ૧૮૭૯માં અને બી. એ. ઈ. ૧૮૭૧માં થયા?

ફોટોગ્રાફીનું વ્યવહારુ અને વૈજ્ઞાનિક જ્ઞાન આપતી લેખમાળા આ અંકે પૂરી થઇ છે. તેનું એક પુસ્તક કુમાર ('મૅટ્રિક પછીનું માર્ગદર્શન'-ની જેમ) જો બહાર પાડે તો તે ફોટોગ્રાફીના શોખીનોની ચાહના જરૂર મેળવશે. તેમજ એક સારું આવકારદાયક પગલું ગણાશે.

(મુંબાઈ) —રામદાસ બક્ષી

[આવા બીજા પત્રો પણ મળ્યા છે. સાલમાં ભૂલ છે. બી.એ. થયાની સાલ '૧૯૦૧' જોઇએ. પુસ્તકની યોજના વિચારણા હેઠળ છે.–તંત્રી]

જુલાઈના માધુકરી વિભાગમાં 'ભડલી વાક્યો' વિષેની હકીકત જરા ગેરસમજણવાળી હોઈ નીચેની માહિતી રજૂ કરું છું.

રાજકોટ વૉટસન મ્યૂઝિયમના ક્યુરેટરે શ્રી વલ્લભજી હરિદત્ત આચાર્યે એમ પ્રતિપાદિત કર્યું છે કે ભડલી હુદડ જોશીની દીકરી ન હતી પણ મારવાડના એક સહદેવ નામના જોશીની અટક 'ભડલી' હતી અને તે 'સહદેવ ભડલી' કહેવાતા. હુદડ તેમનું ઉપનામ હતું. વરસાદના વર્તારાની વાત લોકો સમજે એટલા માટે તેમણે પ્રાકૃત ભાષામાં હડુલા નામની કવિતા કરી. એ કવિતા મૂળ મારવાડી ભાષામાં હતી પણ પછી પ્રાંતીય ભાષાઓમાં તેનો પ્રચાર થયો. આ ઉપરાંત 'કુમાર'માં એક ચરણ એમ છે કે

'સ્વાતિ દીવા જો બળે વિશાખા એલે જાય'

એમાં 'વિશાખા એલે જાય'ને બદલે 'વિશાખા ખેલે ગાય' એમ હોવું જોઇએ. 'સ્વાતિ દીવા બળે' એટલે દિવાળીને 'દિવસે સ્વાતિ નક્ષત્ર હોય'; અને 'વિશાખા ખેલે ગાય' એટલે 'ધનતેરસને દિવસે વિશાખા નક્ષત્ર હોય' (ધનતેરસને દિવસે ગામડામાં ગાયો ભડકાવવાનો ચાલ હોય છે). એ બંને યોગ અમંગળ ગણાય છે, જે બીજા ચરણમાં સૂચિત છે. (શ્રી 'મકવાણા સંહિતા' નામના પુસ્તકને આધારે)

(રાજકોટ) —જયંતીલાલ સોમનાથ દવે

ગયા અંકના 'છેલ્લા પાના' પર જે સર્જન ને વિસર્જનનું કટાક્ષચિત્ર છે તેમાં ડાળી કાપનાર જે રીતે તે પર બેઠો છે ને જે રીતે ડાળી પર ઘા પડેલા છે તે રીતે ઘા કરવા માટે કોદાળી જેવા પાનાની કુહાડી હોય તો જ થઈ શકે; જ્યારે તેમાં જે કુહાડો છે તે ચાલુ કુહાડી જેવો જ છે અથવા તેમાં પચાછે તેવા ઘા તેવી કુહાડીથી કરવા માટે બાજુમાં રહીને ઘા કરવા જોઇએ.

(ગઢ) —અમૃતલાલ કા. શાહ

છેલ્લા બેએક અંકથી 'કુમાર'માં આવતી ભાઈ નવનીત સેવકની સપ્તતંત્રની વાર્તાઓએ ખૂબ આકર્ષણ જમાવ્યું છે. તેની શૈલી એવી સરસ છે કે તે જરૂર દરેકને વાંચવી ગમે. આવી શૈલીમાં લખીને ભાઈ સેવકે ગુજરાતી સાહિત્યમાં પણ હજી અનેક પ્રકારની જાતજાતની શૈલીઓને સ્થાન છે એમ પુરવાર કર્યું છે. 'ચર્વિત ચર્વણ' રજૂ કરવાના આ જમાનામાં 'કુમાર' આ અને આવી નવી જ ભાતની કૃતિઓ પ્રકટ કરીને સાહિત્યની સેવા બજાવે છે તે જાણી ખૂબ જ સંતોષ.

(બરવાળા) —લાલભાઈ ઉ. ત્રિવેદી

જુલાઈ અંકમાં શશિન દેસાઈ કૃત 'કાદવના થર'નાં પાત્રો સામાન્ય અને ટૂંકાં છે પણ આજે દેશમાં જે લાંચરુશવતની બદી ચાલે છે તેને માટે ઘણી જ ઉપયોગી છે. તેનો જો જાહેર નાટ્ય પ્રયોગ યોજવામાં આવે તો સામાન્ય રીતે આજે દેશમાં જે લાંચરુશવતની બદી ઘર ઘાલી બેઠી છે તે આપોઆપ હઠી જશે.

બધા અંકોમાં હાલના સમાજને ઉપયોગી આવી વાર્તાઓ આપવામાં આવે તો આમ જનતાને ઘણું જ ઉપયોગી થઈ પડશે.

(ધોડાસર) —મહેશકુમાર જે. શાહ

આપ દર માસે આપણી વિજ્ઞાન સંસ્થાઓની માહિતી આપો છો તે ઘણી જ ઉપયોગી છે; પણ એનો લાભ શિક્ષિત પ્રજા જ લઈ શકે. હાલ પહેલી જરૂરિયાત નાના ઉદ્યોગો કયાં શીખવવામાં આવે છે ને કેટલી રકમનો ખર્ચ થાય તથા કેટલો સમય લાગે તે જાણવાની છે. 'કુમાર'માં અવારનવાર એકાદ હુન્નરઉદ્યોગની છણાવટ કરવાથી પણ વિશેષ માર્ગદર્શન થાય છે. થોડા સમય પહેલાં 'સિલ્ક સ્ક્રીન પ્રોસેસ' પરનો લેખ બહુ સુંદર હતો.

(ગદગ) —વાલજી ધનજી

યુવાન તેમજ આધેડ બંને વયના તો આપનું 'કુમાર' આનંદ અને રસથી વાંચે છે, પરંતુ આપ નાનાં ભૂલકાંને કેમ ભૂલી જાઓ છો? તેમને માટે એકાદ પાનાને આવરી લેતો એવો 'બાળ વિભાગ' ન રાખી શકો? અને હવે 'અથાણું' કેમ પીરસાતું નથી? શું અથાણાની બરણી ફૂટી ગઈ છે કે અથાણું ન આપવું એવો આજે નિર્ણય કર્યો છે. ગમે તેવા સ્વાદિષ્ટ ભોજનની સાથે પણ અથાણું તો જોઇએ જ.

(બિલીમોરા) —મનુભાઈ દેસાઈ

[નથી ફૂટી કે નથી ખૂટી : માત્ર લેખોના વૈવિધ્યની ભીડ એટલી બધી હોય છે કે તેને પીરસવા માટે જગ્યા જ નથી રહેતી. —તંત્રી]



ઊતરતી ભરતી · ચિત્રકાર પ્રમોદરાય પટેલ



સમૃદ્ધ ભારતનું સ્વપ્નચિત્ર : કલાકાર · સોમાલાલ શાહ (કલાકારના સૌજન્યથી) ચિત્રપરિચય માટે જુઓ આ અંકમાં પૃ. ૩૦૭

રાજસ્થાન

· પૃથ્વી ·

સુરુક્ષ મરુ ભોમમાં મહિષ વારુણીમત્ત શી
ધસંત જતી ગ્રીષ્મ–ગાડી કરતી છિંકોટા મહા,
પ્રચંડ રયથી ઊડે ધૂળની આંધી ને કોલસી
દહંત ત્વચ તપ્તધૂલિ તણખા સમી દુસ્સહા.
બધું વિજન; વસ્તીઓ ક્વચિત અંતરોમાં સરે,
અને અરધી વસ્તી ઊંટ અજ મેષ શું જંગમ!
અનંત અરવલ્લી ઊંટ-વણઝાર શો ઊખળે,
અનેક ક્ષતશોભી ભૂમિછવિ સંગ રાણાસમ!

અહો. ભરતખંડની અરધથી વધુ વિક્રમી
તવારીખ અહીં જ! હિન્દુરજપૂતી શા આકરા
શિરે મુગટ દુર્ગને અનત ધારતા ડુંગરા!
ન યુદ્ધ વિણ દુશ્મને અહીં લહી તસુ યે જમીં!
દવાગ્નિ કણ શાં અકેક નરનારી શત્રુવને,
પરંતુ સુભટો જ સર્વ, લહું કો ન સમ્રાટને!

ઉશનસ્

મુઘલાઈ

· પૃથ્વી ·

ઝીણેરી ઈદચાંદ જેવી ઊગી ગાદીઓ આથમી
મહા ગગન શા અહીં ભરતખંડમાં ચૌદ–ની,
અને પૂનમપ્રૌઢ જેવી પછી મોગલાઈ ક્રમી,
હિમાલયથી દક્ષિણાબ્ધિ લગી ઊછળી ચાંદની.
અને સુરત હિંદ કેરી પલટાઈ, જાણે થઈ
ભૂમિઅરબીરાત્રિઓની દિલચશ્પ કહાણી તણી,
ઊગ્યા ગગનચાંદ ટેકવત કાળની તર્જની
સમા કલીમિનાર, ફૂલઘૂમટો ફૂટ્યા રે કંઈ!

થયો ભરતખંડ પ્હાણકલીફૂલવાડી સમો,
વિમર્શી રહું પેઢીઓ મુઘલ બાગબાનો તણીઃ
અકબ્બર, સલીમ, શાહ મુમતાઝઇશ્કે વણી;
પ્રચંડ પ્રણયી જયી શું રઘુવંશ પાછો ફર્યો!
રચ્યા મહલ, બાગ, સ્નાનગૃહ, ઉત્સના સીકર,
ઉભેઃ રસિકતા, વીરશ્રી, અસિ, ઇશ્ક ને અત્તર.

ઉશનસ્

ગુજરાત યુવક-કૉન્ગ્રેસયોજિત પ્રવાસમાંથી પ્રગટેલા 'ભારતદર્શન' નામના ૧૭ સૉનેટના ગુચ્છમાંનાં બે.

ઉચ્ચતા

· મિશ્ર ·

ખાડામહીં પાણી ભરાઈ જાય,
સપાટ ભૂમિ પણ પાણી લે ગ્રહી;
ના કિન્તુ શૃંગે જલ રહે કદી, ત્યહીં
પડે વહેલું
તો યે ઢળે તુર્ત નીચે સદાય.
ટકે પ્રશંસા-જલ જ્યાં નહીં કદી,
હું ઉચ્ચતા પામતી એટલી યદિ!

ગીતા પરીખ

શ્રાવણ

· ગાન ·

શ્રાવણની ઘન છાંય આવે જાય
કાલિન્દી–કુલ–વને,
કોઇ ગોવાળની મોરલી રે વાય
નહિ દૂર, નહિ કને...
ઝરમર લય ઝીલતાં મધુર,
પ્રાણ ઝૂરે મુજ એકલ વિધુર!
આમ તો છૂટેદોર ને તો ય તે
બાંધતું રે કોઈ મને...
મોર કળાયલ ટહુકે 'મેહ'લ આવ',
(એ તો) મરકત રૂપ લેઈ બોલે મુજ
ઉરનો અધીર ભાવ.
રંગમેળામહિં અવની ગગન,
એવું રમે મુજ નેણમાં સ્વપન,
અગન-જલને ઝીલતી જાઉં રે
કાળની સરતી ક્ષણે...

રાજેન્દ્ર શાહ

પાથેય

· મિશ્ર ·

વિવાહ પ્હેલાં મળતાં ન ઘાયલ
બન્યાં અમે નેનનબાણ તીક્ષ્ણથી;
ન જાગૃતિમાં કદી સ્વપ્ન જોયાં,
ખોઈ ન નિદ્રા બની પ્રેમપાગલ!

મ્હેફિલમાં, પર્યટને જઈ વા
ના તાગ લીધો કદી એકમેકનો,
હા–ના–ઝૂલે ઝૂલી અનેક માસ
ના લગ્નનો નિર્ણય આખરી કીધો!

અમે મળ્યાં; વાત કીધી ક્ષણેક
લજ્જા અને મૌનની ગૂઢ બાનીમાં;
ને નેક હૈયે પ્રભુને સ્મરીને
વિશ્વાસથી હસ્ત ગ્રહ્યા પરસ્પર.

ઝગી ઉરે મંગલ એ ઘડીના
સંસ્કાર પ્રેરે અમને ભવાબ્ધિમાં!

જશવંત લ. દેસાઈ

લેખક • અશોક હર્ષ

આપણું સ્વાતંત્ર્ય આપણે કેમ ખોયું અને તે ફરી પ્રાપ્ત કર્યું તે પહેલાં અંગ્રેજોએ અહીં સત્તાની કેવી જડબેસલાખ જમાવટ કરી હતી તે

યુરોપમાં મધ્યયુગમાં જે ચાંચિયાગીરી ચાલતી હતી એ સાહસ ધીમેધીમે વાણિજ્યવિસ્તારના માર્ગે વળ્યું અને ત્યાંની જુદીજુદી પ્રજાઓએ આ દેશમાં પ્રથમ વ્યાપાર અર્થે આવવાનાં પગરણ માંડયાં. પાછળથી જેમજેમ પગપેસારો વધતો ગયો તેમતેમ તેમણે રાજકીય સત્તા હાથ કરવાના યત્નો આદર્યા, જેમાં ડચ પોર્ચુગીઝ અને ફ્રેન્ચને પરાસ્ત કરી અંગ્રેજ પ્રજા છેવટે સફળ થઇ અને આ ઉપખંડ પર તેનું સામ્રાજ્ય સ્થપાયું. રાજકીય સત્તા માટેની આ પડાપડીમાં પોર્ચુગીઝો અંગ્રેજોથી પણ પહેલા હતા, પરંતુ એમના કાફલાને અંગ્રેજોએ સુરત મુકામે જે સખ્ત શિકસ્ત આપી તે પછી એમનું મહત્વ ઓસરતું ગયું. આ શિકસ્ત પછી જ ઈંગ્લંડની ઇસ્ટ ઇંડિયા કંપનીને દિલ્હીના શહેનશાહ તરફથી પહેલવહેલું ફરમાન મળ્યું, અને ઇ. સ. ૧૬૧૩માં સુરત મુકામે અંગ્રેજોની કાયમની કોઠી નંખાઈ.

એ પછી અંગ્રેજ પેશકદમીનું બીજું પગલું હતું ઇ. ૧૬૪૨માં મદ્રાસમાં ફૉર્ટ સેન્ટ જ્યૉર્જ મુકામે થાણું નાખવાનું. આ રીતે હિંદના પશ્ચિમ કાંઠાને બદલે પૂર્વે કાંઠો તેમના વેપારનું કેન્દ્ર બન્યો અને પટણા, હુગલી તથા કાસિમબજાર મુકામે કોઠીઓ નંખાઇ. ઇ. સ. ૧૬૬૧માં પોર્ચુગીઝ રાજકુંવરી કૅથેરીનનાં લગ્ન ઇંગ્લંડના રાજા સાથે થતાં પોર્ચુગીઝ કબજા નીચેનો મુંબઈ ટાપુ તેને દાયજામાં આપવામાં આવ્યો. મુંબઈ હાથમાં આવ્યા પછી અંગ્રેજોની ભૂમિભૂખ વધી. એમણે હવે હિંદના દરિયામાં ચાંચિયાગીરી શરૂ કરી અને ચટગાંવ પર હલ્લો કરવાનો પણ પ્રયત્ન કર્યો. પરંતુ એ હલ્લો નિષ્ફળ બનાવવામાં આવ્યો, એટલું જ નહિ પણ મુઘલ શહેનશાહે સામો મુંબઇને ઘેરો ઘાલ્યો અને હુગલીમાંથી અંગ્રેજોને સમૂળગા હાંકી કાઢયા. આ રીતે હિંદમાં હમેશને માટે બ્રિટિશ પ્રભુત્વનો પાયો નાખવાનું ('the foundation of a large, well-grounded, sure English dominion in India for all time to come') ઈસ્ટ ઇંડિયા કંપનીના ડિરેક્ટરોના બોર્ડના પ્રમુખ સર જોશિયા ચાઇલ્ડનું સ્વપ્ન અસફળ જ રહ્યું. અંગ્રેજોને નાલેશીભરી સંધિ સાથે પોતાનો પગદંડો પાછો મદ્રાસમાં સંકોચી લેવો પડયો.

પરંતુ મુઘલ શહેનશાહના પાયા આંતરિક નબળાઇને કારણે હચમચી ઊઠયા હતા એનો લાભ લેવાનું અંગ્રેજ જેવી ચકોર પ્રજા કેમ ચૂકે? એમના ઉપર્યુક્ત સાહસ પછી બંગાળમાંથી એમનો પગદંડો ઊખડી જઇને ત્યાંના વેપારનો ઈજારો ડચ લોકોના હાથમાં જઈ પડેલો. પણ ઈસ્ટ ઇંડિયા કંપની હવે ફરી પાછો પગપેસારો શોધવા માંડી ને ઈ.૧૬૯૦માં બંગાળના મુઘલ સૂબેદારની અનુજ્ઞાથી જૉબ ચાર્નોક ત્યાં પહોંચીને ત્રણ ગામડાં ખરીદી લીધાં, જે પર પાછળથી કલકત્તા શહેર બંધાયું. તે પછી ઇ. ૧૭૧૭માં જૉન સર્માન દિલ્હી પહોંચીને વાર્ષિક મામૂલી રકમના બદલામાં બંગાળ, દક્ષિણ અને પશ્ચિમ હિંદમાં જકાતમુક્ત વેપારની છૂટ મેળવી આવ્યો. આથી કંપનીના વાણિજ્ય વિસ્તારનો માર્ગ ખુલ્લો થયો અને સાથોસાથ સામ્રાજ્ય વિસ્તારનો પણ.

બીજી બાજુ દક્ષિણ હિંદમાં અંગ્રેજો સામે ફ્રેન્ચો વધુ બળવાન નીવડતા જતા હતા. આથી એમની પ્રવૃત્તિનું મુખ્ય કેન્દ્ર હવે મદ્રાસને બદલે બંગાળ જ રહ્યું. ઇ. સ. ૧૭૩૯માં નાદિરશાહે દિલ્હીની લૂંટ ચલાવી અને પશ્ચિમ હિંદમા મરાઠાઓ જોર પર આવતાં મુઘલ શહેનશાહતના કાંગરા ખરવા માંડયા. પરિણામે, શહેનશાહની નામમાત્રની આણ માનતા જુદાજુદા પ્રદેશોના નવાબો એક પછી એક સ્વતંત્ર થવા માંડયા. બંગાળનો નવાબ પણ આમાંનો એક હતો. અંગ્રેજોએ આ રાજશતરંજમાં હવે ઝંપલાવ્યું અને સિરાજુદ્દૌલાની કાકી ઘસીટીબેગમ તથા તેના કારભારી રાજવલ્લભ સાથે ષડયંત્રો રચવા માંડયાં. સિરાજ આ વિદેશીઓનાં કાવતરાંથી વાકેફ હતો, એટલે ૧૭૫૬ના એપ્રિલમાં ગાદીનશીન થતાં જ એણે પ્રથમ લક્ષ એમની તાકાત તોડવા તરફ વાળ્યું. એણે અંગ્રેજો પાસેથી કાસિમબજાર ને કલકત્તા લઇ લીધાં. કંપનીએ તે ફરી હાથ કરવા મદ્રાસથી રૉબર્ટ ક્લાઈવને બંગાળ મોકલ્યો. એણે મીર જાફર, જગતશેઠ અમીચંદ, રાય દુર્લભ વગેરે સિરાજવિરોધી દેશદ્રોહીઓનો સાથ મેળવીને નવાબને પલાશી મુકામે હરાવ્યો (૨૩મી જૂન, ૧૭૫૭). આ લડાઈ બાદ નવાબ સિરાજુદ્દૌલાનો કરુણ અંત આવ્યો અને ક્લાઈવની મદદથી મીર જાફર બંગાળની ગાદીએ આવ્યો.

પણ ક્લાઇવે મીર જાફરને ઈસ્ટ ઇંડિયા કંપનીનું એક પૂતળું જ બનાવી દેતાં મીર જાફરે હવે ડચોની મદદ માગી. પરંતુ એની આ પેરવી ખુલ્લી પડી જતાં અંગ્રેજોએ એને ગાદી પરથી ઉઠાડી મૂકી એના જમાઈ મીર કાસિમને ગાદી ઉપર બેસાડયો. મીર કાસિમે પણ એમની સામે માથું ઊંચકતાં એને બદલે ફરી પાછો મીર જાફરને ગાદી પર લાવવામાં આવ્યો, અને મર્યાદિત લશ્કર તથા દરબારમાં કાયમના અંગ્રેજ રેસિડેન્ટના ખીલા સાથે મીર જાફર હવે નવાબને બદલે અંગ્રેજોનો કેવળ શરાફ જ બની રહ્યો. દરમિયાન ક્લાઇવે વાર્ષિક રૂ. ૨૬ લાખના બદલામાં મુઘલ શહેનશાહ શાહઆલમ પાસેથી બંગાળ તથા અયોધ્યામાં દીવાનીની સનદ મેળવી. હિંદમાં કંપનીએ આ રીતે ચલાવવા માંડેલી લૂંટ સામે ઇંગ્લંડની પાર્લામેન્ટે સુદ્ધાં આંખમીચામણાં ચાલુ રાખ્યાં.

આમ, કંપની માટે બંગાળના શોષણનો માર્ગ ખુલ્લો કરીને ક્લાઈવ ઈ. ૧૭૬૭માં ઇંગ્લંડ ગયો. ઈ. ૧૭૭૦માં બંગાળમાં ભયંકર દુકાળ પડયો અને છેલ્લો ઈ. ૧૯૪૩નો દુકાળ જેમ સંઘરાખોરીએ અનેકગણો ભયંકર બનાવી દીધેલો તેમ એ દુકાળને પણ કંપનીની સંઘરાખોરીએ અનેકગણો ભયંકર બનાવી દીધો. કંપનીના નોકરોએ એ વખતે હિંદી પ્રજાની એવી તો બેફામ લૂંટ ચલાવવા માંડી કે બ્રિટિશ પાર્લામેન્ટને હવે કંપનીના કાબૂ નીચેના પ્રદેશની જવાબદારી સીધી પોતાના હાથમાં લેવાનું યોગ્ય લાગ્યું અને વૉરન હેસ્ટિંગ્સની બંગાળના ગવર્નર તરીકે (૧૭૭૨-૭૪) નિમણૂક કરવામાં આવી. લૉર્ડ નૉર્થના ઇ. ૧૭૭૩ના 'રેગ્યુલેટિંગ ઍક્ટ' નીચે તેને પાછળથી બંગાળ, મદ્રાસ ને મુંબઈ ઈલાકાઓનો ગવનર-જનરલ બનાવવામાં આવ્યો અને ચાર જણની એક કાઉન્સિલ સાથે એ ગવર્નર-જનરલને કેટલીક વધુ સત્તા પણ આપવામાં આવી.

હિંદીઓને હિંદીઓ સામે લડાવીને અંગ્રેજોનો પગપેસારો આગળ વધારવાની ક્લાઇવની રાજનીતિનું હેસ્ટિંગ્સે બરાબર અનુકરણ કર્યું. એણે ''ઇન્ડિયન સિવિલ સર્વિસ'નો પાયો નાખ્યો, બનારસના ચૈતસિંહ અને અયોધ્યાની બેગમોને લૂંટી તરકટી ઈજારાઓ આપ્યા, જબરી લાંચો લીધી, બંગાળના જાગીરદાર મહારાજા નંદકુમારને ખોટા બહાના નીચે ફાંસીએ ચડાવ્યા અને રોહિલાઓ સાથે યુદ્ધ જગાડયું. એનાં આવાં કેટલાંક કુકર્મો સામે ઊહાપોહ વધી જતાં પાર્લામેન્ટની ઉમરાવસભામાં એની સામે મુકદ્દમો ચલાવવામાં આવ્યો, જે સાત કરતાં વધુ વર્ષ ચાલ્યા બાદ ઉમરાવસભાએ તેને નિર્દોષ ઠરાવી છોડી મૂક્યો! અંગ્રેજ ઉમરાવો હિંદમાં બ્રિટિશ સામ્રાજ્યના પાયા મજબૂત બનાવનાર પ્રત્યે કૃતઘ્ન બની શકે તેમ નહોતું!

હિંદમાં બ્રિટિશ સામ્રાજ્યની સ્થાપના

આલેખતી આપણી સ્વાતંત્ર્ય-પ્રાપ્તિની એ પૂર્વપીઠિકાની છેલ્લા બે સૈકાની સિલસિલાબંધ કથા

ગવર્નર-જનરલના હાથ કાઉન્સિલના અંકુશના કારણે અમુક હદે બંધાએલા રહેતા, એટલે એને વધુ છૂટ આપવા ઇ. સ. ૧૭૮૪ના પિટના 'ઇન્ડિયા ઍક્ટ' દ્વારા એક 'બોર્ડ આવ કૅન્ટ્રોલ' રચવામાં આવ્યું, જેની ૧૭૯૩માં પુનર્રચના કરવામાં આવી. કંપની તેના અધિકારીઓ નીમી શકે, પણ બોર્ડ ધારે તો તેમને પાછા બોલાવી શકે. આ અરસામાં જ ફ્રાન્સમાં રાજ્યક્રાન્તિ થઈ અને અમેરિકાનાં સંસ્થાનો સ્વતંત્ર થયાં. એ રીતે પશ્ચિમમાં ગુમાવેલા મુલકના બદલામાં પૂર્વમાં નવો મુલક હાથ કરવાને અંગ્રેજ સામ્રાજ્યલોભીઓની દાઢ સળવળી. પિટના કાયદા નીચે ગવર્નર-જનરલ તરીકે નિમાઈને આવેલા લૉર્ડ કૉર્નવૉલિસે (૧૭૮૬-૧૭૯૩) હૈદરાબાદના નિઝામ તથા મરાઠાઓ સાથે મેળ રાખી, દક્ષિણમાંથી અંગ્રેજોને હાંકી કાઢવા ઉદ્યુક્ત થએલા મ્હૈસુરના ટીપુ સુલતાનને જમીનદોસ્ત કરવા જંગ આદર્યો. તે પછી ઈ. સ. ૧૭૯૮માં ગવર્નર-જનરલ તરીકે આવેલા લૉર્ડ વેલેસ્લીની ફૂટ નીતિના પરિણામે તો હિંદમાંનું બ્રિટિશ રાજ્ય 'બ્રિટિશોનું હિંદી સામ્રાજ્ય' બની ગયું. એણે ઇ. સ. ૧૭૯૯માં ટીપુ સુલતાનનો અંત આણીને જૂના રાજવંશના એક વંશજને ગાદીએ બેસાડી તેની પાસેથી આર્કટ અને તાંજોરનો પ્રદેશ 'સમજૂતીપૂર્વક' લઇ લીધો; કર્ણાટકનો નવાબી મુલ્ક બળ અને કળ બંનેનો ઉપયોગ કરી હાથ કર્યો; જ્યારે અયોધ્યાના નવાબ પાસેથી પણ કેટલોક મુલ્ક પડાવ્યો જે આગળ જતાં આગ્રા પ્રાંતમાં સમાવી લેવામાં આવ્યો. આ દરમ્યાન ફ્રેન્ચો સાથે મળીને સ્વતંત્ર થવા માગતા હૈદરાબાદના નિઝામનું જોર તેણે નરમ પાડીને બ્રિટિશોનો વફાદાર મિત્ર બનાવ્યો. હવે બ્રિટિશોના મોટામાં મોટા દુશ્મન કોઈ બાકી રહ્યા હોય તો તે મરાઠા હતા, પણ એમના અંદરોઅંદરના વિખવાદો જ એમની સત્તાને નબળી પાડતા હતા. ઈ. ૧૮૦૨માં પેશવા પાસે અને ૧૮૦૩માં સિંધિયા તથા ભોંસલે પાસે વેલેસ્લીએ પોતાની શરતો સ્વીકારાવી અને હોળકરને ૧૮૦૪માં સખ્ત પરાજય આપ્યો. પરંતુ ૧૮૦૫માં ભરતપુરનો ઘેરો નિષ્ફળ ગયો, ને બીજી બાજુ કંપનીના ડિરેક્ટરોએ પણ હવે નવી નીતિ અપનાવી વેલેસ્લીને પાછો બોલાવવાની અનુમતિ તાજ પાસેથી લીધી. પેલી તરફ યુરોપ અને ઉત્તર આફ્રિકામાં જ્યારે નેપોલિયન બોનાપાર્ટ પોતાનું ફ્રેન્ચ સામ્રાજ્ય વિસ્તારી રહ્યો હતો એ જ વખતે વેલેસ્લી હિંદમાં બ્રિટિશ સામ્રાજ્યનો વિસ્તાર સાધી રહ્યો હતો, એટલું જ નહિ પરંતુ ૧૮૦૧માં તો ઈજીપ્તમાં ફ્રેન્ચો સામે લડવા તેણે હિંદી સૈન્ય પણ મોકલેલું.

વેલેસ્લી પછી આવેલા સર જ્યૉર્જ બાર્લોએ મરાઠા રાજ્યોને રજપૂત રાજ્યો સાથે લડવામાં ઉત્તેજન આપ્યું, જ્યારે એના પછીના લૉર્ડ મિન્ટોએ પંજાબમાં બળવત્તર બનેલા શીખ રાજા રણજિતસિંહ સાથે સંધિ કરી તેની પાસે સતલજ સુધી બ્રિટિશ પ્રદેશની હદ સ્વીકારાવી. મિન્ટોના સમયમાં કંપનીના હિંદ સાથેના વેપારના ઈજારાનો તો અંત લાવવામાં આવ્યો, પણ હિંદી પ્રદેશો પરની એની વહીવટી સત્તા બીજાં ૨૦ વર્ષ માટે માન્ય રાખવામાં આવી. ખ્રિસ્તી મિશનરીઓને હિંદમાં બોલાવી હિંદના પૈસે એમને નભાવવાનું તથા વટાળ પ્રવૃત્તિ કરવાનું કાર્ય પણ એના જ સમયથી શરૂ થયું.

હવે હિંદની વાયવ્યે નવોદિત થએલી શીખ સત્તા સિવાય લગભગ તમામ દેશી રાજ્યોનું બળ તૂટી ગયું હતું. જસવંતરાય હોળકરના મૃત્યુ પછી મરાઠા સત્તા પણ નિસ્તેજ બની ગઈ હતી. આ ઢીલાશનો લાભ લઇ પીંઢારાઓ અને પઠાણોનાં ટોળાં હિંદુસ્તાનમાં ફરી વળવા માંડેલાં. ઈ. ૧૮૧૦માં ફ્રેન્ચો અને રશિયનો વચ્ચે ઘર્ષણ જાગ્યું એટલે હિંદ પર ફ્રેન્ચ તથા રશિયનોના સંયુક્ત આક્રમણનો જે ભય હતો તે પણ નામશેષ થઈ ગયો. મિન્ટો પછીના લૉર્ડ હેસ્ટિંગ્સે નેપાળના રાણા સાથે મૈત્રીકરાર કર્યા, જ્યારે એના અનુગામી લૉર્ડ આમ્હર્સ્ટે બ્રહ્મદેશ સાથે યુદ્ધ આદરી આસામ ઉપરાંત આરાકાન અને તેનાસરીમ પણ લઈ લીધાં. લૉર્ડ ઍલનબરોએ ઇ. સ. ૧૮૩૯માં સર ચાર્લ્સ નેપિયરને ગમે તે રીતે પણ સિંધનો કબજો લેવા મોકલી આપ્યો અને 'સિંધના સેતાન' તરીકે જાણીતા એ જાલિમ સેનાનીની ખૂનરેજીના પરિણામે સિંધ પણ ૧૮૪૩માં બ્રિટિશ સામ્રાજ્યનું અંગ બની ગયું.

શીખ મહારાજા રણજિતસિંહના મૃત્યુ પછી તેનો માત્ર છ વર્ષનો પુત્ર દુલીપસિંહ તેની ગાદીએ આવતાં બ્રિટિશ કાવતરાખોરી હવે પંજાબમાં શરૂ થઈ અને લૉર્ડ હાર્ડિંજ તથા તેના અનુગામી લૉર્ડ ડેલહાઉસીએ અનેક લડાઈઓ પછી એ શીખ મુલ્ક પણ ઈ. ૧૮૪૯ના માર્ચની ૩૦મીએ બ્રિટિશ સામ્રાજ્યમાં સમાવી દીધો.

એ લૉર્ડ ડેલહાઉસીના અમલ સુધીમાં બ્રિટિશોનો પ્રાદેશિક જ નહિ પણ સાંસ્કૃતિક વિજય પણ હિંદ પર સ્થપાઈ ચૂકેલો. લૉર્ડ મૅકૉલેએ અંગ્રેજી ભાષામાં હિંદીઓને શિક્ષણ આપવાની કરેલી હિમાયતના અમલ પછી ભણેલાઓમાં 'બ્રિટિશ ઈઝ બેસ્ટ' એ ભાવ રૂઢ થવા માંડ્યો હતો. બ્રિટિશ ધંધાઉદ્યોગોની હરીફાઈ કરી શકે તેવા આ દેશના તમામ ધંધાઉદ્યોગોનો કુનેહપૂર્વક નાશ કરી દેવામાં આવ્યો હતો અને એને માત્ર ખેતી પર જ નિર્ભર બનાવી દેવામાં આવ્યો હતો.

હવે રહ્યાંસહ્યાં દેશી રાજ્યોને પણ ડેલહાઉસીએ એક પછી એક ખાલસા કરવા માંડતાં, અને બીજી બાજુ હિંદી પ્રજાનું શોષણ બેશરમ અને બેફામપણે આગળ વધતું જતાં, હિંદી પ્રજાનો પુણ્યપ્રકોપ વિદેશી બ્રિટિશ સત્તા સામે સળગી ઊઠ્યો, અને તે એની સામે સશસ્ત્ર સંગ્રામમાં ઊતરી. ૧૮૫૭ના એ સ્વાતંત્ર્યસંગ્રામની (અંગ્રેજોએ જેને વધુ મહત્ત્વ ન મળે માટે 'સિપાઇઓના બળવા' તરીકે ઓળખાવેલ છે તેની) પહેલી ચિનગારી પ્રકટી તો બરાકપોર મુકામે, પરંતુ સંગ્રામના અર્થમાં સંગ્રામની શરૂઆત થઈ એ વર્ષના મેની ૧૦મીએ. એ દિવસે મેરઠથી હિંદી સૈન્યે કૂચ આદરીને દિલ્હી જીતી લીધું અને નામના મુઘલ શહેનશાહ બહાદુરશાહ ઝફરને હિંદનો શહેનશાહ જાહેર કર્યો. બીજી બાજુ પેશવા બાજીરાવ બીજાના દત્તક પુત્ર નાનાસાહેબે કાનપુર જીતી લીધું. મધ્ય હિંદ ને બુંદેલખંડમાં નાનાસાહેબના સેનાપતિ તાત્યા ટોપે અને ઝાંસીની રાણી લક્ષ્મીબાઇએ અંગ્રેજો સામે જંગ મચાવ્યો. રાણી યુદ્ધક્ષેત્ર પર જ વીરગતિને પામી, જ્યારે તાત્યા ટોપેને પકડીને ફાંસીએ ચડાવવામાં આવ્યો. નાનાસાહેબને નાસીપાસ બનીને નેપાળનાં જંગલોનો આશ્રય લેવો પડ્યો, જ્યારે બહાદુરશાહ ઝફરે બળવામાં કશો ભાગ ન લીધો હોવા છતાં તેને સકુટુંબ ગિરફતાર કરવામાં આવ્યો. એનો પોતાનો જીવ તો બચાવવામાં આવ્યો પણ એના બાકીના કુટુંબની કત્લ કરવામાં આવી. એ જ રીતે નાનાસાહેબની પુત્રી મેનાકુમારીને પણ જીવતી જ સળગાવી દેવામાં આવેલી. એક માત્ર બિહારમાં આરાના રાજા કુંવરસિંહે મૃત્યુ લગી અંગ્રેજો સામેનો જંગ ચાલુ રાખ્યો.

આમ, પલાશીના યુદ્ધ પછી બરાબર સો વરસે (અનુ. પૃ. ૩૩૦મે)

ભારત-ભાગ્યના ઘડવૈયાઓમાં, પોતાની અનેકવિધ સુપ્રભ સંસિદ્ધિઓ દ્વારા દેશનાં વિલુપ્ત થએલાં ગૌરવ અને અસ્મિતાને ફરી પ્રગટાવનાર તથા તેમાં વૃદ્ધિ કરનાર જે ગણીગાંઠી વ્યક્તિઓનાં નામ ભારતના ઘડતર-ઇતિહાસમાં અંકાએલાં છે, તેમાં શ્રી કાશીનાથ ત્ર્યંબક તેલંગનું નામ અગ્રગણ્ય છે. ઈ. ૧૮૫૦ થી ૧૮૯૩ સુધીના માત્ર ૪૩ વર્ષના ટૂંકા ગાળામાં જ તેમણે જે ઉચ્ચ સ્થાન, પ્રતિષ્ઠા, સંમાન અને લોકપ્રિયતા પ્રાપ્ત કર્યાં તે તેમની ઉત્કટ સ્વદેશપ્રીતિ અને તેમના આદર્શ ઉચ્ચ જીવનનું વાસ્તવિક પ્રતિબિંબ પાડી રહે છે. ઘણાને ખબર નહિ હોય કે ગોવર્ધનરામે સરસ્વતીચન્દ્રના પાત્રનો આદર્શ (model) શ્રી તેલંગ ઉપરથી લીધો હતો.

તેમની સર્વતોમુખી જીવનકારકિર્દીમાં ઊડતું ડોકિયું કરીએ તો તેઓ પ્રથમ નજરે જ શ્રેષ્ઠ પંક્તિના વિદ્વાન, ઉચ્ચ કક્ષાના ન્યાયાધીશ, મુંબાઈ યુનિવર્સિટીના પ્રથમ હિંદી વાઈસ-ચાન્સેલર, રૉયલ એશિયાટિક સોસાએટી (મુંબાઈની શાખા)ના પ્રમુખ, અગ્રગણ્ય નાગરિક, મુંબાઈ મ્યુનિસિપાલિટીના આગેવાન સભ્ય, અગ્રણી સમાજસુધારક, રાજકારણમાં સ્વતંત્ર અને ઊંડા દેશપ્રેમની લાગણીથી પ્રેરિત માર્ગદર્શક અને સક્રિય કાર્યકર્તા, સંસ્કૃતના પ્રખર પંડિત, ઉત્તમ વ્યાખ્યાતા અને મુંબાઈના તે સમયના નાગરિક જીવનની સર્વ દિશાઓમાં અગ્રેસર એવા ન્યાયમૂર્તિ આપણને માલૂમ પડે છે. તો યે સામાન્ય જનસમુદાયમાં તેમનું નામ જોઇએ એવું પ્રચલિત નથી; તેનું કારણ એ જ કે રાષ્ટ્રનું બાહ્ય કલેવર બદલી નાખવા કેડ બાંધીને મેદાને પડવા કરતાં પરદા પાછળ રહી રાષ્ટ્રનું આંતરિક કલેવર ઘડવાનું તેમણે વધુ પસંદ કર્યું હતું.

તેમનો જન્મ આજથી બરાબર ૧૦૫ વર્ષ પહેલાં ઈ. ૧૮૫૦ની ૩૦મી ઑગસ્ટે, જન્માષ્ટમીને દિવસે બહુ સામાન્ય સ્થિતિના કહી શકાય એવા કુટુંબમાં થએલો. નાનપણથી જ તેઓ અભ્યાસમાં એટલા તો નિપુણ અને તેજસ્વી હતા કે ૧૪મે વર્ષે તો કૉલેજમાં દાખલ થયા અને ઈ. ૧૮૬૯માં ૧૯મે વર્ષે અંગ્રેજી તથા સંસ્કૃત લઈ એમ. એ. ની પદવી મેળવી. વીસમે વર્ષે તેઓ એલએલ. બી. થયા, અને ઈ. ૧૮૭૨માં તો વકીલાતની પરીક્ષા આપીને તેમણે હાઈ કોર્ટની ઑરિજિનલ સાઈડમાં વકીલાતનું કામ શરૂ કર્યું. બાવીસ વર્ષની કાચી ઉંમરે તેઓ આટલી ઊંચી કારકિર્દી મેળવી શક્યા તેનું કારણ તેમનું તેજસ્વી વિદ્યાર્થીજીવન ગણાવી શકાય. વિદ્યાર્થીજીવનમાં તેઓ એક પળ પણ નકામી જવા ન દેતા. અભ્યાસ-ક્રમનાં પુસ્તકો માંહેની માહિતી તો તેમની જીભને ટેરવે રહેતી એટલું જ નહિ, પરંતુ સાથોસાથ ઈતર વાચન પણ ત્યારે તેમણે બહુ જ બહોળું કરેલું. આમ, પોતાના જીવનનો બહારના જગત સાથેનો સંબંધ તેમણે એ કાળે પણ લગીરે ખંડિત થવા દીધેલો નહિ.

વકીલાતની કારકિર્દી દરમ્યાન 'હિન્દુ લૉ'નો એમણે અત્યંત ખંત, ઉદ્યોગ અને ઊંડી સંશોધનવૃત્તિથી તથા કુશાગ્ર બુદ્ધિથી અભ્યાસ શરૂ કર્યો હતો. તેને પરિણામે 'હિંદુ લૉ'માં તેઓ નિષ્ણાત ગણાતા હતા. પરંતુ એમની અભ્યાસવૃત્તિ, પ્રકૃતિ, વિદ્યાવ્યાસંગ અને અથાગ ઉદ્યોગને અનુકૂળ જીવન તો પ્રોફેસરનું હતું. તેથી ઈ. ૧૮૮૧માં તે લૉ કૉલેજના પ્રોફેસર નિમાયા, અને આઠ વર્ષ પછી તો હાઈ કોર્ટના ન્યાયાધીશ નિમાયા. વકીલાતના ધંધામાં અને લૉ કૉલેજના પ્રોફેસર તરીકે તેમણે મેળવેલી સફળતા કરતાં પણ ઘણી વિશેષ સફળતા એમણે હાઇકોર્ટના ન્યાયાધીશ તરીકે મેળવી. શાન્ત અને ધીરગંભીર પ્રકૃતિ, કાયદાનો ઊંડો અને મર્મગ્રાહી અભ્યાસ, અત્યંત નિષ્પક્ષ દૃષ્ટિ, કુશાગ્ર બુદ્ધિ, વિવેકી અને સદ્‌ગૃહસ્થનું વર્તન તેમજ દૃઢતા અને મુખ્ય મુદ્દા સમજી જવાની અસાધારણ નિપુણતાને લીધે હાઈ કોર્ટમાં ન્યાયાધીશ તરીકે એમના જેટલી પ્રતિષ્ઠા અને સંમાન ભાગ્યે જ કોઈ બીજા ન્યાયાધીશે પ્રાપ્ત કર્યાં હશે. એમના ચુકાદા ઘણાં વર્ષો સુધી—બલ્કે હજી આજ પણ કાયદાના અનેક વિકટ અને ગૂંચવણભરેલા પ્રશ્નોના નિરાકરણ માટે દેશભરની અદાલતો તથા હાઈ કોર્ટોમાં પ્રમાણભૂત ચુકાદા તરીકે રજૂ થાય છે. અંગ્રેજી ભાષા પરના એમના અસાધારણ પ્રભુત્વનાં પ્રમાણ પણ એ ચુકાદાઓમાં જોવા મળે છે. એમને માટે કહેવાતું કે ન્યાયમૂર્તિ તેલંગ ન્યાયાધીશપદે હતા ત્યારે હિંદુ લૉના કોઈ પણ મુદ્દાના ગૂંચવણભરેલા પ્રશ્ન માટે કોઈ પણ કાયદા-ગ્રંથની કે આ દેશના યા વિદેશી ન્યાયાધીશ યા કાયદાનિષ્ણાતના અભિપ્રાય કે નિર્ણયની, અગર પ્રાચીન ધર્મશાસ્ત્રોનાં વચનોની મદદની જરૂર રહેતી જ નહિ. તેલંગનો અભિપ્રાય એ સર્વથી વિશેષ પ્રમાણભૂત ગણાતો.

હાઈ કોર્ટમાં તેઓ ન્યાયાધીશ હતા ત્યારે સર ફિરોજશાહ મહેતા અને બદરુદ્દીન તૈયબજી વિલાયતમાં બૅરિસ્ટરીની પરીક્ષા આપી હાઈકોર્ટમાં તાજા જ દાખલ થયા હતા. એમની સાથે ત્યારે બંધાએલો તેલંગનો સ્નેહસંબંધ છેવટ સુધી અખંડ રહ્યો, અને ત્રણ વિવિધ કોમના એ ત્રણે તેજસ્વી પુરુષોએ સાથે મળી હિંદુ, મુસલમાન અને પારસી એ ત્રણે કોમોનું સંગઠન સાધી એકતા સ્થાપવાના પ્રયાસો આદર્યા.

ત્યારે જાહેર ક્ષેત્રમાં પંડિત વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકર, ડૉ. ભાઉ દાજી લાડ, શ્રીમંત નાના શંકરશેટ, દાદાભાઈ નવરોજી, મંગળદાસ નથુભાઈ અને રાવસાહેબ મંડલિક જેવા ધુરંધર સેવકો આગળપડતા હતા. આખા યે દેશમાં ત્યારે સામાજિક સુધારાનો પવન વાતો હતો. મહારાષ્ટ્રમાં ડૉ. ભાંડારકર, પં. ચિપળૂણકર, આગરકર, લોકમાન્ય ટિળક વગેરે નેતાઓએ સમાજસુધારા અને રાષ્ટ્રીય ઘડતરનું વાતાવરણ ઊભું કરી દીધું હતું. મુંબાઈ એ વખતે રાષ્ટ્રવ્યાપી સુધારાઓનું કેન્દ્ર હતું. શ્રી તેલંગે આ સર્વ આગેવાન વ્યક્તિઓ તથા સંસ્થાઓના આદર્શોનો અભ્યાસ કરી મનોમન પોતાનું કાર્યક્ષેત્ર નક્કી કરી લીધું.

તેમનો સ્વભાવ મૂળથી જ મધુર, વિનયશીલ અને મિલનસાર હોઈ લોકોનો પ્રેમ સંપાદક કરતાં તેમને વાર ન લાગતી. એ વખતે 'બૉમ્બે એસોસીએશન નામની સંસ્થા ચાલતી હતી, જેનું પાછળથી 'પ્રેસિડેન્સી એસોસીએશન' એ નામે રૂપાંતર કરીને તેલંગ વર્ષો સુધી તેના મંત્રી અને મુખ્ય સૂત્રધારપદે રહેલા. તેમની વક્તૃત્વશક્તિની જાણ પણ લોકોને અહીંથી જ થઈ. શ્રોતાઓના કહેવા મુજબ તેમની વાણીમાં પાકેલી દ્રાક્ષનું માધુર્ય હતું. તેમની વાણીમાંથી સત્ય એવા તો સ્પષ્ટ અને છતાં સુંદર મધુર સ્વરૂપે પ્રકટ થતું કે ધાર્યું પરિણામ તે લાવી શકતી. ઉશ્કેરાટ કે છીછરાપણાનો તો અણસારો યે કોઇને તેમાં ન મળતો. એમની વાણી જેવી આસરકારક હતી એવું જ એમનું કથન પણ હમેશાં મહત્ત્વનું ને ગંભીર રહેતું. એક વખત કલકત્તાના પ્રખ્યાત વક્તા લાલમોહન ઘોષે મુંબાઇની એક સભામાં આપેલા વ્યાખ્યાનથી તેલંગ ખૂબ હર્ષ પામ્યા, અને પોતાની એ લાગણી પ્રકટ કરતાં સભામાં તેમણે કહ્યું કે શ્રી લાલમોહન ઘોષની જોડીનો વક્તા ખરેખર ભારતભરમાં બીજો કોઈ નહિ મળે. મુંબાઇના 'ટાઈમ્સ' પત્રે તે વિષે નોંધ લેતાં લખ્યું: 'શ્રી તેલંગનું કથન બરાબર છે; પરંતુ અમારે મતે તેમાં એક અપવાદ છે, અને તે શ્રી તેલંગ પોતે.'

તેમણે પહેલું જાહેર ભાષણ ઈ. ૧૮૭૨માં મુંબાઈ મ્યુનિસિપાલિટીની વ્યવસ્થા વિષે આપ્યું. પણ બાવીસ વર્ષની વયના તરુણના એ ભાષણે તો દેશભરનાં અંગ્રેજ તેમજ દેશી વિદ્વાનોનું ધ્યાન ખેંચ્યું અને કોઇ તેજસ્વી તારકનો ઉદય થતો લોકોને લાગ્યો. તે પછીને વર્ષે તેમણે આપેલું મીઠાના કરવેરા વિરોધી ભાષણ પણ તેવું જ પ્રશંસાપાત્ર નીવડ્યું. લૉર્ડ લિટને દાખલ કરેલા લાયસન્સ ટૅક્સ વિરુદ્ધના તેમના ભાષણની નોંધ લેતાં ટાઇમ્સે તો તેમને જૉન બ્રાઇટની ઉપમા

કાશીનાથ ત્ર્યંબક તેલંગ મહાન ન્યાયશાસ્ત્રી

સંસ્કૃતના
જગન્માન્ય વિદ્વાન

પ્રોજ્ઞત
ચારિત્ર્ય સંપન્ન
હામી સુધારક

ધીટ દેશભક્ત



આ માસની 30મીએ જેમની ૧૦૫મી જયંતી આવે છે

આપી. એની પછી ગવર્નર-જનરલના પદે આવેલા ઉદારમતવાદી અને હમદર્દ લૉર્ડ રિપનના અમલ દરમ્યાન ભારતના રાષ્ટ્રીય ઘડતરને સારો વેગ મળ્યો. અત્યાર સુધી એવી પ્રથા પ્રવર્તતી હતી કે બ્રિટિશ પ્રજાજને કરેલા ગુના માટે તેમના હિંદી પર મૅજિસ્ટ્રેટો કામ ન ચલાવી શકે. તે રદ કરવા માટેનું 'ઈલ્બર્ટ બિલ' ૧૮૮૩માં ગવર્નર જનરલની ધારાસભામાં રજૂ કરવામાં આવ્યું. હિંદ અને ઇંગ્લંડનાં ઘણાં અંગ્રેજી છાપાંમાં તેની વિરુદ્ધ પુષ્કળ લખાણો પ્રકટ થતાં હતાં ને આખા દેશમાં બિલને અંગે ખૂબ તંગ વાતાવરણ પ્રવર્તતું હતું એ વેળા મુંબાઈના ટાઉન હૉલમાં એ બિલના સમર્થનમાં તેલંગે જે વ્યાખ્યાન આપ્યું તે એમનાં રાજકીય બાબતોનાં વ્યાખ્યાનોમાં શ્રેષ્ઠ કોટિનું ગણાઈ ગયું.

ઈ. ૧૮૮૫માં 'બૉમ્બે પ્રેસિડેન્સી એસોસીએશન' તરફથી વિલાયતનાં પરિસ્થિતિ-પ્રવાહોનું નિરીક્ષણ કરવા એક ડેપ્યુટેશન મોકલવામાં આવ્યું અને દેશનાં પ્રશ્નો-પરિસ્થિતિઓ જાણવા તથા હલ કરવા એક સમિતિ પણ નીમવામાં આવી. દાદાભાઈ નવરોજી, તેલંગ અને બદરુદ્દીન તૈયબજી એ ત્રણ તેના પહેલા સભ્યો હતા. તેમણે વિચાર-વિનિમય કરી ઠરાવ્યું કે દેશની સ્વાતંત્ર્ય-ચળવળનો ભાર ઊંચકનારી એક વ્યાપક સંસ્થા સ્થાપ્યા સિવાય દેશના પ્રશ્નોનું નિવારણ નહિ થઈ શકે. જેને પરિણામે, ઈ. ૧૮૮૫ની ૧૨મી ડિસેમ્બરે, આપણા સ્વાતંત્ર્ય-ઇતિહાસની ગંગોત્રીરૂપ હિંદી રાષ્ટ્રીય મહાસભા 'ઇન્ડિયન નૅશનલ કૉંગ્રેસ'ની પહેલી બેઠક મુંબાઈમાં ગોવાળિયા ટૅન્ક સામેની ગોકુલદાસ સંસ્કૃત પાઠશાળાના દીવાનખંડમાં બાબુ ઉમેશચન્દ્ર બૅનરજીના પ્રમુખપદે મળી. ધારાસભામાં લોકમતને સ્થાન મળે તે માટે કઈ કઈ સુધારણાઓ દાખલ થવી જોઈએ તેનું નિદર્શન કરાવતો એક ઠરાવ શ્રી તેલંગે એ અધિવેશનમાં મૂક્યો. તેનું સમર્થન કરતા તેમના ભાષણમાં તેમની ગાઢ વિદ્વત્તા અને સૂક્ષ્મ અભ્યાસ સાથે તેમની દેશદાઝ અને દૂરદર્શીપણાની ઓળખ મળી રહે છે.

પણ તેમના જીવનમાં સૌથી અગત્યનો વિષય તો હતો કેળવણી –યુનિવર્સિટીની ઉચ્ચ કેળવણી. ઈ. ૧૮૮૨માં સરકારે નીમેલી શિક્ષણ-તપાસ સમિતિમાં તેમને નીમવામાં આવેલા. મુંબાઈ યુનિવર્સિટીની સેનેટ અને સિન્ડિકેટના સભ્ય તો તેઓ હતા જ. બી. એ. ના અભ્યાસક્રમમાં ઇતિહાસ અને અર્થશાસ્ત્રનો અભ્યાસ તેમના જ પ્રયાસથી ફરજિયાત કરવામાં આવ્યો હતો. ઇ. ૧૮૯૨માં જ્યારે તેઓ મુંબાઇ યુનિવર્સિટીના પહેલા હિંદી વાઈસ-ચાન્સેલર તરીકે નિમાયા ત્યારે સૌને સંતોષ સાથે આનંદ થયો કે અંતે એમની વિદ્વત્તા, યુનિવર્સિટીના લાંબા અનુભવ અને શિક્ષણક્ષેત્રમાંની સેવાની યોગ્ય કદર થઇ.

સામાજિક અને સાહિત્યિક ક્ષેત્રમાં પણ તેમની કામગીરી મહત્ત્વની છે. ઈ. ૧૮૭૦માં–માત્ર વીસ વર્ષની વયે 'શંકરાચાર્ય' એ વિષય પર લખેલા નિબંધમાં પણ તેમના તલસ્પર્શી અભ્યાસ ને પ્રગાઢ વિદ્વત્તાની ઝાંખી થાય છે. જર્મન પંડિત ડૉ. વેબરે વાલ્મીકિકૃત રામાયણ વિષે એવો આક્ષેપ કરેલો કે તે હોમરના 'ઇલિયડ' પરથી રચવામાં આવ્યું છે! એ આક્ષેપનો વિસ્તૃત અને સચોટ પુરાવા તથા માહિતીઓ સાથે તેલંગે જે રદિયો આપ્યો તેને પરિણામે ડૉ. વેબરને પોતાનો આક્ષેપ પાછો ખેંચી લેવો પડ્યો અને તેલંગનું સ્થાન સંસ્કૃતના પ્રખર પંડિત તરીકે વિશ્વમાન્ય ઠર્યું. એ જ રીતે ડૉ. લૉરિન્સર અને બીજા યુરોપિયન પંડિતોએ એવું વિધાન કરેલું કે ભગવદ્‌ગીતાની રચના બાઈબલને આધારે કરવામાં આવી છે, અને તેનો રચનાકાળ ઈ.પૂ.નો નહિ પણ ઈસ્વીસન ચાલુ થયા પછી આઠમી સદીનો છે! શ્રી તેલંગે તેનો પણ પ્રમાણભૂત પુરાવાઓ દ્વારા સચોટ રદિયો આપ્યો, જે જોઇને સંસ્કૃતના વિશ્વપ્રસિદ્ધ પંડિત પ્રો. મૅક્સમૂલરનું તેમની વિદ્વત્તા તરફ ધ્યાન ખેંચાયું. અને પછી તો તેલંગની પ્રતિભાથી તે એટલા તો મુગ્ધ થયા કે પોતે પ્રકટ કરેલી 'બૉમ્બે સંસ્કૃત સીરીઝ' ગ્રન્થમાળામાં ભગવદ્‌ગીતાનું પુસ્તક ટીકા અને વિવરણ સહિત શ્રી તેલંગ પાસે જ એમણે લખાવ્યું. આવું માન સંસ્કૃતના હિંદી પંડિતો પૈકી માત્ર શ્રી તેલંગને જ મળ્યું છે.

ઉપરાંત રૉયલ એશિયાટિક સોસાએટી તરફથી પણ તેમણે 'ન્યાય કુસુમાંજલિ'ના કર્તા ઉદયનાચાર્ય, મધુસૂદન સરસ્વતી, આનંદગિરિ, શંકરવિજય, સુબંધુ, કુમારિલ ભટ્ટ, કાલિદાસ, હર્ષ, ચાંદ આદિ સાહિત્યકારોના કાલનિર્ણય વિષે વિશદ સ્ફોટ પાડતા અનેક અભ્યાસપૂર્ણ વ્યાખ્યાનો આપ્યાં છે. અંતે ઈ. ૧૮૯૨માં તો તેમને મુંબાઈની રૉયલ એશિયાટિક સોસાએટીના પ્રમુખપદે નીમવામાં આવ્યા હતા.

મરાઠી ભાષામાં પણ તેમણે પુષ્કળ લેખન કર્યું છે. ન્યાયમૂર્તિ રાનડેએ પોતાના 'મરાઠી સત્તેચા ઉત્કર્ષ' પુસ્તકમાં તેમના એક લેખનો સાદર સમાવેશ કર્યો છે. તેમનું દેશાભિમાન, ધર્માભિમાન અને ભાષાભિમાન અત્યંત ઊજળું અને ઉદાત્ત હતું. જાહેર સિદ્ધિઓનાં ઉન્નતતમ શિખરો તેમણે સર કર્યાં હોવા છતાં તેમનું અંતર તો એક નમ્ર પ્રભુભક્તનું જ હતું, અને છેવટ સુધી રહેલું. રોજ તેઓ સ્નાનસંધ્યા ને ગીતાપાઠ કરતા, તથા લાંબા સમય સુધી વેદાધ્યાયનમાં ડૂબેલા રહેતા. ન્યાયમૂર્તિ રાનડેને તેઓ પોતાના 'પૂજ્ય મિત્ર અને ગુરુ' ગણતા. તેલંગની પહેલી પુણ્યતિથિને દિવસે તેમને અંજલિ આપતી વખતે ન્યાયમૂર્તિ રાનડેએ તેલંગના ગુણોનું વર્ણન કરતાં તેને 'તેલંગસંપ્રદાય' એવું નામ આપેલું.

નિરભિમાન, શાન્ત સૌમ્ય પ્રકૃતિ, નિખાલસતા, શુદ્ધ પવિત્ર જીવન, સાત્ત્વિક મનોભાવ, પારદર્શક પ્રામાણિકતા, ઉચ્ચ કોટિની વિદ્વત્તા, ન્યાયનિપુણતા, અભ્યાસનિષ્ઠ મનોવૃત્તિ, વિશાળ ઉદાર હૃદય, નિષ્પક્ષ વૃત્તિ, સજ્જનતા, સાચી ઊંડી દેશભક્તિ, ધીરગંભીર સ્વભાવ, મનની દૃઢતા અને કોમળતા, એવા અનેક ઉચ્ચ ગુણોથી વિભૂષિત હિંદના આ મહાપુરુષના જીવનમાંથી નવી પેઢીએ ઘણુંઘણું શીખવાનું છે.

માર્ક ટ્વેઇનની અદ્‌ભુત વાત

અનુવાદક: **ગુણવંત છો. શાહ**

વાત છે ૧૨૨૨ની સાલના એક રાજ્યની. રાત પડી ગઈ હતી. સર્વત્ર શાંતિનું સામ્રાજ્ય છવાએલું હતું. રાજમહાલયના એક ઊંડા ખૂણામાં ઝાંખું અજવાળું પથરાએલું હતું. ખંડમાં છૂપી વાતચીત થતી હતી. વૃદ્ધ સામંત પ્રેમભર્યા સ્વરે બોલતો હતો: 'વહાલી પુત્રી!'

સામે જ બેઠેલ સ્વરૂપવાન, સૈનિકના પોષાકમાં સજ્જ એવા એક પુરુષે કહ્યું: 'કેમ, પિતાજી! શું કહેવું છે તમારે?'

'બેટી! તને જે મૂંઝવે છે એના રહસ્યનો પડદો દૂર કરવાનો સમય આવી ગયો છે. બ્રૅન્ડનબર્ગનો ગરાસદાર યુલરીક મારો મોટો ભાઈ થાય છે. અમારા પિતાજીએ મરતી વખતે કહ્યું હતું કે યુલરીકને ત્યાં જો કોઈ પુત્ર ન જન્મે તો બ્રૅન્ડનબર્ગનું રાજ્ય મારા પુત્રને મળે. ને કદાચ મારે પણ પુત્ર ન હોય તો રાજ્ય યુલરીકની પહેલી પુત્રીને આપવું. એ પુત્રી નિષ્કલંક હોવી જોઇએ. કદાચ એ કલંકિત નીવડે તો જ રાજ્ય મારી પુત્રીને મળે. એટલા માટે હું અને તારી વૃદ્ધ માતા રોજ પુત્ર આપવા માટે પ્રભુ-પ્રાર્થના કરતાં હતાં. પરંતુ જન્મ થયો પુત્રીનો. મારી સઘળી આશાઓ ડૂબી ગઈ. મારા હાથમાંથી એક અમૂલ્ય તક સરી જતી લાગી. તારા જન્મ સુધી મોટા ભાઇને કાંઈ સંતાન નહોતું.

'અંતે એક યુક્તિ સૂઝી. તારો જન્મ થયો હતો મધરાતના. તારા જન્મની વાતની ફક્ત પાંચ-છ જણને જ ખબર હતી. એ સઘળાંને મેં મારી નંખાવ્યાં. અને સવારના પહોરમાં જાહેરાત થઈ કે મારે ત્યાં પુત્રનો જન્મ થયો છે–બ્રૅન્ડનબર્ગના વારસદારનો જન્મ થઈ ચૂક્યો છે.

'તું દસ વર્ષની થઈ ત્યારે યુલરીકને ત્યાં પુત્રી અવતરી. અમને દુ:ખ તો થયું જ, છતાં પણ અમને ધરપત હતી કે અમારે ત્યાં પુત્ર છે. આજે તારી ઉંમર અઠ્ઠાવીસ વરસની થઈ ગઈ છે છતાં તારી મૂળ જાતિની કોઈને ખબર નથી. સૌ તને કોન્રાડ તરીકે જ ઓળખે છે. યુલરીકે આજે તને બોલાવેલ છે. એ હવે રાજનો ભાર તને સોંપી દેવા માગે છે. આજે સવારે જ તારે જવાનું છે. પણ હું કહું એટલું તું બરોબર ધ્યાનમાં રાખજે. આપણે ત્યાં એક બહુ જ જૂનો કાયદો છે કે રાજ્યાભિષેક થયા પહેલાં કોઈ સ્ત્રી રાજગાદી ઉપર બેસી ન શકે. કદાચ જો એવું બન્યું હોય તો એના માટે શિક્ષા એક જ છે અને તે છે ફાંસી. એટલે તું હમેશાં મંત્રીના સ્થાન ઉપરથી તારો કારભાર ચલાવજે. જ્યાં સુધી તારો રાજ્યાભિષેક ન થાય ત્યાં સુધી આમ જ વર્તજે.'

'અરે, પિતાજી! તમે મારી જિંદગીને આટલા સારુ જુઠ્ઠાણામાં પોષી? મારી પિતરાઈ બહેનનો હક મારે ઝૂંટવી લેવો? આ મારાથી નહિ બને.'

'બેવકૂફી ન કર. મેં તને આટલા માટે નથી ઉછેર્યો. છાનોમાનો જઈને કાલે જવાની તૈયારી કર. મેં કહ્યું એ બધું ખયાલમાં રાખજે.'

પેલી ઉમદા સ્વભાવની છોકરીની આજીજી કે આંસુથી કાંઈ વળ્યું નહિ અને બીજે દિવસે ઠાઠમાઠથી રસાલા સાથે તે ઊપડી ગઈ. તેના ગયા પછી વૃદ્ધ પોતાની પત્ની પાસે જઈને કહેવા લાગ્યો: 'આપણી યોજના ઝડપથી સફળ થઈ રહી છે. મેં કાઉન્ટ ડેટઝીનને બ્રૅન્ડનબર્ગ મોકલ્યો છે. એને ત્રણ મહિના થઈ ગયા છે. તે ખૂબ રૂપાળો અને પૂરી કાબેલિયતવાળો માણસ છે એ તો તું જાણે છે. એટલે મારા ભાઈની પુત્રી કોન્સ્ટન્સ એની જાળમાં સપડાઈ જ ગઈ હશે; અથવા તેણે કંઈક બીજી યુક્તિ રચી હશે. પછી કોન્રાડનો રસ્તો બિલકુલ સાફ થઈ જશે.'

'બધું વિઘ્ન વિના પાર ઊતરે તો બસ.'

'સ્ત્રીઓનો સ્વભાવ! બધું સારું જ થશે.'

ફલગનસ્ટેનથી બ્રૅન્ડનબર્ગ પહોંચતાં કોન્રાડને છ દિવસ થયા. યુલરિકનું હૈયું આનંદથી ભરાઈ ગયું હતું. ખૂબસૂરત કોન્રાડે તેનો પ્રેમ જીતી લીધો હતો.

થોડાક મહિના વીતી ગયા. કોન્રાડનાં ચારે બાજુથી વખાણ થતાં હતાં. તેનો ન્યાય ડહાપણભર્યો હતો. તેની સજાઓ પણ દયાભરી હતી. યુલરીક આ બધું જોઈને ધીરેધીરે સઘળો કારભાર તેના હાથમાં આપવા લાગ્યો. કોન્રાડની સર્વકોઈ પ્રશંસા કરતું હતું, સૌને તેના માટે સ્નેહભાવ હતો, બધા તેને માન આપતા હતા; છતાં પણ તે પોતે સુખી નહોતો. તેણે જોયું કે કોન્સ્ટન્સ તેના તરફ ખેંચાતી જતી હતી. કોન્રાડને જોઇને તેની આંખમાં કોઈ અણકથ્યા ભાવ ઊભરાઈ આવતા. કોન્સ્ટન્સ એની પાસે જ રહેવાનો પ્રયત્ન કરતી હતી ને જ્યાં જ્યાં તે જતો ત્યાં ત્યાં તે નજરે ચડતી જ. તે કંઈક ચિંતાતુર હોય એવું પણ લાગતું હતું. કોન્રાડને શું કરવું એ સમજાતું નહોતું. અધૂરામાં પૂરું યુલરીકની ઇચ્છા પણ એવી જણાતી હતી કે કોન્સ્ટન્સ કોન્રાડ સાથે પરણે.

એક દિવસ તે યુલરીક સાથે મંત્રણા કરીને આવતો હતો ત્યાં માર્ગમાં જ કોન્સ્ટન્સે તેને રોકી પાડ્યો. તે તેને બાઝી પડી અને કહેવા લાગી. 'તમે આટલા બધા કેમ ભાગતા ફરો છો મારાથી? કોન્રાડ, તમારા ન્યાયને સૌ વખાણે છે, પણ આ તમારો કેવો ન્યાય છે કે હું તમને પ્રેમ આપું છું અને તેને તમે ઠોકરે મારો છો? તમે એક વાર તો એમ કહો! કે હું તને...'

'ના, ના. કદી એ ન બને, કદી ન બને.' કોન્રાડ તેને તરછોડીને નાસતાંનાસતાં બોલ્યો. તે પોતાના રહેઠાણમાં જઇને ધ્રુસકેધ્રુસકે રડતો હતો. આ બાજુ કોન્સ્ટન્સ પણ એટલું જ રડી રહી હતી.

થોડાક દિવસ પસાર થયા. કોન્સ્ટન્સના વદન ઉપર ફરીથી પહેલાં કરતાં પણ વધુ ઉદાસીનતાની છાયા દેખાવા લાગી. કોન્રાડ અને તે એ પછી ફરી ભેગાં થયાં નહોતાં. આ જોઇને યુલરીકને સંતાપ થતો હતો. અઠવાડિયું વીતી ગયું. કોન્રાડે સ્વસ્થતા પાછી મેળવી લીધી.

પરંતુ આ સમયે એક વિચિત્ર વાત ફેલાઇ રહી હતી. ધીરેધીરે વાત રાજમહેલમાં પણ પહોંચી ગઈ. એ છૂપી વિચિત્ર વાત આ હતી: 'યુલરીકની પુત્રી કોન્સ્ટન્સે એક બાળકનો જન્મ આપ્યો છે!'

વાત ઝડપથી ફેલાવા લાગી. કોન્રાડના પિતા ફલગનસ્ટેનના વૃદ્ધ સામંતના કાને પણ પહોંચી એ સાંભળતાં જ ઊછળીઊછળી તે કહેવા લાગ્યો: 'રાજ્યપતિ કોન્રાડનો જય! કોન્રાડનો જય! આખરે ડેટઝીને કામ પાર પાડ્યું ખરું! એને સારી બક્ષિશ આપવી જોઇશે!'

કોન્સ્ટન્સ ઉપર ત્યાંના નિયમ પ્રમાણે કામ ચલાવવામાં આવ્યું. ન્યાયગૃહમાં કોન્રાડ ન્યાય આપવાનો હતો. ચોદિશથી માણસો ત્યાં સાંભળવા હાજર થઈ ગયા હતા. જરા પણ જગ્યા ખાલી નહોતી. રાજકુંવરીના ભાવિનો નિર્ણય સાંભળવા બધા તલપાપડ થઈ રહ્યા હતા. વૃદ્ધ યુલરીકનો કડક હુકમ હતો કે ન્યાય યોગ્ય રીતે જ અપાવો જોઇએ. કોન્રાડની ઇચ્છા હતી કે આ મામલાનો ન્યાય બીજા કોઈને હાથે થાય, પણ એની ઇચ્છા રાજ્ય પાસે કામ ન આવી.

નાનામોટા તમામ હાજર થઈ ગયા પછી આદરણીય ન્યાય-મંત્રી ઊભા થયા: 'કેદી પોતાને સ્થાને હાજર થાય.' નીચા મોંએ રાજકુંવરી હાજર થઇ. 'તમારી સામેનો આરોપ સંપૂર્ણરીતે પુરવાર થઈ ચૂક્યો છે, કે તમે તમારી કૌમાર્ય-સ્થિતિમાં જ એક બાળકની માતા થયાં છો.

સંગીત અને અધ્યાત્મ

વર્તમાન સમયમાં આપણે જે સંગીતનો ઉપયોગ કરીએ છીએ તે કેવું છે અને શું છે એ વિષે કોઇ વિચાર કરતું નથી; અને સંગીત એટલે 'સારું ગીત', જે આપણને ગમે તે, એથી વિશેષ એની વ્યાખ્યા કોઇ કરતું નથી. સંગીતથી મનુષ્યને શા ફાયદા થાય, સંગીતની શી અસર થાય, તે વિષે સામાન્ય જનસમાજમાં અમુક જ માન્યતાઓ પ્રવર્તે છે, કે (૧) સંગીત એ આનંદ મેળવવાનું સાધન છે; (૨) સંગીતથી થાક ઊતરી જાય છે; (૩) પશુપક્ષીઓ મુગ્ધ બને છે અને (૪) સંગીતથી ભગવાન પ્રસન્ન થાય છે.

પણ ઉપર પ્રમાણેની બધી જ માન્યતાઓ કાંઇ વર્તમાન સમયમાં ગવાતા સંગીતની અસર નીચે આવતી નથી. તેથી સંગીત એટલે શું તે પ્રથમ સમજવાની જરૂર છે. વળી જે સંગીતથી ભગવાન પ્રસન્ન થાય બલ્કે માણસ આધ્યાત્મિક બને તે સંગીત કયું તે પણ જાણવું જોઇએ.

દેશી અને માર્ગી સંગીત

સંગીતના બે પ્રકાર છે: (૧) દેશી, (૨) માર્ગી. હાલ આપણે જેને સંગીત કહીએ છીએ તે દેશી સંગીત છે. 'સંગીત રત્નાકર'માં શ્લોક છે કે

यत्तु वाग्येयकारेण रचितं लक्षणान्वितम्।
देशिरागादिषु प्रोक्तं तद् गानं जनरञ्जनम्॥

આ શ્લોક પરથી એમ સમજાય છે કે જનમનના રંજનના હેતુથી જે સંગીતને નિયમબદ્ધ કરવામાં આવ્યું (એટલેકે જેનું શાસ્ત્ર રચવામાં આવ્યું) તે દેશી સંગીત કહેવાય છે. એટલે આજ જે આપણે શાસ્ત્રીય સંગીત ગાઇએ છીએ તેનો હેતુ ફક્ત મનુષ્યોના મનનું રંજન કરવાનો જ છે. આવી જ વ્યાખ્યા સંગીતના રાગ માટે પણ મળે છે.

रञ्जको जनचित्तानां स रागः कथ्यते बुधैः।

આમ આ મનરંજનના હેતુ માટે રચાએલ સંગીત એ સર્વને પ્રિય છે. અને તેથી જ તે દેશકાલ પ્રમાણે પરિવર્તનશીલ છે.

હવે માર્ગી સંગીત વિષે 'સંગીત રત્નાકર'નો અભિપ્રાય જોઇએ:

अनादि संप्रदायम् यद् गंधर्वैः संप्रयुज्यते।
नियतं श्रेयसो हेतुः तद् गांधर्वं जगुर्बुधाः॥

ઉપરના શ્લોકમાં 'નિયતમ્ શ્રેયસો હેતુ:' એ જ મુખ્ય વસ્તુ છે. એ જ ગંધર્વગાન છે, એ જ નિત્ય છે, એમાં જ મનુષ્યનું શ્રેય છે. એવા એ શ્રેયસ્કર સંગીતને આપણે માર્ગી કહીશું, કારણ કે આવું જ સંગીત મનુષ્યનો શ્રેયનો માર્ગ બતાવે છે, આત્માના કલ્યાણને માર્ગે વાળે છે. વળી યોગીઓ જેમ અમુક સિદ્ધિઓ દ્વારા ઈશ્વરને પ્રાપ્ત કરે છે, તે જ રીતે માર્ગી સંગીત પણ ઈશ્વરના સાંનિધ્યમાં જવાનો માર્ગ ચીંધે છે, માટે જ તેને માર્ગી કહ્યું છે.

આજ સુધી જે ભક્તો માર્ગી સંગીતને અનુસર્યા છે તેમને ઈશ્વરાભિમુખ થવામાં તથા સાક્ષાત્કારમાં જરૂર સહાય મળી છે. એ તો જાણીતું છે કે સંગીત ચિત્તને એકાગ્ર કરવામાં સહાય કરે છે; અને એકાગ્રતાથી જ એ સાંનિધ્ય સિદ્ધ થાય છે. આમ, માર્ગી એ દિવ્ય સંગીત ગણાયું છે. અને દિવ્ય સંગીતને 'સામગાન' કહ્યું છે.

यं ब्रह्मा वरुणेन्द्र-रुद्र-मरुतः स्तुन्वन्ति दिव्यैः स्तवै
र्वेदैः साङ्ग-पद-क्रमोपनिषदैर्गायन्ति यं सामगाः।

પરમાત્માની સ્તુતિ બ્રહ્મા-વરુણ-ઇન્દ્ર વગેરે દેવો પણ સામગાનયુક્ત વેદ-પદ-ક્રમ ઉપનિષદના દિવ્ય મંત્રોથી કરતા.

સંગીતની સિદ્ધિ

આપણે ઘણી વાર સાંભળીએ છીએ કે અમુક મહાત્માએ એક માણસને ધન આપ્યું અથવા રોગી માણસનો રોગ મટાડયો વગેરે. એ જ રીતે સંગીતની સાધનાથી પણ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. મલ્હાર ગાવાથી વરસાદ થવો, દીપક રાગથી અગ્નિ પ્રકટવો, માણસને મોહવશ કરવો, નિદ્રામાં નાખવો વગેરે. પણ આ સિદ્ધિના મોહમાં ન ફસાતાં જે આગળ વધે છે તે જ પરમાત્માના પદકમળ સુધી પહોંચે છે.

આપણે જે ભજનો ગાઇએ છીએ તે એક રીતે માર્ગી સંગીતના અંગ રૂપે છે. આજના રાગ-રાગિણીના આલાપ વગેરેને છોડીને જો ભજનના શબ્દોના ભાવયુક્ત ગાન પર લક્ષ્ય આપીએ તો એ વધુ સારું ગવાય છે. ભજન એટલે ઈશ્વરસ્તુતિ જ ને? તેમાં ભાવ એ જ મુખ્ય વસ્તુ છે. ભાવથી જ એકાગ્રતા આવે અથવા તેમાં લીન થવાય, અને એટલે જ તે શ્રેયસ્કર છે. આથી જ આપણે જોઇએ છીએ કે કબીર, મીરાં વગેરે જેવા કેટલા યે સંતોએ સંગીતને અપનાવેલું છે. એ હમેશાં ભજનમાં જ ઇશ્વરનાં ગુણગાન કરતા મસ્ત રહેતા, અને સગીત દ્વારા પોતાનું આધ્યાત્મિક જીવન જીવતા.

સ્વ. કવિવર ટાગોરે ગીતાંજલિમાં એક જગ્યાએ લખ્યું છે કે 'તારા દર્શન માટે મેં કોટિ ઉપાય કર્યા પણ હું નિષ્ફળ ગયો; ફક્ત સંગીત દ્વારા જ હું તારાં ચરણ પાસે આવવા લાયક થયો.'

અધ્યાત્મની દૃષ્ટિએ તપ, સંયમ કે બીજા કોઈ પણ માર્ગ કરતાં સંગીત દ્વારા એકાગ્રતા અને તાદાત્મ્ય સાધવાનો માર્ગ ટૂંકો, સહેલો અને ઉચ્ચ કોટિનો ગણાયો છે. આમ, માર્ગી સંગીત આધ્યાત્મિક જીવન સાથે ગાઢ સંબંધ ધરાવે છે. જેમણે જેમણે સંગીતની એ સમજથી આરાધના કરી છે તે સૌ જીવનની ઉચ્ચ સપાટીએ પહોંચ્યા છે.

રામચન્દ્ર નારાયણ ખરે

આ દોષની શિક્ષા આપણે ત્યાં એક જ છે, મોતની. હવે તમે આપણા માન્યવર સર્વોચ્ચ અધિકારી કોવાડ જે શિક્ષા જાહેર કરે તે સાંભળો.'

કોવાડ પોતાની જગ્યાએ ઊભો થયો. બોલવા માટે જેવા તેણે હોઠ છૂટા કર્યા એવા ન્યાયમંત્રી તેને અટકાવતા બોલી ઊઠયા: 'નહિ, એ જગ્યાએથી નહિ. રાજવંશમાં જન્મેલ અપરાધીનો ન્યાય રાજ્યસિંહાસન ઉપરથી જ આપવો જોઈએ તેવી આપણી પ્રથા છે. માટે આપ સિંહાસન ઉપર બેસીને ન્યાય જાહેર કરો.'

આ સાંભળતાં કોવાડ તો ધ્રૂજી જ ઊઠયો, પરંતુ દૂર સામંત-મંડળમાં બેઠેલ તેનો વૃદ્ધ પિતા પણ થરથરી ગયો. હજી સુધી કોવાડનો રાજ્યાભિષેક થયો નહોતો. એ પહેલાં સિંહાસન પર બેસવું એ સંપૂર્ણ જોખમ ભરેલું હતું. તે જરા અચકાયો. એકેએક જણની નજર તેના પર મંડાએલી હતી. પણ તરત તેણે નિર્ણય કરી લીધો અને તે સિંહાસન ઉપર બેસીને કહેવા લાગ્યો:

'આપણા રાજ-સ્વામી યુલરીકના વતી હું આ કર્તવ્ય સંભાળું છું. રાજપુત્રી! તારા અપરાધનો દંડ એક જ છે 'ફાંસી.' પરંતુ તારા અપરાધનો અર્ધો ભાગીદાર કોણ હતો એનું નામ જો તું (અનુ. પૃ. ૩૩૧)



ટિકિટ સંગ્રહ

રૂમાનિયાની ટિકિટો

ડાબી બાજુનું મોટું ચિત્ર ટિકિટનું નહિ, પરંતુ ત્યાંની 'લોકશાળા'ની ૫૦મી જયંતી પ્રસંગે બહાર પાડવામાં આવેલા 'સુવેનીર શીટ'નું છે (પ્રાસંગિક ટિકિટો સાથે એવાં શીટ પણ પ્રકટ થાય છે), જે પર 'વિદ્યાદેવી'નું ચિત્ર છે. મથાળાની પહેલી બે ટિકિટ 'શાંતિ' નિમિત્તની છે, જેમાં પહેલી ઉપર ઑલિવની ડાળી પકડેલું શાંતિનું કપોત તથા બીજી ઉપર અમેરિકા, રશિયા, ઇંગ્લંડ અને ફ્રાન્સ એ ચાર મહારાજ્યના ધ્વજસમૂહ નીચે પણ શાંતિસૂચક ઑલિવની ડાળી દર્શાવી છે. પ્રજાસત્તાકની જાહેરાત માટેની ત્રીજી ટિકિટમાં નવા બંધારણની પોથી ધરી રાખતી લોકશાહીની દેવીનું ચિત્ર છે. બીજી હારની પહેલી ટિકિટ બાળસંરક્ષણની, બીજી ટ્રેડ યૂનિયન કૉંગ્રેસપ્રસંગની અને ત્રીજી 'રમત-ગમત ઉત્સવ' સમયના દાનફંડ માટેની છે, જે ત્રણે પરનાં ચિત્રો તેમના હેતુઓનાં સૂચક છે. ત્રીજી હારની પહેલી તથા બીજી ટિકિટ પણ ટ્રેડ યૂનિયન કૉંગ્રેસની છે, જ્યારે ત્રીજી ટિકિટ રાજા કારોલે શરૂ કરેલી 'સાહિત્ય-કલા-સંસ્થા'ની ૫૦મી જયંતી નિમિત્તની છે, જે પર ખુલ્લું બાઈબલ, રાજમુકુટ તથા વિજયદર્શક ડાળી-લૉરેલનાં ચિહ્નો છે. ચોથી ટિકિટ યુનિવર્સલ પોસ્ટલ યૂનિયનની ૭૫મી જયંતીની છે. ચોથી હારની પહેલી તથા બીજી ટિકિટ ત્યાંની પ્રેસ કૉન્ફરન્સ (પત્રકાર પરિષદ) નિમિત્તની છે જે પર અનુક્રમે મશાલ, ખડિયો-કલમ, રાષ્ટ્રજાગૃતિનો ધ્વજ તથા મશાલ, ઑલિવની ડાળી અને વૃત્તપત્રો છે. ત્રીજી ટિકિટ ઉપર્યુક્ત સાહિત્ય-કલા-સંસ્થાની જયંતીની જ છે, જેમાં પુસ્તકોનાં બે કબાટની વચ્ચેની આરસની તકતી ઉપરના અક્ષરોનો અર્થ થાય છે: 'માતૃભૂમિ (અનુ. પાછલા પૃઠે)

ગુજરાતની ગુપ્તોત્તરકાલીન શિલ્પસમૃદ્ધિ

ભારતીય કલાના ઇતિહાસમાં ગુજરાતને વિશિષ્ટ સ્થાન અપાવે તથા કલાના અભ્યાસીઓને વિચારતા કરી મૂકે એવાં

કેટલાંક પ્રાચીન શિલ્પો

લેખક
ડૉ. ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ



★ ચિત્ર ૫૫: વડોદરામાંથી મળેલી કાર્ત્તિકેયની સુદૃઢ શરીર-સૌષ્ઠવવાળી છટાદાર મૂર્તિ (અગત્યનું ગુજરાતી શિલ્પ)

ગુપ્ત સમય પછીના, ઉત્તર ગુજરાત અને ઈડરમાં મળી આવેલા સુંદર અને સમૃદ્ધ શિલ્પના અવશેષોનો પરિચય ગયા અંકમાં આપણે કરી ગયા. હવે મધ્ય ગુજરાતના થોડા અવશેષો જોઈએ. મિયાંગામ પાસે કારવણમાં ગુપ્તોત્તર કાલનાં ઘણાં શિલ્પો છે. એ સમયે કારવણ અને આખા ગુજરાતમાં શૈવ સંપ્રદાયની ખૂબ અસર હતી અને તેથી સ્વામી મહાસેનની, એટલેકે દેવોના સેનાપતિ, શિવના પુત્ર કાર્ત્તિકેયની-કુમારની પૂજા અહીં ખૂબ ફેલાઈ લાગે છે. વડોદરામાં એ શહેરની જૂની ચતુઃસીમા પ્રમાણે, એની દક્ષિણના એક તળાવનું નામ 'મહાસેનક તળાવ' હતું. વડોદરાના એક શિવમંદિરમાંથી આ લેખકને અને શ્રી મગનલાલ દેસાઈને એક સુંદર કાર્ત્તિકેય-મૂર્તિ મળી આવી છે જેનું મસ્તક ખંડિત થઇ ગયું છે. ચિત્ર ૫૫માં રજૂ કરેલી એ પ્રતિમામાં એ દેવસેનાનીનું સુદૃઢ શરીરસૌષ્ઠવ તરી આવે છે. એક હાથમાં (મોટી ડાંગ જેવી) 'શક્તિ' અને બીજા હાથમાં કુક્કુટ (?-જોકે આકૃતિ સ્પષ્ટ નથી, કોઇ પાત્ર પણ હોય) ધારણ કરીને ઊભેલા 'સ્વામી મહાસેન'ને પડખે—પાછળ એમનું વાહન મયૂર છે. કાર્ત્તિકેયનું આ સ્વરૂપ આખા રાજસ્થાન અને મધ્ય ભારતની પ્રાચીન પ્રતિમાઓમાં પણ નજરે પડે છે. શરીરનાં અંગોનું ઘડતર બધું ગુપ્તકાલીન ટાંકણાની યાદ આપે છે, ફક્ત અલંકરણ જોતાં લાગે કે એથી કંઈક પછીનું શિલ્પ હશે. ગુપ્તકાલીન શિલ્પના લક્ષણ મુજબ વસ્ત્ર તો અતિ બારીક જ બતાવ્યું છે. ઈસ્વી સનની છઠ્ઠી-સાતમી સદીમાં ઘડાએલું આ શિલ્પ ગુજરાતની વીસરાએલી શિલ્પકલાનો એક અગત્યનો નમૂનો છે.

સ્વામી મહાસેનની પૂજા તે સમયે આખા યે પશ્ચિમ અને મધ્ય ભારતમાં ખૂબ પ્રચારમાં હતી એ તો જાણીતું છે. મહાકવિ કાલિદાસે 'કુમાર-સંભવ'નું મહાકાવ્ય રચ્યું, ગુપ્ત રાજાઓએ 'કુમાર-ગુપ્ત', 'સ્કન્દ-ગુપ્ત' એવાં નામો પસંદ કર્યા, એ તેના જ પ્રભાવનાં નિદર્શક છે. ગુજરાતમાં હજી પણ વધુ શોધ થાય તો બીજી જૂની પ્રતિમાઓ જડી આવવા સંભવ છે. આવું જ એક શિલ્પ, વડોદરા પાસેના કપૂરાઈ ગામેથી, 'પાર્વતી-પરમેશ્વર'ની પેલી અલબેલી પ્રતિમા સાથે (જુઓ ૩૭૨મા અંકના પાછલા પૂઠામાં) મળી આવ્યું હતું. આ શિલ્પ શિવાલયની દ્વારશાખાના સ્તમ્ભનો ભાગ હોઈ શકે છે (જુઓ ચિત્ર ૫૬). એમાં વચ્ચેની કાર્ત્તિકેય-મૂર્તિના એક હાથમાં શક્તિ અને બીજા હાથમાં કુક્કુટ સ્પષ્ટ છે. બાજુમાંની પુષ્પની ભાતની કિનાર ખાસ નોંધપાત્ર છે. ગુપ્ત યુગમાં એ ખૂબ પ્રચારમાં હતી. કાર્ત્તિકેયની આકૃતિ, તેના ગળાની એકાવલિ વગેરે ગુપ્ત કળાનાં લક્ષણ તેમજ આ મૂર્તિ સાથે મળેલું પેલું શિવપાર્વતીનું સુંદર શિલ્પ વગેરેનો વિચાર કરતાં, આ શિલ્પને ઈ. સ.ના સાતમા સૈકાના અંતમાં મૂકવાનું ઠીક થઈ પડશે. કારવણમાં પણ કંઈક પછીના કાલનું કાર્ત્તિકેયનું એક શિલ્પ હતું, તેનો સદ્‌ગત ડૉ. ભાંડારકરે ફોટો પાડયો હતો. શામળાજીની ગુપ્તકાલીન કાર્ત્તિકેય-પ્રતિમાઓ આપણે આ લેખમાળામાં જોઇ ગયા.



ચિત્ર ૫૬ : કપૂરાઈ ગામેથી મળેલા બારસાખના સ્તંભમાં કોરેલી કાર્ત્તિકેય-મૂર્તિ

હવે આપણે ગુજરાતનાં બીજાં ઘણાં શિલ્પોને હાલ પૂરતાં છોડી ગુજરાતની ઉત્તર સરહદ ઉપર થોડી નજર દોડાવીશું અને આબુનાં કેટલાંક પ્રાચીન અપ્રસિદ્ધ શિલ્પો પર વિચાર કરીશું. અહીં રજૂ થતાં એ શિલ્પો ઇ. ૧૯૫૦માં મુનિશ્રી પુણ્યવિજયજીનાં દર્શનાર્થે હું આબુ ગયો ત્યારે પહેલવહેલાં મારા જોવામાં આવ્યાં. આબુમાં વિમળશાહના દહેરાની પશ્ચિમે 'રસિયા વાલમ ને કન્યાકુમારી'ના મંદિરની જગ્યા છે. તેની બાજુના જગન્નાથજીના મંદિરના મંડપના ગોખલા-



ચિત્ર ૫૭ : કુમારી માતૃકા



ચિત્ર ૫૮ : ચામુંડા માતૃકા



ચિત્ર ૫૯ : વારાહી માતૃકા

આબુમાં વિમળશાહના દહેરાની પશ્ચિમે આવેલા જગન્નાથજીના મંદિરમાં મળી આવેલાં મરકત શિલાનાં શિલ્પો પૈકીનાં ત્રણ

ઓમાં થોડાં શિલ્પો છૂટાં પડેલાં હતાં. એ બધાં ઉપર ઘણું સિંદૂર લગાડેલું હતું, પણ પહેલી નજરે એની કલા પ્રાચીન લાગવાથી બેત્રણ દિવસ સુધી એનું સિંદૂર સાફ કરી ફોટોગ્રાફ પાડયા છે.

આ સાથે ચિત્ર નં ૫૭ તરીકે રજૂ કરેલું શિલ્પ એક મોટી ગોળ ગાદી ઉપર લલિત આસને બેઠેલી કૌમારી માતૃકાનું છે. ગળાની એકાવલિમાંથી એક લાંબું ઉરઃસૂત્ર વાંકુચૂકું થતું બે સ્તન વચ્ચેથી વહી જઈ નાભિ સુધી લટકે છે. કેશકલાપ અને તેની આગળના ભાગે ત્રણ પટ્ટીઓથી બાંધેલી રચના એ સાતમા સૈકાની આ જાતની વિવિધ કેશરચનાઓને મળતી છે. કમરબંધની નીચેથી વચમાં એક અર્ધગોળાકાર ઝૂલ લટકે છે. બાજુબંધ ગુપ્ત યુગની શામળાજીની પ્રતિમાઓના બાજુબંધ જેવા છે. શરીરનો ઘાટ બેઠી દડીનો ને પશ્ચિમ હિંદમાં મળતી પ્રાચીન દેવીમૂર્તિઓમાં ખૂબ નજરે પડતા એવા પ્રમાણનો છે, જેમાં ગળાથી કમર સુધીનો ભાગ કંઈક વામનીકૃત, પેડુ સહેજ મોટું અને કાયા કંઇક સ્થૂલ લાગતી એટલું સામાન્યતઃ હોય છે. પગ વગેરેના ઘાટ ગુપ્ત યુગની શામળાજીની પ્રતિમાઓના જેવા જ સ્થૂલ છે. જમણા પગ પાસે કંઈક ઘસાએલી મયૂરાકૃતિ છે. દેવીના જમણા હાથમાં શક્તિ અને ડાબા હાથમાં ખોળા પર બેસાડેલું (ખંડિત) શિશુ છે.

ચિત્ર નં. ૫૮ તરીકે રજૂ કરેલી આકૃતિ ત્યાંથી જ મળેલી ચામુંડા માતૃકાની છે, જેની જમણી પલાંઠી નીચે એનું વાહન શબ છે. પાંસળીનાં હાડકાં ગણી શકાય એવું કૃશ દર્શાવેલું શરીર, જમણા હાથમાં પકડેલું ખટ્વાંગ નામનું આયુધ તથા અસુરનું કાપેલું મસ્તક વગેરે ઉપરથી દેવીની ઓળખ ચામુંડા તરીકે કરવી સહેલી છે. કલાશૈલીની દૃષ્ટિએ ચિત્ર નં. ૫૭ની કૌમારી તેમજ આ ચામુંડા, બંને એક જ સમયનાં બનેલાં છે. એવી જ ત્રીજી પ્રતિમા વારાહી માતૃકાની (ચિત્ર ૫૯) છે. એક હાથમાં ગદા, બીજામાં પદ્મ અને બીજા બે હાથમાં બાલકને ધારણ કરતી, વરાહના મુખવાળી આ 'વારાહી' દેવીની મૂર્તિ કંઈક વધુ સારી રીતે સચવાઈ રહેલી છે. એના બાજુબંધનો તથા ગળાની માળાનો ઘાટ ચોખ્ખો ગુપ્તયુગીન અલંકારો જેવો છે. પ્રતિમા જરૂર કંઈક સ્થૂલ લાગે છે, પણ ગુપ્ત યુગની શામળાજીની દેવીઓની મૂર્તિઓમાં પણ એ તત્ત્વ છે. એ પ્રતિમાઓ જેટલી સુંદર આ ભલે ન લાગે, પણ શૈલીની દૃષ્ટિએ એની બહુ નજીકના સમયની જ છે. આ ત્રણે પ્રતિમાઓ મરકત શિલાની બનેલી છે એ હકીકત પણ ખાસ ધ્યાન ખેંચે છે. મારા મતે આ ત્રણે પ્રતિમાઓ ઈ. ૬૦૦ આસપાસની છે.

ઉત્તર ગુજરાતમાં વડનગરમાં આશરે આઠમા સૈકાની માતૃકાઓ છે. એથી ઉત્તરમાં પ્રાચીન ગુર્જર દેશની પ્રખ્યાત નગરી ભિન્નમાલ પાસે 'માતરોં કી પાલ' નામના સ્થળે પણ માતૃકાઓનું એક સ્થાન છે. ત્યાં સાતમા સૈકાની, સુંદર શૈલીની પણ હાલ જીર્ણ અને ખંડિત માતૃકાઓની પ્રતિમાઓ છે. આખા યે પશ્ચિમ ભારતમાં ઈ. સ.ના છઠ્ઠા–સાતમા સૈકાઓમાં માતૃકાઓ ખૂબ પૂજાતી એમ સાબિત કરી શકાય તેમ છે. મારવાડમાં અન્ય સ્થળોએ પણ આવી પ્રાચીન માતૃકાઓ મળી આવી છે. શિરોહી રાજ્યના અજારી ગામેથી આવી માતૃકાઓ મળ્યાનું હમણાં સાંભળ્યું છે. જોધપુર પાસે મંડોરમાં પણ છઠ્ઠા–સાતમા સૈકાની માતૃકાઓ મળેલી છે. મધ્ય ભારતમાં બેસનગર પાસેથી મળેલી ગુપ્તકાલીન સપ્ત માતૃકાઓ સાથે સરખાવવાથી પણ ઉપરના અનુમાનને પુષ્ટિ મળે છે. આ બધી માતૃકાઓ જોકે એક જ સમયની નથી પણ બધી ય એક જ કલાશૈલીની–પ્રાચીન પશ્ચિમ ભારતીય કલાની છે.

આબુના આ જગન્નાથના મંદિરમાં બીજું પણ એક બહુ જ અગત્યનું શિલ્પ છે. એ ખંડિત છે, પણ એની કલા સમજવામાં મદદરૂપ થતા જરૂરી એવા ઠીકઠીક ભાગ બચી ગયા છે. એ છે 'શેષશાયી વિષ્ણુ'ની પ્રતિમા, જે ચિત્ર ૬૦ તરીકે રજૂ કરી છે. એમાં વિષ્ણુનો મુકુટ, તથા એ મુકુટના આગળના ભાગમાંની ગવાક્ષ-આકૃતિ, તેમજ મુકુટ પરની ભાત જોતાં તે સ્પષ્ટરીતે ગુપ્તકાલીન છે. મુકુટની બહાર નીકળી આવેલી કેશરચના પણ એવી જ શૈલીની છે. મણકાની ભાતવાળો હાથનો બાજુબંધ પણ પ્રાચીન શૈલીનો છે. શામળાજીની માતૃકાઓ વગેરેના બાજુબંધ કોણીની ઉપરના ભાગે–હાથની મધ્યમાં નહિ પણ ખભાથી વધુ નજીક–છે, જે પછીથી કંઈક પાછળના સમયમાં જરા નીચે ઊતરી લગભગ હાથના મધ્ય ભાગે કોણી ને ખભા વચ્ચે આવી જાય છે. વિષ્ણુની આ પ્રતિમાની નીચેના ભાગની વેલની કોતરણી ખાસ આકર્ષક, સારી પેઠે ઉપસાવેલી તથા ગુપ્ત કાલની, તેમજ એથી પ્રાચીન પ્રણાલિકાઓને અનુસરતી છે. કમરબંધ પણ પાંચમા સૈકાના કમરબંધોમાં કવચિત્ નજરે

ડાબીબાજુથીચિત્ર ૬૧-૬૨:સૂર્ય,પાર્વતી-દુર્ગા(જગન્નાથમંદિરમાંનીબીજીબે મૂર્તિઓ)ચિત્ર૬૩:સૂર્ય(આબુના વસિષ્ઠાશ્રમમાંથી મળેલી)

પડે છે, પણ વિષ્ણુનાં અંગોનું ઘડતર કે લક્ષ્મીની અરધી બચેલી આકૃતિ વગેરે તો ચોખ્ખાં ગુપ્તકાલીન પ્રણાલિકાઓને અનુસરે છે. વાસ્તવમાં આ શિલ્પને ઈ.સ. ૬૦૦થી અર્વાચીન ગણી શકાય નહિ, એથી કંઈક જૂનું હોવા સંભવ છે. મારા મતે આ શિલ્પ, અને એ જ મંદિરમાંની એ સાથે મળેલી ઉપર્યુક્ત ત્રણે માતૃકાઓ ઈ. સ.ના છઠ્ઠા સૈકાનાં–ઈ.સ. ૫૫૦ થી ૬૦૦ આસપાસનાં તો ગણવાં જ જોઇએ. આ પ્રતિમા ઉપર પણ સિંદૂર હતું.સાફ કરીને ફોટોગ્રાફ પાડયો છે, પણ તે પૂરતી સાફ થઈ નથી. આ ચારે પ્રતિમાઓ પશ્ચિમ ભારતની શિલ્પકલાના બહુ કીમતી અવશેષો છે ને એનું પૂરતું જતન કરવા તુરત પ્રબંધ થવો જોઇએ.

જગન્નાથના આ મંદિરમાં બીજી પણ પ્રતિમાઓ છે, જેમાં સફેદ પાષાણની કેટલીક પાછળના સમયની પણ છે. પણ પ્રાચીન ગણી શકાય એવું ખાસ અગત્યનું એક વધુ શિલ્પ પણ છે, જે ચિત્ર નં. ૬૧માં રજૂ કરેલી 'સૂર્ય-પ્રતિમા' છે. એક હાથ ખંડિત છે, પણ બંને હાથમાં પદ્મ ધારણ કરેલું તે તો સ્પષ્ટ છે. બાજુમાં પગ પાસે દંડ ને પિંગલ ઊભા છે. સૂર્યના પગમાં બૂટ છે. કમરે અવ્યંગ-બંધ તથા બીજો સાંકળીઘાટનો કમરબંધ છે. મુકુટ વિષ્ણુના મુકુટ જેવી ભાતનો પ્રાચીન શૈલીનો છે. સૂર્યના અલંકારો, દંડ અને પિંગલનાં સ્વરૂપો વગેરે સર્વનો વિચાર કરતાં આ મૂર્તિ પણ માતૃકાઓની અને વિષ્ણુ-પ્રતિમાની લગભગ સમકાલીન જ પ્રતિમા છે, અને બહુબહુ તો ઈ.સ. ૬૦૦ આસપાસની તો ગણવી જ જોઇએ. શૈલીની દૃષ્ટિએ આ ચારે પ્રતિમા સ્પષ્ટ રીતે પશ્ચિમ ભારતીય શૈલીની છે, જેને સાતમા સૈકાની શરૂઆત જેટલી જૂની ગણવાને કોઈ ના પાડી શકે તેમ નથી. **આ બધાં યે શિલ્પો આજ સુધીના ભારતીય કલાના ઇતિહાસના અભ્યાસીઓને વિચારતા કરી મૂકે તેવાં છે, કેમકે હવે આવાં શિલ્પોથી પશ્ચિમ ભારત તથા ગુજરાતને એક વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત થાય છે.**

ઉપરાંત આ શિલ્પો એક બહુ અગત્યની કથાનો કોયડો પણ ઉકેલે છે. વિમળ મંત્રીએ જૈન દહેરું બાંધવા માટે સોનામહોરો પાથરીને બ્રાહ્મણો પાસેથી જમીન ખરીદી એવી હકીકત પ્રબંધોમાંથી મળે છે. એ હકીકતમાં ઘણું તથ્ય રહ્યું છે એ આ શિલ્પો સાબિત કરે છે. બરાબર દેલવાડાના મંદિરના પાછળના જ ભાગમાં જે મોટું મેદાન છે તેમાં જ 'રસિયા વાલમ–કન્યાકુમારી' અને આ જગન્નાથજીના મંદિર તેમજ બીજા એક મંદિરનાં ખંડિયેરો પથરાએલાં પડયાં છે. હાલનાં મંદિરોની બાંધણી એટલી પ્રાચીન નથી દેખાતી, પણ અહીં તેના ગોખલામાં મૂકીને સાચવી રાખેલી આ કીમતી શિલ્પ-કૃતિઓ, આ સ્થળે પ્રાચીન મંદિરો હોવાની સાબિતી આપે છે. અહીં કોઈ હિંદુ મંદિરો લગભગ છઠ્ઠા સૈકાથી હશે અને કોઈ મોટા શૈવ મઠાધીશ કે આચાર્ય પાસેથી વિમલ મંત્રીને જમીન ખરીદવી પડી લાગે છે. વિમલને બાંધકામમાં વાલીનાહ નામના કોઈ દેવે ઉપદ્રવ કર્યાની વાત આવે છે. તે વાલીનાથ કોઈ શૈવ આચાર્ય લાગે છે. એ જમીન ખરીદવાને જમીન જેટલી જ પાથરીને મહોરો આપી એ હકીકતમાં અતિશયોક્તિ હોય, તોપણ વિમળશાહને ખૂબ ભારે કીમત ચૂકવવી પડી એ તો ચોક્કસ છે; કેમકે સૈકાઓથી જામેલા આ સ્થળે નિદાન બેચાર મંદિરો ને એની મોટી જગ્યા તો હશે જ. પ્રાચીન કાળમાં શ્રાવસ્તીમાં બુદ્ધને અર્પવામાં આવેલા જેતવન માટે જેમ સોનામહોરો પાથરીને જમીન લેવામાં આવી હતી, તેમ અહીં વિમળે પણ સોનામહોરો પાથરીને આ જમીન મેળવી એ હકીકતમાં કંઇક વાસ્તવિકતા છુપાએલી છે એમ હવે આપણે માનવું જોઇએ.

આ જ સ્થાનમાં, રસિયા વાલમની મૂર્તિની બાજુએ, મરકત શિલાની ઘડેલી, ઠીકઠીક ઘસાએલી એક બીજી પ્રાચીન પ્રતિમા છે તે પણ મારાં ઉપર્યુક્ત અનુમાનોની પોષક છે. એ છે ચિત્ર નં. ૬૨માં રજૂ કરેલી પાર્વતીની–દુર્ગાની પ્રતિમા. એની બંને બાજુ વાહન તરીકે બે સિંહ બતાવ્યા છે. એક હાથમાંનું ત્રિશૂલ સ્પષ્ટ છે, એટલે આ પ્રતિમા દુર્ગા–પાર્વતીની છે એ તો નક્કી જ. શિલ્પકલાની દૃષ્ટિએ જોતાં એ સાતમા



ચિત્ર ૯૦: શેષશાયી વિષ્ણુનું આબુના જગન્નાથ મંદિરમાંથી મળેલું પ્રાચીન શિલ્પ

સૈકામાં મૂકી શકાય તેવી છે. સાડીની વચ્ચેની પાટલી, કમરબંધ, બાજુમાં લટકતા કમરબંધના છેડાઓ એની પ્રાચીનતા સાબિત કરે છે. મુખાકૃતિ કંઈક વધુ ઘસાએલી હોવાથી એકદમ ખયાલ ન આવે, પણ ઝીણવટથી તપાસતાં આ પ્રતિમાની પ્રાચીનતા વિષે કોઈ અભ્યાસીને શંકા નહિ રહે.

આબુનાં દેલવાડાનાં જૈનમંદિરો એ ગુજરાતનું ગૌરવ તો છે જ, પણ તે પર જતા ગુજરાતીઓ તેના ખૂણેખૂણા શોધી વળે તો હજુ ઘણું મળવા સંભવ છે. આબુ એ પ્રાચીન ધામ છે. અહીં વસિષ્ઠના યજ્ઞકુંડમાંથી રાજપૂતોની મુખ્ય જાતિઓ પ્રતિહાર, ચૌહાણ, પરમાર અને ચાલુક્યોના મૂળ પુરુષોની ઉત્પત્તિ થયાની હકીકત પાછળના રાજપૂત લેખોમાં મળે છે. એ કથાનો અર્થ શો? વસિષ્ઠાશ્રમ અને તેની આજુબાજુનો પ્રદેશ પુરાતત્ત્વની દૃષ્ટિએ જોવાની આપણી પ્રાથમિક ફરજ છે. વૈદિક અને પૌરાણિક કાલની સાથે આબુનું અને અહીંની અનાર્ય પ્રજાનું નામ પણ જોડાએલું છે; અને ભૂસ્તરશાસ્ત્રીઓની દૃષ્ટિએ તો ઘણી જ પ્રાચીન એવી આ આબુ–અરવલ્લીની પહાડીઓમાં પહેલાં કઈ સંસ્કૃતિ હતી, આર્યો અહીં ક્યારે આવ્યા, વસિષ્ઠના યજ્ઞકુંડમાંથી રાજપૂતોની ઉત્પત્તિની કથાનો અર્થ શો, એ બધા સવાલો અહીં પુરાતત્ત્વ વિષયક શોધખોળ કર્યા વિના કેવી રીતે હલ કરી શકાય?

પહેલાં આપણે વસિષ્ઠાશ્રમમાં જ ડોકિયું કરીએ; અને આપણે તો આ લેખમાં શિલ્પકલાનો જ અભ્યાસ કરવો છે એટલે ત્યાં કેટલાં પ્રાચીન શિલ્પો છે એ જ વિચારીએ. કથા મુજબ ચાલુક્યો અને પરમારોની ઉત્પત્તિ અહીં થઈ હોવાનો ખયાલ કરીએ તો–તથા દસમા સૈકા અથવા તે પહેલાં અહીં જો પ્રાચીન હિંદુ દેવસ્થાન હોવાના પ્રથમ દર્શનના પુરાવા મળે તો–પુરાતત્ત્વવિદોને અહીં વધુ શોધખોળ કરવા આકર્ષણ થાય. અને એવા પુરાવા તરીકે જ ત્યાંનાં પ્રાચીન શિલ્પો અહીં રજૂ કરું છું. આ શિલ્પોને સમજવા આજ સુધી ભાગ્યે જ કોઈએ પ્રયાસ કર્યો છે, અને એ શિલ્પો પ્રકાશમાં પણ ભાગ્યે જ આવ્યાં છે. આ સાથે રજૂ કરેલા ચિત્ર નં. ૯૩માંની સૂર્યની પ્રતિમામાં સૂર્યની બાજુમાં પ્રત્યૂષા અને રાજ્ઞી તથા દંડ અને પિંગલ છે. શિલ્પકલાની દૃષ્ટિએ એ બંને સ્ત્રી આકૃતિઓ લગભગ નવમા સૈકાની કલાકૃતિઓ છે. એ જાતનાં શિલ્પો આખા પશ્ચિમ હિંદ અને મધ્ય ભારતમાં ગુર્જર પ્રતિહારોના સમયના અવશેષોમાં મળે છે. જગન્નાથજીના મંદિરમાંની ચિત્ર નં. ૯૧ વાળી સૂર્યપ્રતિમા કરતાં આ નં. ૯૩ વાળી પ્રતિમા અવશ્ય પાછળથી બનેલી છે અને એનું ઘડતર પણ એટલું આકર્ષક નથી. ગળામાંનો હાર નવમા-દસમા સૈકાનાં ગુર્જર પ્રતિહાર શિલ્પોમાં ખૂબ પ્રચલિત છે. છતાં પ્રત્યૂષા અને રાજ્ઞીનાં અલંકરણોમાં દસમા સૈકાના હાર કે શરીરના ઘડતરમાં લાલિત્યનો ક્રમિક હ્રાસ એ બધું દસમા સૈકા જેવું નજરે પડતું નથી. મસ્તક ઉપરનું કેશગુંફન જોતાં પણ આ પ્રતિમાને નવમા સૈકાથી અર્વાચીન ગણવાનું યોગ્ય ન લાગે. એટલે અંદાજે આ પ્રતિમાને ઈ. સ. ૯૦૦ આસપાસની કે એથી કંઈક પ્રાચીન ગણવી યોગ્ય ગણાય.

ચિત્ર નં. ૯૪નું શિલ્પ કંઈક વજનદાર, કાળા પાષાણનું ને બહુ સુંદર ઘડેલું છે (જુઓ આર્ટપ્લેટ). પદ્માસનસ્થ દેવ એક મોટી દાંડીવાળા પૂર્ણ વિકસિત વિશાલ પદ્મ ઉપર બેઠેલા છે. દેવના છ હાથ હતા, પણ એ છ યે આગળથી ખંડિત છે. પદ્મની નીચે, કમલદંડની બે બાજુએ, બે નાગપુરુષ અને બે નાગિણીઓ (એમનાં મસ્તક ઉપર નાગ હોવાથી) ભક્તિભાવે નમન કરતી બતાવી છે. જ્યારે એ જ હારમાં મૂર્તિના જમણા છેડે હાથમાં ચક્ર ધારીને બેઠેલો પુરુષ તે વિષ્ણુનો આયુધપુરુષ 'ચક્રપુરુષ' છે. એ જ પ્રમાણે સામે બીજે છેડે બેઠેલા પુરુષનું આયુધ સ્પષ્ટ નથી, પણ તે પણ આયુધપુરુષ જ છે. એક બાજુએ ઊભેલી સ્ત્રી-આકૃતિ તે ગદાની છે કે કેમ તે સમજાતું નથી. પણ આયુધોની આકૃતિઓને બદલે તે તે આયુધો ધારણ કરેલા આયુધપુરુષ શિલ્પમાં કોરવાની કલ્પના ગુપ્ત યુગમાં શરૂ થઈ અને એ યુગમાં તે ખૂબ પ્રચારમાં પણ હતી. પાછળના સૈકાઓમાં એ પ્રચાર ઓછો થતો ગયો. આ આયુધપુરુષ-ચક્રપુરુષને લીધે આ પ્રતિમા ષડ્ભુજ વિષ્ણુની છે એ તો સ્પષ્ટ છે. મસ્તક ઉપરનો મુકુટ જૂની શૈલીનો–ટોપી ઘાટનો, ભાતીગળ છે અને આબુના શેષશાયીના મુકુટ કરતાં કંઈક જુદી ભાતવાળો પણ એ જ ઘાટ પરથી ઊતરી આવેલા ઘાટનો છે. વિષ્ણુના ગળાનો હાર તથા હાંસડી નોંધપાત્ર છે. ગળાના હારને છેડે નાની નાની ઘૂઘરીઓ છે, જે પાછળથી અસ્પષ્ટ ઘાટની બની જુદું સ્વરૂપ ધારણ કરે છે, તેનું દૃષ્ટાંત દસમા-અગિયારમા સૈકાનાં અન્ય શિલ્પો પૂરું પાડે છે. વિષ્ણુના બાજુબંધ મકરમુખવાળા છે, જ્યારે કમલદંડ, તેની બાજુએ બેઠેલા નાગ અને નાગિણીઓના બાજુબંધ કંઈક જૂની શૈલીના છે. આ આખી યે પ્રતિમા તથા તેમાંની જુદી જુદી આકૃતિઓ, એકંદરે સારા કારીગરના હાથે ઘડાએલી છે. આ પ્રતિમાને લગભગ આઠમા–નવમા સૈકાથી અર્વાચીન ગણવી ઉચિત નથી. જુદી-જુદી આકૃતિઓનાં અંગોની રચના જોતાં એ એથી કંઈક જૂની હોઈ શકે. પણ હાલ તેમ ચોક્કસ નિર્ણય બાંધવો મુશ્કેલ છે. (ચાલુ)


મનુષ્ય જે કાંઈ ખાય છે તેનાથી નહિ, પણ જે કાંઈ પચાવી શકે છે તેનાથી બળવાન થાય છે;
જે કાંઈ કમાય છે તેનાથી નહિ, પણ જે કાંઈ બચાવી શકે છે તેનાથી ધનવાન બને છે;
તે જે કાંઈ વાંચે છે તેનાથી નહિ, પરંતુ જે કાંઈ યાદ રાખે છે તેનાથી વિદ્વાન બને છે;
જે કાંઈ ઉપદેશે છે તેનાથી નહિ, પણ જે કાંઈ આચરણ કરે છે તેનાથી ધર્મવાન બને છે.

લૉર્ડ બેકન

ચોળિયાનો સોજો

લેખક ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

★ આપણા વિવિધ રોગોનાં કારણ અને નિવારણ ચર્ચતી લેખમાળા
માંહેલો મણકો ૮




આપણા શરીરમાં લોહીનું ભ્રમણ ત્રણ પ્રકારની લોહીની નળીઓ(vessels)માં થાય છે: (૧) શિરાઓ (veins), (૨) ધમનીઓ (arteries) અને (૩) લસિકાવાહિનીઓ (lymph-vessels). ખોરાક અને પ્રાણવાયુ-યુક્ત ધમનીઓનું લોહી આખા શરીરમાં ફરી વળી કોષોને પોષણ આપે છે. શિરાઓ એ લોહીને પાછું લાવી હૃદયમાં ઠાલવે છે. કોષો વચ્ચેની જગ્યાઓમાં આવેલી કેશવાહિનીઓમાંથી ઝમેલું લોહી લસિકાવાહિનીઓમાં એકઠું થઈ છેવટે શિરાઓમાં ઠલવાય છે. આ લોહીમાં કોષોની કામગીરી અંગે પેદા થએલાં વિષ અને વ્યયદ્રવ્યો હોય છે, જે શરીરમાં ફરતાં રહે તો પેશીઓને ઘણું નુકસાન પહોંચ્યા વિના ના રહે.

આ વિષ ને વ્યયદ્રવ્યોનું લસીગ્રંથિઓ શમન (neutralize) કરે છે-તેનું રાસાયણિક રૂપાંતર કરી એમને નિર્વિષ બનાવે છે. ગળું, બગલ, જાંઘ વગેરે શરીરના કેટલાક ભાગોમાં, લસિકાવાહિનીઓના માર્ગમાં લસીની ગાંઠો (lymph-glands) આવેલી છે. આ લસી-ગાંઠો લસીતંતુઓની બનેલી છે. લસી-તંતુ એ લિમ્ફોસાઈટ નામના ધોળા કણોનો જથ્થો છે. ધોળા કણો રોગજીવાણુઓ ઉપર હુમલો કરી એમનો નાશ કરવાનું કામ ઉપાડે છે. આ ઉપરાંત ગળામાંના ચોળિયાઓ, ઍડીનૉઈડ્ઝ ને ઍપેન્ડિક્સ વગેરે પણ લસીતંતુની ગાંઠો છે. આ બધી લસીગાંઠો કોષોએ ઉપજાવેલાં ઝેરી દ્રવ્યોથી કોષોને રક્ષણ આપવા ઉપરાંત બહારથી શરીરમાં પ્રવેશેલાં વિષદ્રવ્યો ને રોગજીવાણુઓથી પણ શરીરને રક્ષે છે.


નાક અને મોં શરીરનાં પ્રવેશદ્વાર છે. આ વાટે હવા, પાણી ને ખોરાક સાથે રોગજીવાણુઓ ને વિષદ્રવ્યો પણ શરીરમાં જાય છે. માટે આ પ્રવેશદ્વારો આગળ શરીરના સંરક્ષણ કાજે ખડે પગે રહેતા સાવધ અને સશક્ત ચોકીદારો જેવી લસીની ગાંઠો આવેલી છે, જે ચોળિયા કે કાકડા (tonsils) કહેવાય છે. ગળાની પાછલી બાજુએ તાળવાના ભાગ (pharynx)માં બંને બાજુ એ ચોળિયા ગોઠવાએલા છે. આ ભાગમાં થઈને હવા, પાણી અને ખોરાક આપણા શરીરમાં જાય છે. તાળવાના, ઉપલો વચલો ને નીચલો આવા ત્રણ ભાગ છે. નૅઝોફૅરિન્ક્સ (nasopharynx) નામના ઉપલા ભાગમાં તાળવાના ચોળિયા આવેલા છે, જે 'ઍડીનૉઈડ્ઝ' (adenoids) નામે ઓળખાય છે. જ્યારે નીચલા તાળવામાં ગળાના ચોળિયા કે 'ટૉન્સિલ્સ' (tonsils) આવેલા છે. ગળાના પાછલા ભાગમાં આવેલા આ ચોળિયા, મોં પહોળું કરી જીભ દબાવી આ...આ...આ અવાજ કરવાથી સહેલાઈથી બદામ આકારના માંસના લોચા જેવા નજરે પડે છે.

ચોળિયા રક્ષણ કરનારી અમૂલ્ય લસી-ગાંઠો છે. તે મોટા માણસો ને છોકરાંઓમાં રોગજીવાણુઓના હુમલાને રોકવાનું કામ ઉપાડે છે. રક્ષણની પહેલી હરોળ જેવા તાળવા અને ગળાના ચોળિયા દેહમાં પ્રવેશતા રોગ-જીવાણુઓને પકડી તેમનો નાશ કરે છે. આ વખતે તેમાં સોજો આવી દાહ (inflamation) થાય છે. દસ વર્ષની વય સુધીનાં બાળકોમાં આવું વારંવાર થઈ આવે છે. જીવનના આ ભાગ ચોળિયા રોગજીવાણુઓનાં ધાડાં સામે લડતા રહી, વિજયી થઇ, ઘણા રોગો માટેની રોગમુક્તિ (immunity) મેળવે છે. આમ, ચોળિયા બેવડું કામ ઉપાડે છે. એક તો રોગજીવાણુઓના હુમલાથી શરીરને રક્ષે છે અને બીજું ઘણા રોગો માટે રોગમુક્તિ પ્રાપ્ત કરે છે.

આપણા ગળામાંના ચોળિયા, એ મૂળ તો આપણું રક્ષણ કરનારી અમૂલ્ય લસી-ગાંઠો છે અને દેહમાં પેસતા રોગના જીવાણુઓને પકડી તેમનો નાશ કરે છે; પણ એ કામગીરીમાં વધારે પડતો બોજો આવી પડવાથી તેમનું રક્ષણબળ તૂટી જાય છે. એવે વખતે જીવાણુઓથી ખદબદતા અને તેમના ઝેરથી લચપચતા એ ચોળિયામાંનું ઝેર છલકાઈ જઈ શરીરમાં વ્યાપે તો શરીરમાં જે અનેક જાતના રોગો થઈ આવે તે ઉપલી આકૃતિમાં દર્શાવ્યા છે.



ચોળિયાના બે પ્રકાર છે: તાળવાના ઉપલા ભાગમાં આવેલા ચોળિયા 'ઍડીનૉઈડ્ઝ' કહેવાય છે, અને નીચલા તાળવામાં ગળાના ચોળિયા આવેલા છે તે 'ટૉન્સિલ્સ' કહેવાય છે. મોં પહોળું કરી જીભ દબાવવાથી બદામ આકારના નજરે પડે છે.



તંદુરસ્ત અને રોગિષ્ઠ ચોળિયા

ડાબી બાજુ : રંગે ગુલાબી, કૈંક લંબગોળાકાર લાગતા તંદુરસ્ત ચોળિયા. તેમાં વચ્ચે કાપ મૂકીને રોગના જીવાણુઓનું ચાળણ કરતી નલિકાઓ બતાવી છે. જમણી બાજુ એ જ ચોળિયા રોગાવસ્થામાં દર્શાવ્યા છે, જેની અંદર રોગના જીવાણુઓના ઝેરના ભરાવાથી તેમનું કદ વધ્યું છે. આવે વખતે જો તેમનું રક્ષણબળ તૂટી જાય તો કાપામાં દેખાતી નળીઓ પરૂ જેવા પ્રવાહીને બહાર કાઢે છે, અને એ ઝેર શરીરમાં વ્યાપે તો માણસ અનેક જાતના રોગનો ભોગ થઈ પડે છે. આટલા માટે, આજથી પચ્ચીસ વરસ પર રોગનિવારક વિધિ તરીકે તંદુરસ્ત ચોળિયા પણ કપાવી નાખવાની ફૅશન થઈ પડી હતી. પણ હવે ચોળિયાની શરીરમાંની રક્ષણાત્મક કામગીરી સમજાઈ છે, અને અનિવાર્ય જરૂર જણાય તો જ તે કાપવામાં આવે છે.

નાનપણમાં ગળાના અને તાળવાના ચોળિયાઓ મોટા હોય છે. આનો અર્થ એમ નથી કે તે રોગિષ્ઠ હોય છે; પણ જો મોટા ચોળિયા સાથે એમાં ઉપરાઉપરી સોજો આવતો હોય તો તે નુકસાનકર્તા હોવાની બીક ખરી. કોક વાર ચોળિયા ઉપર વધારે કામગીરી આવી પડતાં એનું રક્ષણબળ તૂટવાથી તે જાતે જ રોગના ભોગ બને છે. સ્ટ્રૅપ્ટોકૉક્સ સ્ટૅફિલોકૉક્સ ને ન્યૂમોકોકસ નામના જીવાણુઓથી એમાં રોગસંચાર (infection) થાય છે.

એનાં ચિહ્નોમાં ગળું આવવું, ટાઢ વાયા પછી માથું અને કમર દુખવાં, ગળાની ગાંઠો ફૂલવી, ગરદન અને જડબાં અકડાઇ જવાં, હાથપગમાં દુખાવો થવો, શરદી, ઉધરસ, કાનમાં સણકા, તાવ ને કદીક ઉબકા અને ઝાડા થઈ આવવા, વગેરે છે. જીભ પર ધોળા થર જામે છે. ચોળિયામાં પરૂનાં ટપકાં દેખાય છે. થોડા દિવસમાં ચેપ પોચા તાળવામાં પસરતાં ક્વિન્સી (quinsy) નામનો બહુ વેદનાભર્યો ચોળિયાનો સોજો (tonsillitis) થઈ આવે છે. આ સ્થિતિ વખતે દરદીને પથારીમાં રાખી આરામ આપવો જોઇએ. ગળા ઉપર ઠંડાં પોતાં સાથે મીઠું ઓગાળેલા હૂંફાળા પાણીના કોગળા કરાવવા જોઇએ. પીડાશામક દવા સાથે પેનિસિલિન કે સલ્ફા ઔષધિ આપવાથી આ સોજો મટી જાય છે.

જીવાણુઓથી ખદબદતા અને જીવાણુ-ઝેરથી લચપચતા હોય ત્યારે ચોળિયા આરોગ્ય હણનારા છે. તેમનું એ જીવાણુ-ઝેર છલકાઈ જઈ શરીરમાં વ્યાપવાથી જાતજાતના રોગો થઈ આવે છે. જેવા કે ઍપૅન્ડિસાઈટિસ, રાંઝણ, કમરનો વા, સાંધાઓના દુખાવા, હોજરી ગુરદા આંખ ને મૂત્રાશયના રોગો, ગળાની ગાંઠો ફૂલવી વગેરે.

નાનપણમાં મોટા કદના તાળવાના ચોળિયા મોટી ઉમર થતાંથતાંમાં તો અદૃશ્ય થાય છે. જો આમાં સોજો આવે તો તે નુકસાનકારક થઈ પડે છે. વધેલા તાળવાના ચોળિયાથી તાળવામાં થઇને જતી હવાનો માર્ગ રોકાય છે. આમ થવાથી બાળક મોં વાટે શ્વાસ લેવા માંડે છે અને ગૂંગણા અવાજે બોલે છે. તેને ઊંઘમાં ખલેલ પડવા સાથે નસકોરાંનો ઘઘરાટ થાય છે. કાનના રોગ સાથે બહેરાશ પણ થઈ આવે છે. આટલી શિક્ષા અધૂરી હોય તેમ દરદીનો માનસિક અને શારીરિક વિકાસ પણ અટકી પડે છે. વધેલા તાળવાના ચોળિયા સાથે ગળાના ચોળિયા પણ ફૂલેલા હોય છે.

આજથી પચીસ વર્ષ અગાઉ ગળાના ચોળિયા રોગસંચારનું ધામ ગણાતા હોઈ એમને તંદુરસ્ત હોય તો પણ રોગનિવારક વિધિ તરીકે શસ્ત્રક્રિયાથી દૂર કરવાની ફૅશન થઈ પડી હતી. અમેરિકામાં નિશાળે જતાં અગાઉ નાનાં છોકરાંના ચોળિયા કાપવાનું સામાન્ય હતું. પણ હવે ચોળિયાની શરીર વિષે રક્ષણાત્મક કામગીરી સમજાઈ હોઈ બનતાં સુધી તે કાપવામાં આવતા નથી. ફૂલેલા કે સોજાવાળા ચોળિયા કાંઈ રોગી નથી હોતા. આ વીફરેલી સ્થિતિમાં એ તો ચેપને પકડી, સંહારનું કામ ઉપાડી ભવિષ્ય માટે રોગમુક્તિ આણતા હોય છે. ચોળિયા કપાવવાનાં ખાસ કારણો આ પ્રમાણે છે: (૧) વારંવારનો ચોળિયાનો સોજો, (૨) ચોળિયામાં ગુમડું થઈ આવવું અને (૩) ગળાની બારી રૂંધે એવા મોટા વધેલા ચોળિયાઓ.

ચોળિયાની શસ્ત્રક્રિયા (tonsillectomy) સાવ સાદી છે. પણ ભય એ છે કે ચોળિયાનાં ઠૂંઠાં (stumps) ન રહેવાં જોઇએ. તે તંદુરસ્ત ચોળિયા જેવું કામ ઉપાડી શકતા ન હોવાથી ફક્ત રોગસંચારનું ઘર બને છે, જેમાંથી ચેપ લસી અને લોહીમાં ભળવાથી થાક, શરીરનો દુખાવો, હૃદયનો થડકારો વગેરે દૂરગામી અસરો થાય છે. ચોળિયાનો સોજો આવ્યાને મહિનો વીત્યે તેનું ઑપરેશન કરવામાં આવે છે. હૃદય ફેફસાંના રોગ તેમજ શરદી વખતે ઑપરેશન કરવામાં નથી આવતું. બાળલકવાના ઉપદ્રવ વખતે પણ ઑપરેશન મુલતવી રાખવામાં આવે છે, કારણ કે જાણવામાં આવ્યું છે કે તાજા ઑપરેશનવાળાં બાળકો આ રોગના ત્રણગણા વધુ ભોગ થઈ પડે છે. (હવે પછી 'ડિપ્થેરિયા')

આ અંકનું મુખચિત્ર

કલાકારે તો એને સાદું જ નામ આપ્યું છે: 'ઘર ભણી'; પણ એમાં જે સુખી, સંતોષી ને સ્નેહલ ગ્રામદંપતીના જીવનમાધુર્યનું રમ્ય ચિત્ર આલેખ્યું છે તે સમસ્ત ભારતવ્યાપી બનાવવાની આપણી આજની મનીષા છે, પ્રયત્ન છે. નીચલા ડાબા ખૂણેથી કર્ણાકારે આંખને ઉપર દોરી જતું ચિત્રનું સંયોજન અભિનવ-મધુર છે. સ્ત્રી-પાત્રના બંને હાથ તથા ઢળેલા ટોપલાથી રચાતી ત્રાંસી રેખાને, એથી ઊલટી જ દિશામાં વહેતી પુરુષપાત્રની (પાઘડીના છોગાથી પાવાવાળા હાથમાં થઈ નીચે ધોતીની ભાત સુધી જતી) રેખા ભાંગી રહે છે; અને ટોપલાની ગોળાકૃતિ જોડે તાલ લેતી સ્ત્રીની ઓઢણીની, તેના લાવણ્યભર્યા હાથની, પુરુષના કેડિયાની તથા તેની પાઘડી અને ધોતીની ભાતની (તેમજ ટોપલાની વસ્તુઓની સુદ્ધાં) ગોળાકાર રેખાઓ ચિત્રને તરંગોથી હિલોળા લેતા સરોવર જેવું ભર્યુંભર્યું બનાવી દે છે.

ધોબીનો કૂતરો [નાટિકા] ★ લેખક તારક મહેતા



દૃશ્ય ૧લું

[પર્દો સંકેલાય છે ત્યારે દૃષ્ટિ સમક્ષ તદ્દન સામાન્ય ઢબછબનો ખંડ દેખા દે છે: ઘડીભર પ્રેક્ષકને થાય, આમાં શો દમ હશે! ચાલુ ઘરેડનું ફર્નિચર, દીવાલ પર ચાલુ વર્ષનું કૅલેન્ડર (ઉપર કોઈ અજાણ્યાં દેવદેવીની છબી) છે. જેટલી વાર ચોંધાટિયો પવન ચક્કર મારી એ દિશામાં વહે છે એટલી વાર પેલું કૅલેન્ડર પણ વિરોધ જાહેર કરતું દીવાલ ઉપર ઊછળે છે; અને શ્રી સન્મુખલાલના હાથમાંથી અખબાર પણ ઊડી જવા પ્રયત્ન કરે છે! વેણીબહેન હાથમાં ચાનો પ્યાલો લઈ પ્રવેશે છે.]

સન્મુખલાલ: (છાપામાંથી મોં કાઢી) તમે એને વાત કરી?

વેણીબહેન: તમે જ કરો ને!

સન્મુખ: (બૂમ પાડીને) મોહન......એ મોહન. (ગુસ્સાથી) પહેલી બૂમ સાંભળીને આવે એવું એની જિંદગીમાં કદી બન્યું નથી.

વેણી: ત્યારે તમે ય તે કે દા'ડે એક બૂમ પાડીને અટક્યા છો? કોક દા'ડો તો એ બચારો 'હાં' બોલે તો યે તમે ઘાંટા પાડ્યે જાઓ છો.

સન્મુખ: મોહનની વાત નીકળે એટલે તમારે એનું ઉપરાણું લેવું જ, એમ? હું એનો બાપ છું તે તમે ભૂલી જાઓ છો.

વેણી: હું કંઈ ભૂલતી નથી; તમે ભૂલવા દો છો ક્યાં? મને પયણવા આ'યા તા'રે ય તે તમે તો મો ચઢાઇને બેઠા'તા. સૌ તો મને કાનમાં કે' કે તારા વર તો બીજવર જેવા દેખાય છે.

સન્મુખ: હું કેવો દેખાતો હતો અને કેવો દેખાઉં છું તે હું તમને નથી પૂછતો.

વેણી: તમે ચિડાઓ નહિ તો કહું.

સન્મુખ: (જિજ્ઞાસા છુપાવતાં) શું?

વેણી: આપણુ જ્યારે વેશવાળ થએલું ત્યારે મેં તો તમને દીઠેલાએ નહિ. પછે મારી બાએ મારી ઇતિહાસની ચોપડી કાઢી અને મહીંથી હૈદરઅલીનું ચિત્ર કાઢીને કહે કે 'દાઢી વધારે તો આવા દેખાય.'

સન્મુખ: એક વાર મેં તમને કહી દીધું કે મને આ જાતની ઠઠ્ઠામશ્કરી પસંદ નથી. તમે આવડાં મોટાં થઈ પ્રસંગની ગંભીરતા નહિ સમજો તો તમારાં છોકરાં તમારી પાસેથી શું શીખશે? (ભારપૂર્વક) પુરાણા કાળમાં તો...

વેણી: પાછી તમે 'પુરાણા કાળની' વાત કાઢી! એ કરતાં તો તમે મોહનને ફરી બૂમ પાડો.

સન્મુખ: એ છોકરો મારી બૂમોને ગણકારતો નથી તે મને જરા યે પસંદ નથી. કઈ ઘડીએ પેલા આવી પહોંચશે તેનું કંઈ ભાન છે?

વેણી: પણુ એ બચારો ઓયડી બંધ કરી શીરષાસન કરે છે. જેટલી વાર તમે બૂમો પાડો છો એટલી વાર એ ત્યાં પડી જાય છે. હજુ કાલે જ હાથમાં ઢીંચણુ પકડીને બૂમો પાડતો'તો.

સન્મુખ: મને શી ખબર આ બધી? એ કહે ત્યારે ને?

વેણી: તમે ચિડાઓ તેથી—

સન્મુખ: એટલે? એ કસરત કરે છે એ વાત ઉપર હું ચિડાઉં એવો મૂર્ખ એ મને માને છે?

વેણી: એમ તો નંઈ, પણુ બચારો કહે છે કે જો મોટાભાઇને ખબર પડશે કે હું કસરત કરું છું તો પુરાણા કાળમાં મુનિઓ કેમ કસરત કરતા હતા તે ઉપર એક ભાષણુ આપશે.

સન્મુખ: ટૂંકાણમાં આ ઘરના બધા જ એમ માનતા થઈ ગયા છે કે હું પાગલ થઈ ગયો છું. હું...હું...હું થૂંકી નાંખવાની વાતમાં ભાષણ કરું છું...હું...હું.

વેણી: (એમને બોલતા બંધ કરવા બૂમ પાડે છે) મો......હન.

મોહન: (તરતજ અંદરથી) કેમ બા...આ?

વેણી: આ તારા બાપુ બોલાવે છે, ને ક્યારનો જવાબ કેમ નથી દેતો?

મોહન: (અંદરથી જ) મેં તને કહ્યું તો હતું બા!

સન્મુખ: (ગુસ્સાથી) છોકરાને એની જવાબદારીનું ભાન જ નથી. કઈ ઘડીએ પેલા લોકો આવી પહોંચશે. (બૂમ પાડીને) મોહન...

મોહન: (અંદરથી) જી...મોટાભાઈ—!

સન્મુખ: હમણાં ને હમણાં બહાર આવ.

મોહન: (અંદરથી) પણુ મોટાભાઈ...

સન્મુખ: 'એવું' હોય તો ટુવાલ વીંટીને આવ.

વેણી: બિચ્ચારો!

સન્મુખ: એની આખી જિંદગીમાં જો મને ગમે તેવું કંઈ કામ મોહને કર્યું હોય તો તે આ શીર્ષાસન કરવાનું; પણુ કંઈ એ ઊડઝૂડિયાની ડોક મરડાઈ ન જાય.

વેણી: મનેય એ જ ચિંતા છે. જ્યારથી એણે શરૂ કર્યું છે ત્યારથી નીચેવાળા કહેકહે કરે છે કે મોહનભાઇને કહીએ કે અમારા ઘરમાં આવીને કસરત કરો, આમ ઉપર કરે છે તે અમારો કચરો કાઢી કાઢીને અડદાલો નીકળી જાય છે.

સન્મુખ: એ નીચેવાળા તો એ જ દાવના છે. બહુ ગરબડ કરશે તો કાલથી હું ય કસરત કરીશ...(મુદ્દાની વાત યાદ આવતાં) પણ તમે એને કાને વાત નાખી નથી તે ખરી ઘડીએ ટુવાલ વીંટીને નીકળશે—

વેણી: (વ્યંગમાં વાક્ય પૂરું કરતાં)—પુરાણા કાળના મુનિની પેઠે...

સન્મુખ: મૂગાં મરો તમે.

મોહન: (બદિયન પહેરેલું છે અને ટુવાલ યા તો પંચિયું લૂંગીની પેઠે વીંટાળેલું છે.) બોલો, શું કહેતા'તા?

સન્મુખ: જીવ રાખીને સાંભળ.

મોહન: બા, મેં તને નહોતું કહ્યું કે તું એમને ના કહેતી? જો હવે.

સન્મુખ: ચૂપ રહે હવે. આ તો બીજી જ વાત છે. કસરત કર્યે કંઈ જયવારો ના થાય, સમજ્યો? બીજી ય વાતોમાં મગજ રાખવું પડે. પુરાણા કાળમાં—

વેણી: (એમને અટકાવતાં) અંઅંઅં—

સન્મુખ: —હા, તો હું એમ કહેતો હતો કે આપણે જાણે તમારે વિષે વિચાર કરીએ છીએ. તમે હવે ભણી રહેવા આવ્યા છો—અને આપણી નાતના ગિરધરલાલની ભત્રીજી માટે એમના માસા આપણા જન્માક્ષર લઈ ગયા હતા.

મોહન: આપણા એટલે કોના?

સન્મુખ: અલ્યા મૂરખ, આપણા ઘરમાં તારા સિવાય બીજા કયા ગધેડાને મારે ઘોડે ચડાવવાનો છે? પુરાણા કાળમાં જો આવો પ્રશ્ન કરો તો તમને શાપ મળે.

વેણી: આજની વાત કરો ને.

સન્મુખ: હા, તો હું શું કહેતો હતો?

વેણી: કે મોહનના અને ગિરધરલાલની ભત્રીજી સીતાના જન્માક્ષર મળે છે.

સન્મુખ: અને અત્યારે એ લોકો મળવા આવવાના છે.

મોહન : ભલે.

સન્મુખ : ભલે નહિ ચાલે. તમે આ ગાભા કાઢો અને કંઈક ઠીક થઇને બિસજો. મહોરમના વાઘ જેવા ના ફરતા.

મોહન : પણ...પણ મારી શી જરૂર છે?

સન્મુખ : તો કોની જરૂર? પરણવા કોણ જવાનું છે, હું કે તું?

મોહન : પણ હું...મેં...મેં—

સન્મુખ : બેં...બેં શું કરે છે? ચલ, જા અંદર.

મોહન : પણ મેં ક્યાં હા પાડી છે?

સન્મુખ : પણ તારા જન્માક્ષર તો મળે છે ને? જન્માક્ષર ન મળતા હોય તો વાત જુદી છે.

વેણી : એવું છે ને ભઈ, કે જો જન્માક્ષર મળતા જ હોય તો પછી બહુ ખેંચવું ન'ઈ. જો કીરપાશંકરની માયાના જન્માક્ષર મળતા ન હતા તો જેવી પયણી કે પન્નર દા'ડામાં જ એનો વર તદ્દન ગાંડો થઈ ગયો.

મોહન : તો પછી ગાંડા જોડે જન્માક્ષર મળે તો શું એ ડાહ્યો થઈ જાય?

સન્મુખ : (વેણીને) ખેંચો ને હજુ ઉપરાણું! પછી કહો છો કે આખો દિવસ પુરાણા કાળની વાત કરે છે! સાંભળો હવે આ આજકાલના તમારા છીછોતરાને!

મોહન : મોટાભાઈ, મારા જરા આ બાબતમાં વિચારો જુદા છે. હું મરજી વિરુદ્ધ લગ્ન કરવામાં માનતો નથી.

સન્મુખ : પણ તને કોણ ઘોઘરો દબાવીને કે' છે કે અબ્બીને અબ્બી તું એ સીતા જોડે પયણી જા. પણ માણસો આવે તેમને મળવું તો પડે જ ને? કોઈ માણસ માગું કરવા આવે ત્યારે જેમ બૂટપાલીસવાળાની જોડે પગની ખેંચતાણ કરીએ છીએ તેવું તો ન જ થાય ને?

વેણી : તું તારે આવીને બિશજે ને! વાત તો અમે જ કરીશું.

મોહન : (ખચકાઇને) પણ બા, રીહર્સલ છે.

સન્મુખ : (ઊંચા અવાજે) મેં તને હજ્જાર વાર ના કહી છે કે તું નાટકમાં ઊતરવું બંધ કર.....જા તું તારે જવું હોય તો, પણ અરધે નાટકે તારો પડદો પડાવી ન નાખું તો—

વેણી : તમે ધાંટા ઓછા કાઢો ને?

સન્મુખ : એટલે હું જ ધાંટાઘાંટ કરું છું, એમ? સારું.......તમે તમારે ફોડજો માથાં. આજથી એની વાતમાં એક હરફ બોલું તો. (વેણીબહેન આંખે પાલવ ઢાંકી ડુસકાં ભરે છે. બંને બાપદીકરો છોભીલા પડી ઊભા રહે છે.) લો, કરો નાટક હજુ.

મોહન : હું રહું છું બા...પછી કંઈ છે?

વેણી : (રોતા અવાજે) ના રે, તમતમારે જાઓને અહીંથી!

સન્મુખ : જા જલદી, અને તૈયાર થઈ જા. (મોહન જાય છે) અને તમે પણ. (ઢીલા પડીને) કહું છું કે એ લોકો આવતા જ હશે ને તમે રોતી સૂરત રાખશો તો પછી—(એમને શબ્દ જડતા જ નથી. ઊભા થઈ પ્યાલામાંથી ચા રકાબીમાં કાઢી આપે છે. વેણીબહેન એમના સામું જુએ છે, મલકાય છે અને ચા પી જાય છે.) મને લાગે છે કે એ છોકરો શીર્ષાસન કરે છે ને તેમાં તેનું ભેજું ઊલટાસૂલટી ચાલે છે.

વેણી : પાછી એની વાત જો કાઢી છે તો હું તમારી સાથે વાત નહિ કરું.

સન્મુખ : સારું ભઇ સારું, નહિ કરીએ. (પ્યાલાની વધેલી ચા પોતે ગટગટાવી જાય છે.)

વેણી : (પ્યાલો લઈને જતાં) તમે જરા ઠીક થઈ જાઓ,

[સન્મુખરામ આયના આગળ ઊભા રહી બિચાર રીતે ટોપી પહેરે છે. વેરવિખેર પડેલા દૈનિકનાં પાનાં અનુક્રમે ગોઠવી દે છે. બિચાર પળો એમ વીતી જાય છે, ત્યાં બહારથી અવાજ સંભળાય છે.]

અવાજ : સન્મુખરામ, છો કે?

ત્રેણી : (હાંફળાંફાંફળાં પ્રવેશીને, માથે સાડલો ઓઢતાં) આવો આવો...કાશીબહેન.

ગિરિધરભાઇ : કેમ છો સન્મુખભાઇ સાહેબ, શું ચાલે છે? હેં હેં હેં...કંઇક દિવસથી પ્રોગ્રામ ગોઠવેલો, પણ કંઈ વરસાદ છે...કંઈ વરસાદ છે...હેં હેં હેં.

સન્મુખ : વરસાદ તો મારો કાળ. પૂછો ને એમને.

વેણી : હા ભઇ. સે'જ ફોરાં પડતાં હોય તોયે ઑફિસને રામરામ...આખો દા'ડો ઘેર બિશી રે'.

સન્મુખ : (બૂમ પાડીને) મોહન.

મોહન : (અંદરથી) એ આયો, મોટાભાઈ.

વેણી : (કાશીને) છેલ્લાં તો મને લાગે છે તાં સુધી આપણે રથજાત્રાને દ'ાડે મળેલાં નંઈ?

કાશી : (મીઠું હસીને) હાસ્તો, બળ્યું બા, તમને ય યાદ પણ છે તો! એ દા'ડે તો કંઈ ઓછી ધક્કામુક્કી થઈ છે! અમારી જોડેવાળાની કીકી તો ખોવાઇ ગએલી તે બચારો એનો વર ને એનાં છોકરાં આખું ઘર પોક મેલીને રડે.

સન્મુખ : (જુસ્સાથી) નમાલા માણસો રડે નહિ તો બીજું કરે પણ શું? એ શૂરવીરતાનો જમાનો જ ક્યાં છે આજે? હવે તો છીંક ખાતામાં લોકો કોરટે જાય, અને એ વખતે તો બાવડાંનો ન્યાય. ઉપનિષદમાં એને 'મત્સ્યન્યાય' એટલે કે મોટું માછલું નાના માછલાને ખાય—

કાશી : (ચમકીને) કોણ માછલાં ખાય છે?

સન્મુખ : (જુસ્સો દબાવતાં) કોઈ નહિ.

ગિરિધર : આમ તો આજે ય ન નીકળાત, પણ મારા બ્રધર કહે કે ગિરિ, તું જાતે જ સન્મુખરામને મળ...હેં...હેં...હેં.

સન્મુખ : તમે આવ્યા તે તો સારું જ કર્યું.

ગિરિધર : એવું છે ને કે...પાછું બીજી પણ બે ત્રણ જગ્યાએ—

વેણી : (કાશીને) આપણે તો બધું ય સમજીએ, પણ છોકરાંને સમજાવવું કંઈ સહેલ છે? કો' જોઈએ.

કાશી : નંઈસ્તો!

સન્મુખ : આપણો તો જમાનો ગયો.

ગિરિધર : હાસ્તો, આપણે ઊંઘતાં 'તાં ને પરણી ગએલાં. હેં હેં હેં.

સન્મુખ : અરે મારી તો હજુ યે ઊંઘ ઊડી નથી. (પોતે શી યે રમૂજ કરી નાખી હોય તેમ હસે છે પણ કોઇ હસતું નથી એટલે જરા છોભા પડી શાંત રહી જાય છે. એકબે પળ શાંતિ રહે છે.)

મોહન : (આવીને) નમસ્તે.

સન્મુખ : (ઉત્સાહમાં) આ અમારો મોહન.

ગિરિ : કેમ છો મોહનરાય! (ઘરવટ બતાવવા) આજે કૉલેજ નથી ગયા?

મોહન : નાજી...આ જતો જ હતો.

કાશી : (વેણીને) કૉલેજમાં તો હવે એમને છેલ્લું વરસ ને?

વેણી : એનું તો ભણવાનું જ ક્યાં ખૂટે છે!

સન્મુખ : મને પોતાને વિદ્યાભ્યાસનો બહુ શોખ. સાચું પૂછો તો આજની કેળવણીમાં જ મને ભલીવાર લાગતો નથી. હું તો મોહનને રોજ કહું છું કે ભાઇ, પુરાણા કાળમાં જે મુનિઓ આશ્રમ ચલાવતા ને વિદ્યાર્થીઓ...

વેણી : (વાત કાપી નાખતાં) મોહનને ય આમ ભણવાનો ખૂબ શોખ.

ગિરિ : (હળવેથી) હવે બી. એ. થઈને પરણી જાઓ પછી બધું ખપાવે જજો.

મોહન : (આડઇથી) ના જી. મારા વિચાર જરા જુદા છે. મૂળે આ રીતના લગ્નમાં મને રસ નહિ, અને પરસ્પર સાહચર્ય ન થાય ત્યાં લગી નિર્ણયો કરવા તેનો કશો અર્થ નહિ.

સન્મુખ : (બગડતી બાજી સુધારવા મિથ્યા પ્રયત્ન કરતાં) મેં જ એને કહ્યું છે કે જ્યાં લગી વિદ્યાર્થી હોઇએ ત્યાં લગી બીજીત્રીજી વાતોમાં ડાફરીઆં ન મારવાં.

મોહન : (હાંકે રાખે છે) સાચું પૂછો તો લગ્ન એ એક મોટું ધતિંગ છે.

ગિરિ : (મશ્કરી માનીને) હેં હેં હેં!

મોહન : મશ્કરીની વાત નથી. જેનાં લગ્ન થવાનાં હોય તેના સિવાય બધાં જ પરણતાં હોય તેમ ફરે છે! (અનુ. પૃ. ૩૨૨મે)

લઘુ-યોગ

લાંબું જીવવા અને સુખ પ્રાપ્ત કરવા માટે સંસારમાં રહીને કરી શકાય તેવો રોજિંદો કાર્યક્રમ



લેખક

સાધુરામ દવે

યોગ જેવા ઊંડા અને ગહન વિષયને, સામાન્ય માણસને પણ સમજણ પડે તે રીતે ટૂંકાવીને સમજાવતા આ બીજા લેખમાં શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક ઉન્નતિને માટે આખા યોગશાસ્ત્રના અને બીજા થોડા સામાન્ય નિયમોમાંથી તારવીને ઘેર કરી શકાય તેવાં કેટલાંક સૂચનો તથા કસરતો આપવામાં આવ્યાં છે. આશા છે કે દરેક જણ તે પ્રામાણિકપણે અને નિયમિતપણે કરશે તો અદ્‌ભુત પરિણામ જોઈ શકાશે. ગેરફાયદાઓને આમાં સ્થાન જ નથી.

ગયા લેખમાં અસલ યોગનાં મૂળતત્ત્વ આપણે ટૂંકામાં જોઈ ગયા. તે પરથી સર્વને ખયાલ તો આવ્યો જ હશે કે યોગી બનવું તે સામાન્ય વાત નથી જ. કોઈ વિરલાઓ જ તે કઠણ માર્ગે જવાનો પ્રયત્ન કરશે, ને તેમાંથી વળી કોઇક જ 'યોગી' બની શકશે. આધુનિક જમાનો જુદી જ જાતનો છે. પહેલાંના જેવી શાંત અને સરળ જિંદગી હવે રહી નથી. આત્મોન્નતિના એ વિચારો ઝટ દઈ ને લોકોના મગજમાં પેસવાના નથી. એટલે આ અમૂલ્ય બક્ષિસને આજના જમાનાને અનુરૂપ ટૂંકાવીને એક ચોક્કસ કાર્યક્રમ યોજવો ઈષ્ટ છે. તે કાર્યક્રમ સૌ ભાઇ કે બહેન, નાનાં યા મોટાં, જુવાન કે ઘરડાં પણ કરી શકે તેવો છે. તેનાથી કોઇ જાતનું નુકસાન થવાનું નથી. આજે તો આત્માના દિવ્ય જોડાણની વાત કરતાં લોકોને પોતાની હોજરીનાં ચાંદાં અને લોહીના દબાણની વાતમાં જ ઝાઝો રસ છે. એટલે નરી ફિલસૂફીની વાત કોઈ સાંભળનાર નથી. દરેક જણ પોતાનું દુઃખ જ રડયા કરે છે ત્યાં કુંડલિની જાગ્રત કરવામાં કોણ રસ લેશે? એટલે આપણે જનહિતને ખાતર પણ ઊંચી ભૂમિમાંથી નીચે જમીન ઉપર ઊતરવું પડશે. અને એ દૃષ્ટિએ જ આ ૨૦ મિનિટનો કાર્યક્રમ ઘડવામાં આવ્યો છે.


આ સંસારની દોડધામ અને તેનાં અનેક દુઃખો વચ્ચે આત્મિક શાંતિ અને સાચા સુખની માણસને જરૂર તો છે જ, પરંતુ સુખી શી રીતે થઈ શકાય તે જ કોઈ ને સમજાતું નથી. તેને માટે ભારતની પ્રખ્યાત અને સર્વશ્રેષ્ઠ યોગપદ્ધતિને આધુનિક જમાનામાં અનુસરી શકાય તેવી ો અત્રે આપી છે. એમાં અસલ યોગની અઘરી ક્રિયા-પ્રક્રિયાઓને છોડી દીધી છે, છતાં યોગનાં સર્વ પગથિયાંનો, ટૂંકમાં સમાવેશ કર્યો છે. એથી ઉચ્ચ સ્થિતિ તો પ્રાપ્ત કરી શકાશે. આવા આ સહેલા, આધુનિક, દરેક જણ માટે શક્ય અને રોજ કરી શકાય તેવા 'યોગ'ને આપણે 'લઘુયોગ' કહીશું.

આમાં માત્ર ધ્યાન એટલું રાખવાનું કે બતાવેલી ક્રિયાઓ ખૂબ ધીમેથી, શાંત ચિત્તે, સંપૂર્ણ લાભ જ થનાર છે એવા વિશ્વાસથી કરવાની છે. શંકાને આમાં સ્થાન જ નથી. આ ક્રિયાઓ સહેલી પણ એટલી જ છે. દરરોજની માત્ર ૨૦ મિનિટથી માણસ એમાંથી અકલ્પ્ય લાભ ઉઠાવી શકશે. આ વાત કેટલાકને ગળે નહિ ઊતરે, છતાં દરેક જણ પ્રામાણિકપણે ને નિયમિત તે ક્રિયાઓ એક જ માસ કરે અને પછી તેનું પરિણામ જુએ. ઈંગ્લંડમાં તો આને માટે ખાસ વર્ગો ચાલે છે. હજારો વિદ્યાર્થીઓના અનેક પ્રામાણિક દાખલા પણ મોજૂદ છે. અલબત્ત આમાં ગોટલાવાળું ગંઠાએલું શરીર નહિ બને; યા તો વજન વધારવાનો આ કીમિયો પણ નથી. પરતુ શરીરને નીરોગી સશક્ત, ચપળ ને તેજસ્વી બનાવી સાથોસાથ મનને શાંત, હિંમતબાજ ને ચિંતામુક્ત બનાવવાનો આ પ્રતીતિજનક ને પ્રમાણભૂત માર્ગ છે, એટલું ચોક્કસ, મનુષ્ય હમેશાં આનંદી રહી, ઉચ્ચ ધ્યેયે જ કાર્ય કરે તેવી માનસિક પ્રકૃતિ પ્રાપ્ત કરવાની આ કળા છે. જો કોઈ આ ક્રિયાઓ રોજ કરવાની પ્રતિજ્ઞા સાથે ઓછામાં ઓછો એક માસ કરે તો તેને તેથી એટલો તો ફાયદો થએલો જણાશે કે પછી તે આને જિંદગીનું એક આવશ્યક ને અનિવાર્ય અંગ બનાવ્યા વિના નહિ રહે.

આ ક્રિયાઓને આપણે ચાર ભાગમાં વહેંચીશું અને તે દરેકને માટે પાંચ જ મિનિટ બસ થઈ પડશે. પછી પ્રત્યેક જણ પોતાની જરૂરિયાત મુજબ તે યોગ વધારશે તો આનંદની વાત છે, પરંતુ પાંચ મિનિટ પણ દરેક ક્રિયા માટે પૂરતી છે. પ્રથમ પગથિયું 'આરામ' જેને અંગ્રેજીમાં deep relaxation કહે છે તે છે. બીજું, સ્નાયુઓને તંગ કરવાની સહેલી કસરત જેને અંગ્રેજીમાં deep contraction કહે છે તે છે. ત્રીજું પગથિયું ઊંડા શ્વાસોચ્છ્‌વાસ(deep breathing)નું અને ચોથું મનની એકાગ્રતા(deep concentration)નું છે. આમાં યોગશાસ્ત્રનાં ૩ થી ૮ પગથિયાં આવી જાય છે. 'યમ' 'નિયમ' વિષે વધુ લખવાની જરૂર નથી, કારણ કે દરેક જણ સામાન્ય બુદ્ધિથી પણ સમજી શકશે કે પવિત્ર જીવન જીવવા માટે એ બધા સદ્‌ગુણોની જરૂર છે જ. મનુષ્ય અપ્રામાણિક રહીને ઉચ્ચ ધ્યેયની આશા કદાપિ ન જ રાખી શકે તે દેખીતું છે. માટે યમ-નિયમ તથા સદ્‌ગુણોની જરૂર તો નિશ્ચિત સમજી જ લેવાની છે. હવે આપણે દરેક પગથિયું ક્રમશઃ સમજીએ.

૧. ઉચ્ચ પ્રકારની શિથિલતા અને સંપૂર્ણ આરામ–deep relaxation: આને માટે ચોક્કસ ગુજરાતી શબ્દ મળ્યો નથી. આપણા બાપદાદાઓના શાંતિમય જીવન કરતાં આપણે આજે સહેજે ૧૦–૧૫ ગણી ઝડપવાળું જીવન જીવી રહ્યા છીએ. દરેક વાત ઉતાવળે કરવાને લીધે આપણે ખોટા થાકના ભોગ બન્યા છીએ. તેથી આપણે માટે આરામની વિશેષ જરૂર છે. એટલે આપણે તે બધો થાક પાંચ જ મિનિટમાં ઉતારવાની કળા સમજી લેવી જરૂરની છે.

જમીન ઉપર એક શેતરંજી પાથરીને ચત્તા સૂઈ જાઓ. શરીરના દરેક અવયવને ખૂબ જ ઢીલો કરી દો. જાણે મુડદું જ પડયું હોય તેવી રીતે સૂઓ. આને 'શવાસન' પણ કહેવાય. એકેએક વિચાર મનમાંથી કાઢી નાખો અને નચિંત પડી રહો. જે જગ્યામાં તમે આમ પડી રહો ત્યાં એ પાંચ મિનિટ દરમિયાન કોઈ ના આવે તે ધ્યાનમાં રાખવું, કારણ કે તમારી એ પાંચ મિનિટની શાંતિનો ભંગ કોઇ હિસાબે ન થવો જોઈએ. આમ સૂતા બાદ, એક હાથને ધીરેથી ઊંચકો—ખૂબ જ ધીમેથી. અને એટલી જ શાંતિથી તે હાથને નીચે મૂકો. તેવી જ રીતે વળી બીજો હાથ. હવે એ જ રીતે બંને પગને વારાફરતી લઈ શકાય.



આ કાર્ય ખૂબ જ ધીમેથી થવું જોઇએ. સાથેસાથે તેવખતે ખયાલ કરવો કે પોતાની સામે અનંત સમય પડયો છે. કોઈ જ વાતની ઉતાવળ નથી. સર્વત્ર શાંતિ છે, આનંદ છે. હું અમર છું, મારો આત્મા અજન્મા છે, તેથી કોઇ ચીજની ફિકર નથી; આખા દિવસના કાર્ય માટેની શક્તિનો પ્રવાહ હું અત્યારે ભરી લઉં છું, હું અનાસક્ત છું, આવાઆવા વિચારો સંપૂર્ણ શ્રદ્ધાથી કરવા. આમાં ચાર વસ્તુ મુખ્ય છે: (૧) આવો સંપૂર્ણ આરામ લેવાની ઇચ્છા, (૨) આ પદ્ધતિ એ નવા જમાનાની 'ફૅશન' નથી, પરંતુ આપણા આ મહાન દેશની એક પ્રાચીન, પ્રખ્યાત ને સિદ્ધ યોગક્રિયા છે તેની ખાતરી, (૩) તેને કાર્યમાં મૂકવાની પ્રતિજ્ઞા ને (૪) સૌથી અગત્યનું તો એ કે આ આરામ આપણે બળજબરીથી નહિ પણ નિરાંતથી, પ્રસન્નતાથી લઇએ છીએ એવી પ્રતીતિ. આમ, ખૂબ જ શાંતિથી, ધીમેથી ને ચોક્કસ રીતે ઉચ્ચ શિથિલતા પ્રાપ્ત કરવાની છે. આવી થોડા વખતની ટેવ પછી તો બેઠાંબેઠાં પણ આ સંપૂર્ણ આરામ લઇ શકીએ. એક જ અઠવાડિયામાં તમને સમજાશે કે આ પાંચ જ મિનિટમાં કેટલી સરસ રીતે સંપૂર્ણ આરામ લઇ શકાય છે.

આપણે જોઇએ છીએ કે કેટલા યે માણસો સ્થિર બેસી જ શકતા નથી. તેમનાં આંગળાં, પગ, હાથ કે ખભા હાલ્યા જ કરવાનાં. કેટલાકને હોઠ ચાટવાની કે ભવાં ફેરવવાની ટેવો પણ હોય છે. તે બધા જાણે ગતિનાં જ પોટલાં હોય તેમ જણાય છે. કહેવાની ભાગ્યે જ જરૂર છે કે આમાં શક્તિનો ફોગટ વ્યય થાય છે. જે આ ઉચ્ચ પ્રકારની શિથિલતા (deep ralexation)ની ક્રિયા કરશે તેને આવી ટેવો નહિ રહે.

સવારનો શૌચાદિથી પરવાર્યા બાદનો સમય આ માટે ખૂબ જ અનુકૂળ છે. તેની અનુકૂળતા ન હોય તેઓ સાંજે પણ આ ક્રિયાઓ કરી શકે છે. માત્ર જમ્યા બાદ ત્રણ કલાક જવા દેવા જરૂરી છે. ઑફિસમાં યા કોઈ બીજે સ્થળે થાક લાગ્યો હોય તો ત્યાં ને ત્યાં બેઠાંબેઠાં પણ પાંચ જ મિનિટમાં આ ક્રિયાથી પૂરતી સ્ફૂર્તિ મેળવી શકાય છે.

(૨) સ્નાયુઓ અને શરીરને તંગ કરવાની ક્રિયા deep contraction: શરીરને જોઈતી કસરતો નહિ મળવાથી મનુષ્યયોનિમાં તરેહતરેહનાં, બેડોળ, જુદીજુદી આકૃતિનાં માણસો આપણી નજરે પડે છે. જ્યારે પશુઓમાં ભાગ્યે જ આવી વિકૃત આકૃતિઓ મળશે. સિંહ જુઓ તો બધા જ જાણે સરખા. એવી જ રીતે ચકલીઓ જુઓ તો જાણે એક જ જાતની. જ્યારે મનુષ્ય જુઓ. આપણી આસપાસ જ નજર કરશો તો બેડોળ કહી શકાય તેવા પાતળા, જાડા, હાથ-પગ વગેરે વિકૃત અવયવોવાળા માણસો જોશો. જો પશુઓ જ કદાચ આપણા મનુષ્યોનું પ્રદર્શન ભરે તો તેઓ તો હસ્યા જ કરે! આપણે સૌથી ઉચ્ચ યોનિના છતાં આવી વિચિત્ર દશામાં જીવીએ છીએ જ્યારે પશુઓ કુદરતને ખોળે રહીને જાતને એકસરખી જાળવી રહ્યાં છે તે સમજવા જેવું છે.

અમુક પ્રકારની, એક જ જાતની કસરતો સરવાળે નકામી ને કંટાળાભરેલી છે. કોઇએ સિંહ કે વાઘને એવી રીતે અમુક જ પ્રકારની કસરતો કરતાં જોયો છે? છતાં તેની અખૂટ તાકાત વિષે કોઇને શંકા નથી. આ પરથી આપણે એમ કહી શકીએ કે શરીરની જે કુદરતી અને સહજ હિલચાલ તે જ ખરી કસરત. પરંતુ આપણે મોટે ભાગે બેઠાડુ જીવન ગાળીને, શરીરના દરેક અવયવને જે રીતે હલાવવાચલાવવા જોઇએ તે કરતા જ નથી. ચાલવા જેવી સારી કસરત કોઈ નથી, છતાં આપણે અત્યારે



પ્રાણીબાગમાં જઇને કોઇ રીંછને આરામથી પડેલું જોજો

બે ફર્લાંગ જવા માટે પણ વાહનનો ઉપયોગ કરતા થઈ ગયા છીએ!

પશુઓ પોતાની પુખ્ત વયે પહોંચ્યા પછી પાંચગણું જીવે છે, જ્યારે મનુષ્ય બેથી ત્રણગણું જ જીવે છે. પશુઓમાં સરેરાશ ⅘ ભાગ પોતાના આયુષ્ય સુધી સશક્ત હોય છે, જ્યારે મનુષ્યોનો તો ⅕ ભાગ જ સશક્ત હોય છે. આપણે પશુઓમાંથી પાઠ ગ્રહણ કરવાનો છે. તે માટે આપણે શરીરના દરેક સ્નાયુને થોડી પણ કસરત મળે અને શરીરના દરેક છેડા સુધી લોહી બરાબર પહોંચી સારીરીતે ફરી શકે તેવી સરળ કસરત કરીશું. આસનો એ માટે જ બતાવેલાં છે, પરંતુ આપણે તો પાંચ મિનિટમાં જ આ આખો લાભ ઉઠાવવાનો હોઈ આસનોને પણ ટૂંકાવીને જરૂરી જ કસરત કરી લઇશું. પહેલી કસરતમાં આખું શરીર આરામમય બનાવી બેઠા થતાં આપણે શક્તિનો પ્રવાહ આપણા શરીરમાં જાણે ભરી લીધો. હવે આપણે બીજી કસરત જોઇએ.


શાંત ચત્તા સૂઈ જાઓ. એ જ ઓરડો ને એ જ શેતરંજી કાયમ છે. હવે ધીમેથી પગને ખેંચીને (તંગ કરીને) ઊંચકો. આને લીધે કેડ, જાંઘ અને પગના બધા સ્નાયુઓ તંગ બનશે. બને તેટલો વખત પગને તે સ્થિતિમાં રાખીને, પછી ખૂબ જ ધીમેથી નીચે મૂકો. આ સર્વાંગાસન અને હલાસનની પ્રાથમિક ક્રિયાઓ થઈ. (નીચે જમણી બાજુ)

હવે બેઠા થાઓ. બંને પગ સીધા લાંબા કરો, ને બંને પગના અંગૂઠા બંને હાથથી પકડો. કેડને વાળો. થોડીવાર એમ ને એમ રહો. પછી ધીમેથી ટટારથાઓ, બેઠાંબેઠાં જ. આ પશ્ચિમોત્તાનાસન થયું. (નીચે ડાબી બાજુ)


ત્યાર બાદ ઊંધા સૂઓ. હાથને પેટ આગળથી કોણીએ દબાવી, પેટને ઊંચકો. આમાં થોડા અનુભવની જરૂર પડશે. થોડા જ દિવસમાં તે ફાવી જશે. આ ભુજંગાસન થયું. (નીચે વચ્ચેનું ચિત્ર)

છેવટે ઊભા થાઓ. જાંઘ ઉપર હાથ રાખો. શ્વાસ કાઢીનાખીને, પેટના ઉપરના ભાગને ઊંચકો અને પછી ધીમેથી પાછા ટટાર ઊભા રહો. આ ઉડ્ડીયાન-બંધનું પ્રથમ પગથિયું થયું.


આ ક્રિયાઓ પરથી એટલું સમજાયું હશે કે તે સ્નાયુઓને તંગ કરવાની ક્રિયા છે. તે સૂતાં, ઊભાં કે બેઠાં પણ થઈ શકે. તેમાં તમારે આમ જ કરવું એવું કંઈ નથી, પરંતુ મરજી ફાવે તેવી રીતે ગરદન, છાતી, કરોડ, હાથ, પગ, કેડ વગેરેને ખૂબ જ ધીમેથી તંગ કરી, બને તેટલો સમય તે જ દશામાં રાખવાં, ને પછી ખૂબ જ ધીમેથી ઢીલાં કરવાં. મુખ્ય ધ્યેય શરીરના ખૂણેખૂણામાં લોહી પહોંચાડવાનું છે, દરેક સ્નાયુ જે અત્યાર સુધી એમ ને એમ સુસ્ત પડયો રહેલો તેને કસરત આપવાનું છે. માટે 'ફલાણું જ આસન કરો' એવું આમાં નથી. સૌ પોતાને ફાવે



પશ્ચિમોત્તાન આસન



ભુજંગાસન



હલાસન

તેવો પાંચ-સાત મિનિટનો કાર્યક્રમ ઘડી કાઢે. આસન એકલાં જ કરવાં હોય તો સર્વાંગાસન શ્રેષ્ઠ છે. તે બે મિનિટ કરો, બે મિનિટ પશ્ચિમોત્તાનાસન કરો અને બીજી બે મિનિટ બીજા અવયવો ખેંચવાની ક્રિયા કરો.

ઉપરની બંને ક્રિયાઓમાં પશુઓમાંથી આપણે ઘણું શીખવાનું છે. બને તો પ્રાણી-બાગમાં જઇને પ્રાણીઓને ધ્યાનથી નીરખજો. રીંછ, હરણ યા કોઈ પણ પશુ જ્યારે આરામની અવસ્થામાં હોય ત્યારે ધ્યાનથી જોજો. તેનું જાણે મુડદું જ પડયું છે. જાણે કોઈ ચિંતા જ નથી. દરેક અવયવ ખૂબ જ ઢીલો કરીને તે પડી રહે છે. તે જ રીતે કૂતરાં, બિલાડાં, ભેંસ યા ગાયને જોવાથી પણ આરામ(relaxation)નો ખરો ખયાલ આવશે. તે જ પ્રમાણે જ્યારે તે પ્રાણીઓ ઊંઘમાંથી ઊઠે છે યા તો તેમને કસરતની જરા પણ જરૂર લાગે છે ત્યારે પોતાના પગ ધીમેથી પણ જોરથી ખેંચી તેઓ આળસ મરડે છે. વાઘ મોં ફાડીને, ઊંડું બગાસું ખાઇ બધા સ્નાયુઓને જોઇતો લોહીનો પ્રવાહ આપીને, સ્વસ્થ થઇ જાય છે ઘોડો હણહણીને યા પાછલા બે પગે ઊભો થઇને સ્ફૂર્તિ મેળવી લે છે. પંખીઓ પાંખો પસારી યા ફફડાવીને પોતાની સ્વસ્થતા જાળવી લે છે. આ બધાં આપણે પણ એટલું શીખીએ કે તેમાં શરીરના દરેક સ્નાયુને ધીમેથી ખેંચી લોહીને શરીરના દરેક છેડા સુધી ધકેલી આપવાનું હોય છે.

(૩) ઊંડો અને દીર્ઘ શ્વાસોચ્છ્વાસ—deep breathing: શ્વાસોચ્છ્વાસ એ શરીરની મુખ્ય ક્રિયા છે. એક દિવસના આપણે ૨૩,૦૦૦ શ્વાસ લઇએ છીએ. આ ક્રિયા ઉપર કાબૂ ધરાવનારા જીવતા દટાઇને અમુક કલાક બાદ બહાર સજીવન નીકળવાના દાખલા મોજૂદ છે. શીત પ્રદેશમાં પ્રાણીઓ આ જ રીતે મહિનાઓ સુધી દટાઈ રહે છે.

શ્વાસ લેવા ને બહાર કાઢવાની મુખ્ય બે ક્રિયાઓ છે. આપણે કેટલી હવા અંદર લઈ શકીએ તે આપણાં વજન, ઊંચાઇ, શ્વાસ લેવાની ક્રિયા વગેરે પર અવલંબે છે. શ્વાસ અંદર લેવાનું સામાન્ય પ્રમાણ ૨૦ ઘન ઇંચ છે, તે વધારીને ૧૦૦ ઘન ઇંચ સુધી પણ કરી શકાય. કોઈ પણ વખતે શરીરમાં અમુક પ્રમાણમાં હવા યા તો હોય છે જ. યોગીઓ કદાચ આ જાતની સિલિક હવા ઉપર જ લાંબા વખત સુધી દટાઈ રહેતા હોય.

ફેફસાં વાટે હવા લોહીમાં મળી જાય છે. આમ, હવા એ આપણો મુખ્ય ખોરાક છે. છતાં બીજા ખોરાક ઉપર આપણે જેટલું ધ્યાન આપીએ છીએ, તેના પ્રમાણમાં શ્વાસોચ્છ્વાસની ક્રિયા પર કાંઇ જ આપતા નથી.

શુદ્ધ હવા અંદર શરીરમાં જઇ, છેવટે કાર્બન ડાયૉક્સાઇડ રૂપે બહાર આવે છે, શાંતિમાં જે પ્રવાહ ચાલુ હોય તેના કરતાં ગુસ્સામાં યા ચિંતામાં તે પ્રવાહ લગભગ આઠગણો વધી જાય છે. એટલે આ શ્વાસોચ્છ્વાસની ક્રિયા એકલી શારીરિક જ નથી, પરંતુ માનસિક વૃત્તિઓ પર પણ તેનો ઘણો આધાર રહે છે.

હવે આપણે પાંચ મિનિટમાં ઊંડા શ્વાસોચ્છ્વાસ લેવાની પદ્ધતિ જોઇએ. યોગશાસ્ત્રમાં બતાવેલી પ્રાણાયામની ક્રિયાઓ સાચા ગુરુ વિના કરવી જોખમકારક હોઈ, અહીં એવી સાદી ક્રિયા બતાવી છે કે જેનાથી કોઇને કાંઈ પણ નુકસાનનો સંભવ નથી. શ્વાસને અટકાવવાની ક્રિયા 'કુંભક' આપણે કાઢી જ નાખીએ અને ફક્ત શ્વાસ અંદર લેવો ને બહાર કાઢવો એટલી જ સાદી ક્રિયા રાખીએ. તમે તે સૂતાં, ઊભાં યા તો બેસીને પણ કરી શકો છો. ઉપર જણાવેલી બંને કસરતો કર્યા પછી આ ક્રિયા કરવી. ભૂખ્યે પેટે થાય તો ઉત્તમ, નહિ તો જમણ બાદ ત્રણચાર કલાકને અંતરે જ તે કરવી. શ્વાસ ખૂબ જ ધીમેથી ને નાક વાટે (એટલે કે મોં બંધ કરીને) અંદર લેવા માંડો.

શ્વાસ પહેલાં પેટના ભાગમાં જવાથી તે ભાગ ઊંચો આવશે. પછી તે છાતીના ભાગમાં જશે. શ્વાસ જેટલો ઊંડો લઈ શકાય તેટલો જ અને ધીમેથી જ લેવો. આપણે ઇનામ મેળવવાનું નથી. આપણાથી બને તેટલો જ દીર્ઘ શ્વાસ લેવો ને ખૂબ જ ધીમેથી તેને નાક વાટે જ બહાર કાઢવો. 'ખૂબ જ ધીમેથી' એટલી વાત હમેશ ખયાલમાં રાખજો.

આ તો ખૂબ સહેલી ક્રિયા છે, પરંતુ તે કરતાંકરતાં એટલી જ અગત્યની બીજી વાત એ ધ્યાનમાં રાખવાની છે કે શ્વાસ અંદર લેતાં તમારે માનસિક સૂચનો કરવાનાં છે. મુખ્ય બાબત આ જ છે. એ સૂચનો નીચે મુજબ હોઈ શકે : આ પ્રાણશક્તિ જ્યારે મારા શરીરમાં જાય છે ત્યારે હું નિત્ય યૌવન, સત્વસંશુદ્ધિ અને દીર્ઘાયુષી જીવન પ્રાપ્ત કરું છું; પ્રાણના સરોવરમાં હું તરી રહ્યો છું; શિવસંકલ્પવાળું મારું મન બન્યું છે અને પ્રકાશનો ધોધ મારી સમક્ષ વહી રહ્યો છે, વગેરે. ટૂંકમાં નવજીવન પ્રાપ્ત કરવાની ભાવના કરવી. તે જ મુજબ શ્વાસ બહાર કાઢો ત્યારે પણ સૂચન કરવાનાં છે. તે નીચે મુજબનાં હોઇ શકે: 'આ અપાન-વાયુ જ્યારે મારા શરીરમાંથી બહાર જાય છે ત્યારે મારા શરીરનાં સર્વ રોગ, ભય, આળસ તથા થાકને તાણીને બહાર ખેંચી જાય છે. સાથેસાથે કામ, ક્રોધ, ઈર્ષ્યા, લોભ એ સર્વ મારી ત્રુટિઓને પણ તે સાથે લેતો જાય છે.'

જે સારા સંકલ્પની ઇચ્છા હોય તે, શ્વાસ અંદર લેવા સાથે કરવી અને પોતાને જે વસ્તુથી સુધરવાની જરૂર હોય તેને શ્વાસ બહાર જવા સાથે ખૂબ જ ભારપૂર્વક ધ્યાન નીચે લાવી તે બહાર જતી હોય

સુભાષિત

अवैमि चैनामनघेति किन्तु लोकापवादो बलवान् मतो मे ।
छाया हि भूमेः शशिनो मलत्वेनारोपिता शुद्धिमतः प्रजाभिः ॥

(અનુવાદ)

'નિષ્પાપ સીતા' સમજું છતાં યે, જે લોકનું આળ, નડે મને તે,
છે શુદ્ધ ચંદ્ર ક્ષિતિ છાંય લાગે, એવું છતાં મૅલ ગણે જનો સૌ.

[વિવરણ: રઘુવંશ મહાકાવ્યમાં મહાકવિ કાલિદાસનો આ શ્લોક જાણીતો છે. ઉપમા માટે કાલિદાસ સંસ્કૃત સાહિત્યમાં પ્રસિદ્ધ છે. સીતા પવિત્ર હોવાનું રામ જાણતા છતાં લોકાપવાદને માન આપી એમણે સીતાનો ત્યાગ કર્યો! એ કાર્યના ઔચિત્ય માટે ઘણાને મતભેદ હશે. પણ રામે તો એક આદર્શ રાજા તરીકે કર્તવ્ય માન્યું એ કાર્યનું વર્ણન કરતાં આજના વિજ્ઞાનને શોભે એવી કેવી સુંદર ઉપમા કાલિદાસ આપે છે! ચંદ્રગ્રહણ પૃથ્વીની છાયા ચંદ્ર ઉપર પડવાથી થાય છે, પરંતુ લોકો એથી ચંદ્રને અશુદ્ધ ગણે છે અને ગ્રહણમાં ભારે આભડછેટ પાળે છે; પણ ચંદ્ર તો શુદ્ધ જ છે. ગ્રહણનો આ વહેમ પુરાણોમાં દાખલ થવાથી આપણા સમાજમાં સર્વવ્યાપી થયો છે. રાહુ સૂર્ય અને ચંદ્રને ગળે છે એમ પણ માનવામાં આવે છે. આમ છતાં અને બે હજાર વર્ષ પૂર્વે એ વહેમ ચાલુ હોવા છતાં વિજ્ઞાનની ખરી વાત એ સમયે પણ જાણીતી હતી એ આ શ્લોકની ઉપમા સિદ્ધ કરે છે. વિજ્ઞાનની ઉપમાની દૃષ્ટિએ એ શ્લોક સુંદર છે. અહીં એક વાત કહી દેવી જોઇએ કે રાહુ કોઈ ગ્રહને ગળતો નથી. રાહુ અને કેતુ પુરાણોમાં અને જ્યોતિષમાં પેઠા છે, પણ વિજ્ઞાનની દૃષ્ટિએ એ સ્વતંત્ર ગ્રહો જ નથી. સાદી ભાષામાં કહીએ તો સૂર્યની આસપાસ ફરવાના પૃથ્વીના રસ્તાને, પૃથ્વીની આસપાસ ફરવાનો ચંદ્રનો માર્ગ જે જગ્યાએ કાપે છે તે બિંદુઓને રાહુ-કેતુ કહે છે. ગમે તેમ પણ ગ્રહણને બહાને લાંબા વખતનો કચરો લોકો એ સમયે સાફ કરે છે એ લાભ છે. —ર. ભી.]



આ સાથેના લેખમાં સૂચવેલાં આસનોને અનુસંધાને
યોગાસનો વિષે વિસ્તૃત માહિતી મેળવવા
ઇચ્છનાર માટે ઉપયોગી પુસ્તક

યોગાસનો

શરીર મન અને જ્ઞાનતંતુઓ
ત્રણેને એકીસાથે સ્વસ્થ રાખતી

અનન્ય વ્યાયામ-પદ્ધતિ

લેખક
દામુભાઈ શુક્લ

તદ્દન સહેલી ભાષામાં અને
સુરેખ ચિત્રો સાથેની પોથી

કિંમત : પોસ્ટેજ સાથે ૦-૯-૦નો મની ઑર્ડર કરવો
ટિકિટો મોકલવી સલામત નથી

કુમાર કાર્યાલય લિ. રાયપુર · અમદાવાદ

તેમ હાથની સંજ્ઞા કરવી. આ માનસિક સૂચનો કોઇએ હસી કાઢવા જેવાં નથી. તેના પ્રત્યક્ષ ફાયદા એક અઠવાડિયામાં જ જોઈ શકાશે.

પ્રાણ આમ તો શરીરમાં આપણા શ્વાસોચ્છ્વાસની સાથે જાય છે જ, પરંતુ કોઇ પણ શક્તિકેન્દ્ર ઉપર તેને કેન્દ્રિત કરવાથી તે શક્તિ-કેન્દ્રો જાગૃત થઈ શકે છે. માટે જે ભાગને આપણે વધુ બળવાન બનાવવો હોય તેની ઉપર, શ્વાસ જ્યારે અંદર જાય ત્યારે મનને કેન્દ્રિત કરવું અને તે ભાગમાં નવજીવન ભરાય છે તેવી ચોક્કસ કલ્પના કરવી.

સામાન્ય રીતે શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં 'રેચક' કરતાં 'પૂરક' ઓછો હોય છે, પરંતુ અહીં આપણે બંનેને સરખા જ લઇશું. જેટલી વખત 'પૂરક' આવે, તેટલી જ વખત આશરે 'રેચક'. આ 'પૂરક' ને 'રેચક'નું ચક્ર આપણે સપ્રમાણ ને તાલબદ્ધ ક્રિયા તરીકે કરવાનું છે આમ થોડી મિનિટો શ્વાસોચ્છ્વાસની ક્રિયા બાદ છેલ્લો શ્વાસ 'શુદ્ધિ-શ્વાસ' તરીકે લેવો. તેમાં પહેલાંની જ માફક શ્વાસ નાક વાટે ધીમેથી અંદર લઈ જવો, પરંતુ બહાર કાઢવાને વખતે એક જ આંચકાની સાથે મોં વાટે બહાર કાઢવો. તે બહાર કાઢતી વખતે 'યુ' શબ્દ જાણે મોંથી બોલતા હોઇએ તેમ કરશો તો શ્વાસ ખૂબ સહેલાઈથી બહાર નીકળી જશે. ધ્યાન રાખવું કે આ 'શુદ્ધિ-શ્વાસ' એ છેલ્લી જ વારની ક્રિયા છે, ને આ સિવાય યોગમાં મોંનો ઉપયોગ નિષિદ્ધ મનાયો છે.

(૪) સંપૂર્ણ એકાગ્રતા—concentration: આ છેલ્લી વસ્તુ જોકે જરા કઠિન છે, પરંતુ તે પણ સંકલ્પબળથી સાધ્ય છે. એમાં મૂળ આધાર આપણા મન પર છે. એક ઓરડીમાં બે કેદીઓને પૂરેલા. રાત્રે વરસાદ પડ્યા પછી ચાંદની ખીલી ત્યારે એક જણ કહે કે 'જ્યાં જુઓ ત્યાં કાદવ અને કીચડ જ દેખાય છે.' જ્યારે બીજો કહે કે 'આકાશ કેટલું સ્વચ્છ ને સુંદર લાગે છે. ચંદ્ર અને તારાનાં દર્શન કેટલાં આહ્લાદ-જનક છે!' માટે સર્વ આધાર મનુષ્યના મન ઉપર છે. દરેક જણ કહેશે કે 'શું કરું, મારું મન એકાગ્ર થતું જ નથી!' પરંતુ આ વાત તદ્દન નાપાયાદાર છે. દરેક મનુષ્ય દરેક વખતે કશાકમાં તો એકચિત્ત હોય છે જ. પરંતુ માણસ પોતાનું લક્ષ્ય નક્કી કરતો નથી માટે જ તેનું મન આમથી તેમ દોડ્યા કરે છે. જિંદગીના ચાલુ પ્રવાહમાં ડૂબી ન જતાં આપણે તેનાથી પર રહેવાનું છે. અશાંતિ, ઈર્ષ્યા, ગુસ્સો, ભય વગેરે ખંખેરી નાખવાનાં છે, અને અનાસક્તિ કેળવવાની છે. જીવનના ગમે તેવા ઝંઝાવાતો સામે પણ શાંત, સ્વસ્થ અને આપણને જાણે કાંઈ સ્પર્શતું જ નથી એમ અલિપ્ત રહેતાં શીખવાનું છે. વાત સહેલી નથી, પરંતુ સતત પ્રયત્ન બાદ તે પણ શક્ય જ છે.

આશરે ૫૦૦૦ વર્ષ પૂર્વે યોગને મન તથા ઇંદ્રિયોનો નિગ્રહ કરવાનું શાસ્ત્ર કહેવામાં આવેલું. પોતાની જાતને જ શોધવાનું શાસ્ત્ર તેને ગણેલું છે. આધુનિક માનસશાસ્ત્રીઓ કરતાં પહેલાંના યોગીઓ આ વિષયમાં ક્યાં યે આગળ હતા. આત્મજ્ઞાન મેળવવાની તેમણે નક્કી કરેલી પદ્ધતિ ઉત્તમ છે તે નિઃશંક છે. સતત ધ્યાન અને ધારણાથી માણસ પોતાની જ અંદર ડૂબકી મારી, બહારના સંજોગોથી પર રહી, હમેશાં શાંત, ચપળ અને આત્મવિશ્વાસવાળો રહી શકે તે તેમણે શોધ્યું અને આચરી બતાવ્યું છે. પોતાની મનઃશાંતિથી માણસ, વિચાર ને લાગણી જ્યાંથી ઉદ્ભવે છે ત્યાં જ તેને વશ કરી શકે છે. મનની એકાગ્રતા મેળવી, એકચિત્ત બની તે પોતાનું ધાર્યું કાર્ય કરી શકે છે. આ માટે કડક માનસિક શિસ્ત પાળી, ધ્યાન અને ધારણાના સતત પ્રયોગથી યોગીઓ સમાધિસ્થ થતા. પરંતુ હાલની દુનિયામાં સાચા ગુરુઓ મળતા જ નથી ને જોઈતી ધગશ પણ નથી. માટે અહીં તો ફક્ત પાંચ જ મિનિટનો આપણા જમાના પૂરતો પ્રયોગ બતાવ્યો છે.

આપણે જિંદગીનું જેવું ચિત્ર કલ્પીશું તે અનુસાર તે બદલાયા કરશે. એટલે જિંદગી વિષે આપણે એવો નિશ્ચય કરવાનો કે તેમાં જોઇતા રંગો પૂરી આપણું ભવિષ્ય આપણે જ પલટી શકીએ. કારણકે આજના જ વિચારોમાંથી આપણું આવતી કાલનું કાર્ય નક્કી થાય છે. આ વાત એટલી સહજ છે કે આપણે તે સંબંધે વિચાર જ કરતા નથી. પરંતુ 'યોગ' આપણને તેનો રાજમાર્ગ ચીંધી દે છે કે 'ભાઇઓ, તમારા વિચાર ઉપર કાબૂ રાખો. એકાગ્ર ચિત્ત એ જ તેની ચાવી છે.' આ ચાવી દરેકની પાસે કટાએલી દશામાં તો પડેલી જ છે. માત્ર તેનો કાટ ઉખેડવાની જરૂર છે.

ઘણાને નિશ્ચયો કરવાના તો ગમે છે જ. 'આજથી આમ ચોક્કસ

તમે જોયું હશે કે વાઘ મોં ફાડીને બગાસું ખાઇને, ઘોડો હણહણીને





અને પંખીઓ પાંખો ફફડાવીને સ્વસ્થતા મેળવી લે છે.



જ કરીશ'એવા નિર્ણય તો તે ગોઠવે છે, પરંતુ એ માત્ર 'ગોઠવાએલા' જ રહે છે, કાર્યમાં પરિણત થતા નથી; કારણકે એમાં એકાગ્ર ચિત્ત ન હોવાને લીધે બાહ્ય પ્રસંગો મનુષ્ય પર ચડી બેસે છે. એક કાર્ય ન સધાય ત્યાં સુધી બીજા વિચારને સ્થાન જ ન મળે તેનું નામ એકાગ્ર ચિત્ત.

કૂદાકૂદ કરનાર મનને એક જ કાર્યની પાછળ લગાડવાથી શરૂઆતમાં નાનાં કાર્યો અને પછી મહાન કાર્યોમાં પણ એ મન ધાર્યું કામ આપે છે. તે માટે પહેલાં મનને કેન્દ્રિત કરો. તેની તાલીમ માટે પહેલાં તો કોઈ ફૂલ પોતાની આગળ મૂકી તેના પર ધ્યાન કેન્દ્રિત કરો. પહેલે દિવસે ભલે ૩૦ સેકંડ જ તેના ઉપર તમારું ધ્યાન—માત્ર દૃષ્ટિ જ નહિ પણ ધ્યાન, તમારો આખો વિચારપ્રવાહ કેન્દ્રિત કરો. શરૂમાં આ કંટાળાજનક લાગશે, પરંતુ દરરોજ આ નિયમ ચાલુ રાખો. ઉછાળા મારતું મન ધીમેધીમે શાંત થશે. મુખ્ય વસ્તુ ટેવની છે. સતત પ્રયત્નથી જ ટેવ પડવાની છે. મન પહેલાં તો કેન્દ્રિત થવાને બદલે આમતેમ ભટકશે વધારે, પરંતુ જેવું તે એકાગ્ર થવા માંડયું કે પછી આજુબાજુ ગમે તે બનતું હશે તો પણ તમારા પસંદ કરેલા વિચારોમાં જ તે અનાસક્ત ભાવે ધીમેધીમે રહેવા માંડશે. પછી તો ખોટા વિચારો મનમાં ટકવા મુશ્કેલ બનશે. પછી એક જ ધ્યેયથી તમે જે કાર્ય હાથમાં લીધું હશે તે પાર પડતાં સુધી પોતાની સર્વ શક્તિનો મારો તે કાર્યમાં જ રહેશે.

મનના આ કાબૂને અંગે તમે વાતાવરણના દાસ ન બનતાં વાતાવરણ જ તમારું દાસ બનશે. તમારો મિજાજ એટલો સ્વસ્થ બનશે, તમે એટલા સ્વયંમાર્ગી ને પ્રસન્ન આનંદી બન્યા હશો કે આજુબાજુના માણસો પણ તમારા ચેપથી આનંદી અને નીરોગી બનશે.

આનાથી તમે અનાસક્તિ કેળવશો. સારા યા નરસા પ્રસંગો તમારી ઉપર, તમારી ઇચ્છા વગર કશી જ અસર નહિ કરી શકે. તમારી બધી ટેવો પદ્ધતિસરની, મુદ્દાવાળી અને શાંત બનશે. છો તેના કરતાં તમે વધુ યુવાન દેખાશો. સંજોગો પ્રતિકૂળ હોવા છતાં તમે શાંત જ રહેશો અને આજુબાજુ જે કાંઈ બને છે તેમાંથી તમારી જાતને બાકાત રાખીને, હમેશાં સ્થિર ને શાંત રહી શકશો. પોતે તો પરદા પાછળથી આ જિંદગીનું નાટક જોનાર માત્ર પ્રેક્ષક છો એવો તમે પ્રત્યક્ષ અનુભવ કરશો.

આમ તો સારી યા નરસી રીતે આપણે કોઈ ને કોઈ વસ્તુમાં એકાગ્રચિત્ત તો હોઇએ જ છીએ. આપણા અભ્યાસની ચિંતામાં, આપણા ધંધાની જંજાળમાં, આપણા સંસારની આટીઘૂંટીઓમાં આપણું મન એકાગ્ર રહીને તેનાં ભય, ચિંતા, અસૂયા વગેરે ભોગવતું જ હોય છે. કોઈ ભયંકર રોગની સાંભળેલી યા વાંચેલી વાતો ઉપરથી, આપણે તેના ભોગ થવા માટેની ચિંતા યા ભય પણ કેળવવા માંડીએ છીએ. આ બધું નકારાત્મક રીતે આપણું ચિત્ત એકાગ્ર થયું કહેવાય. અત્યારે દાક્તરો પણ કહે છે કે આપણાં દરદોનો ૫૦ ટકા ભાગ ચિંતા અને ભયના જ વાતાવરણમાંથી જન્મે છે. ખોટી કલ્પનાઓ, અદેખાઇ, ક્રોધ અને ધનલોલુપતાને પરિણામે ઉદ્ભવતી હલકટ વૃત્તિમાંથી ૫૦ ટકા ઉપરાંત રોગ જન્મે છે તે યુરોપમાં પણ સાબિત થયું છે. મૂળ આ શારીરિક રોગ નથી પરંતુ રોગી મન પોતાનો પ્રભાવ શરીર ઉપર પાડે છે તેનાં પરિણામ છે.

અત્યારના માણસો એકાગ્રચિત્ત જરૂર રહે છે, પણ તે પોતાનાં દરદો ઉપર, અને ભાગ્ય ઉપર. પરંતુ બધા જ ભૂલી જાય છે કે જો એ જ ચિત્તને તમે હમેશાં તંદુરસ્તીના ખયાલમાં જ રાખો તો ચોક્કસ તમે તંદુરસ્ત જ રહેશો, તમારું ભાગ્ય ચોક્કસ ખૂલશે જ. સાજા થવાનો ભાર એકલા દાક્તર ઉપરથી ઉઠાવી તે તમારી જાત ઉપર નાખો અને જુઓ કે સુધારો કેટલો ઝડપી થાય છે. પોતે અંદરથી જ સાજા થવાનું છે, મનને એકાગ્ર કરવાનું છે. એ દવા પોતે લખવાની છે, પોતે જ બનાવવાની છે ને પીવાની યે પોતે જ છે. હમેશ સારા, દૃઢ વિચારોની ટેવ પાડો. કોઈ ખરાબ વિચાર વચ્ચે આવે તો તેને ધક્કેલીને ફેંકી દો અને તેની સામે સારા જ વિચાર મૂકતા જાઓ. મનમાં જેમજેમ ફાલતુ વિચારોની સંખ્યા ઓછી થતી જશે તેમતેમ ભવિષ્યની ઉપર તમારો કાબૂ વધતો જશે. અને થોડા જ વખતમાં તમે અદ્ભુત પરિણમ અનુભવતા થશો.

માત્ર મનને જગવવાનું છે. પરંતુ એ શી રીતે થાય? એ થાય વિચારની શક્તિથી ને અનાસક્તિથી. વિચારની શક્તિ માટે એકાગ્રતાની જરૂર છે અને અનાસક્તિ માટે પોતાની ઇંદ્રિયોના વેપારમાં ડૂબવાની વૃત્તિ જતી કરવાની છે. સતત પ્રયત્નથી આ વસ્તુઓ શક્ય છે જ. પરિણામ તેનું એટલું તો સુખકર છે, કે તેમાં પ્રયત્નની કચાશ રાખવાની જ ન હોય.

આજે તો આપણે આપણી મોટરના ઍંજિન પર, કે આપણી ઘડિયાળ પર જેટલું ધ્યાન આપીએ છીએ તેટલું આપણાં મન ને શરીર પર આપતા નથી. માટે આજથી જ તે ભૂલ સુધારો. આ ૨૦ મિનિટની ક્રિયા નિયમિતપણે કરવાથી ૨૦ વર્ષનું આયુષ્ય વધશે જ તેની ખાતરી રાખો. આ ક્રિયા વૃદ્ધાવસ્થામાં પણ તમને તંદુરસ્ત રાખી શકશે. જિંદગીમાંથી આનંદ જાય એટલે જ માણસ મરે છે. પોતાની જરૂરિયાત માણસને આ દુનિયામાં ન જણાય એટલે જ તે મરે છે. પોતાને કાંઇ ધ્યેય ન હોય તો જ માણસ મરે છે. પરંતુ આ ૨૦ મિનિટની ક્રિયામાંથી તમે આનંદ મેળવશો, પોતાની જરૂરિયાત સમજશો અને ઉચ્ચ ધ્યેયને વળગીને તમારું કાર્ય અનાસક્તિથી કર્યે જ જશો એ ખાતરી સાથે આજથી જ આ 'લઘુ યોગ'ની ક્રિયાઓ શરૂ કરો.

જુઓ, તમારી પાસે માત્ર વીસ મિનિટ જ માગી છે: પાંચ મિનિટ સંપૂર્ણ આરામ, પાંચ મિનિટ શરીરના સર્વ અવયવોને તંગ કરવાની ક્રિયા, પાંચ મિનિટ ઊંડા શ્વાસોચ્છ્વાસ અને પાંચ મિનિટ ધ્યાન, મનની એકાગ્રતા, મનને કાબૂમાં રાખવાની કળા. આ સર્વ ક્રિયાઓ ખૂબ જ શાંતિથી, ધીમેથી, શ્રદ્ધાપૂર્વક, એકાગ્ર ચિત્તે કરો અને નીરોગી, દીર્ઘાયુ તથા ઉચ્ચ જીવન જીવો.

(Desmond Dunneના 'યોગ ફૉર એવરી મૅન' પુસ્તકને આધારે)

અરધા લવાજમે
કુમાર

આપવાની એક યોજના 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના ડાયરેકટરોએ નક્કી કરી છે. તે અનુસાર આજ સુધીમાં જેઓ આ કંપનીના શેરહોલ્ડરો થએલા છે તેમને ઈ. ૧૯૫૬થી અરધા લવાજમે 'કુમાર' મળી શકશે. તે ઉપરાંત જેઓ આવતા ડિસેમ્બર સુધીમાં, કંપનીના ઓછામાં ઓછા પાંચ, કે તેથી વધુ શેર (દરેક શેર રૂપિયા વીસનો છે) લઈને તેના શેરહોલ્ડર થશે તેમને પણ આવતા વર્ષથી અરધા લવાજમે 'કુમાર' મળશે. આશા છે કે જેઓને 'કુમાર'માં તથા આ સંસ્થાની પ્રવૃત્તિમાં રસ છે તેઓ આ યોજનાનો લાભ લેશે અને પોતાના સહકારથી સંસ્થાને પણ પગભર કરવામાં સહાયભૂત થશે.

પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર
૮૦



શ્રાવણ '૮૬
અંક ૮૦

ગુજરાતના વાર્તાસાહિત્યમાં તદ્દન નવો ચાસ પાડનાર 'સુકાની'ની સાગરકથાઓ સૌપ્રથમ અને નિરપવાદ પ્રકટ કરવાનું ગૌરવભર્યું સદ્‌ભાગ્ય 'કુમાર'નું જ રહ્યું છે. એ વાર્તાઓ પૈકી સૌ-પહેલી દિલચસ્પી જમાવનાર ને લાગટ ત્રણ માસ સુધી વાચકોને જકડી રાખનારી વાર્તા 'દરિયાનો દાનવ' આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં પ્રકટ થઈ. પહેલા મહાયુદ્ધ વખતે જર્મન સમુદ્રવીર ફૉન લ્યુકનેરે દાખવેલાં પરાક્રમોની એ લાંબી વાર્તાનો માત્ર શરૂનો ભાગ ટૂંકાવીને આસ્વાદ ખાતર અહીં આપીએ:
યુરોપના છેલ્લા મહાભારતમાં એ ફૉન લ્યુકનેરે 'દરિયાના દાનવ'(સી-ડેવિલ)નું બિરદ દુશ્મનોને મોંએ મેળવ્યું! સઢથી ચાલતું એક નાનકડું જૂનું વહાણ અને એક નાનકડી તોપ, આટલાં સાધનથી સાત સાત સલ્તનતની ગંજાવર આરમારી સામે એ નીકળી પડ્યો હતો. એના એ વહાણનું નામ 'સી આડલર'.

એણે દુશ્મનોના અભેદ્ય મનાતા સાગરવ્યૂહ તોડી નાખ્યા; દસ કરોડ રૂપિયાના શુમારની દુશ્મનોની સ્ટીમરોને દરિયાને તળે બેસાડી; અનેક શત્રુ-મનવારોને થાપ આપી. એના ભયથી દુશ્મનોની સ્ટીમરો બંદર છોડી બહાર ન નીકળતી, ને તેથી વેપારને મોટી હાનિ થઈ; જે મહાસાગરમાં સી આડલરનું નામ પડતું ત્યાં સફરી સ્ટીમરોના વીમાના દર આસ્માનમાં ઊછળી પડતા. આટલાંટિક અને પાસિફિક મહાસાગરમાં એ દરેક ઠેકાણે ઘૂમી વળ્યો.

વિગ્રહની શાંતિ પછી જર્મનીએ એને એવી પદવી આપી, જે પદવી ધરાવનારને સામાન્ય કાયદો લાગુ નથી પડતો. એની અદ્‌ભુત કારકિર્દી દરમ્યાન એણે એક પણ જીવની હાનિ ન કરી. એટલા માટે ખ્રિસ્તસમ્રાટ પોપે એને ઊંચા દરજ્જાનો લૅટિન ઈલ્કાબ આપ્યો જેનો અર્થ 'પરમ દયાળુ વીર' એવો થાય છે. એની એ અદ્‌ભુત પરાક્રમકથા અહીં એના મોંએ જ કહેવડાવી છે.

૧૯૧૬ના નવેમ્બરનો ઘેરો દિવસ હતો. લડાઇના વસમા અનુભવો શરૂ થઇ ગયા હતા. કોઇ કાફેમાં પંચ પીતો હું બેઠો હતો ત્યાં કોઇએ મારા હાથમાં એક પરબીડિયું મૂક્યું.

ચિઠ્ઠીમાં એક જ વાક્ય હતું: 'કાલે વહેલા શાહીમંડળમાં હાજર થજો'. જ્યારે હું ત્યાં ખડો થયો ત્યારે વડા ઍડમિરલનો ચહેરો હેલિગોલૅન્ડના ખડક જેવો સખ્ત ને ભાવહીન હતો. એના મુખમાંથી કોઈ સાવજનો ઘુરકાટ થતો હોય એવો ઘુરકાટ મારે કાને પડ્યો:

'દુશ્મનોએ પોતાના નૌકાસૈન્યથી આપણા સાગરમાર્ગ આડા ત્રણ કોઠા બાંધ્યા છે. ત્રીજો તો દુર્ભેદ્ય છે. આમ આપણને ઘેરીને એ આખી દુનિયા સાથે વેપારધંધો કરે છે, ખોરાકી અને દારૂગોળાની લાવ-લઈ જા કરી શકે છે. કોઈ પણ ઉપાયે આપણે તેમાં ભંગાણ પાડવું જોઈએ. કોઠા તોડીને મોટે દરિયે કદાચ નીકળી જાય તોપણ આપણી સ્ટીમરોને કોલસા પૂરા પાડવા માટે ચાલુ પક્કો બંદોબસ્ત કરવો મુશ્કેલ છે. શઢવાળા નાનકડા વહાણમાં તારે આ કામ બજાવવાનું છે. તને ખાસ જરૂરત શાની લાગે છે તે હમણાં જ કહી દે.'

'કિસ્મતની, નામવર!' મેં જવાબ આપ્યો.

'બહોત ખૂબ! "પાસ ઑફ બાલ્મહા" વહાણે કિસ્મતદાર હોવાનો પુરાવો આપ્યો છે. ફરી પણ એ કિસ્મતદાર નીવડશે.'

ઍડમિરલ ફરી પાષાણવત્ થઈ ગયો. હું બહાર નીકળી આવ્યો. આ સાહસમાં એટલી તો નવીનતા હતી, એટલી તો અપૂર્વતા હતી, એટલો તો ભય હતો, ને છતાં એટલું તો આકર્ષણ હતું કે કિસ્મત યારી આપે તો. . . .

અમે દરિયાના ખેડુ; અમારે કિસ્મત પર જ આધાર!

'**પા**સ ઑફ બાલ્મહા' ગ્લાસગોમાં બંધાયું હતું. જર્મનીમાં આવ્યા પહેલાં એ અમેરિકન વાવટો ઉડાડતું. વિલ્હેમઝૅવનથી થોડે દૂર બંદરમાં એ પડ્યું હતું ત્યાં હું ગયો. મારું કામ આરંભથી જ વિકટ હતું.

પહેલાં તો આ ભારખાનાને ઉમદા લડવૈયામાં ફેરવવું જોઇએ; બંદૂકો, સંગીનો, બૉમ્બો વગેરે માટે ગુપ્ત સ્થાનો જોઇએ. કેદીઓ માટે ઓછામાં ઓછા ૪૦૦ બાજઠવાળી કોટડીઓ; કેદી અમલદારો માટે આશરે એંશી ખાટવાળા આરાસ્તે ઓરડાઓ જોઇએ; ફ્રેન્ચ ને અંગ્રેજી ભાષાનાં ગીતોવાળી તાવડીઓ સાથે ફોનોગ્રાફો જોઈએ; પવન સામે નાસી છૂટવા ૫૦૦ હૉર્સ પાવરનાં બે મોટર એન્જિનો જોઈએ; એના ખોરાક માટે ૪૮૦ ટન તેલ ઉપાડે તેવી કોઠી જોઇએ; એટલું જ મીઠું પાણી ઉપાડે તેવી બીજી કોઠી જોઇએ; બે વર્ષ સુધી ચાલે તેટલો ખોરાક જોઇએ. અને આ ફેરફારો કરનાર કારીગરોને જરા યે ગંધ ન જવી જોઇએ કે આ વહાણનો શો ઉપયોગ થવાનો છે. લડાઈના વખતમાં વાતો તો વા લઈ જતો.

વહાણ તૈયાર થવા આવ્યું. એનું નામ 'સી આડલર' પાડ્યું. પણ દુશ્મનોના કોઠાઓ વીંધવા માટે અમે એને નૉર્વેજિયન બનાવવા ઠરાવ્યું, કેમકે નૉર્વે લડાઇમાં અપક્ષપાતી હતું. થોડાં અઠવાડિયાં બાદ 'માલેટા' નામનું નૉર્વેજિયન વહાણ કોપનહાગનથી સાગવાન લાકડાં ભરીને ઑસ્ટ્રેલિયા જવા રવાના થવાનું છે એવા ખબર જર્મન આરમારી મંડળને પહોંચાડવામાં આવ્યા હતા. મેં નિશ્ચય કર્યો કે ખરું માલેટા બહાર પડે તે પહેલાં જ મારા સી આડલરને માલેટા બનાવી મારે નીકળી જવું.

પણ માલેટાનો વેષ કાઢવો સહેલો ન હતો. એમાં માલેટાના ખલાસી જોઇએ, માલેટાના અફસરો જોઇએ, માલેટાનાં ખરાં કાગળિયાં જોઈએ. હું કોપનહાગન ગયો. જૂનાં કપડાં પહેરી માલેટા ઉપર મજૂરી કરવા માંડી. એનો નાખુદો કુટુંબને મળવા રજા પર ગયો હતો. રોજ મજૂરી કરતાં વહાણના સાંધેસાંધા મેં જોઈ લીધા. એક દહાડો રાત્રે માલેટા ઉપર માત્ર એક રખવાળિયો હતો. મેં મારી તક સાધી. વહાણની મોરીએ તાણી બાંધેલ રસ્સાની ધક્કા પરની ગાંઠ છોડી નાંખી. વહાણ ઓસરતા પાણીમાં ઘૂમવા માંડ્યુ. રખવાળિયો મોરી તરફ દોડ્યો. એક છલંગે વાંઢાર કુદાવી રખવાળિયો પાછો આવે તે પહેલાં જોઈતા કાગળો ચોરી હું કાંઠે કૂદી પડ્યો.

જર્મન નૌકા સી આડલરમાંથી નૉર્વેજિયન ભારખાનું માલેટા બનાવવા માડ્યું. જેને નૉર્સ ભાષા આવડે તેવાને જ સી આડલર પર ખલાસી રાખ્યા. દરેકને એકએક કાલ્પનિક નૉર્વેજિયન ગામડાનો વાસી બનાવ્યો. દરેક કોટડીમાં નૉર્વેજિયન ફીઓર્ડના દેખાવો મઢી દીધા. દરેક જણનાં કપડાંમાં નૉર્વેજિયન દરજીઓના નામની કાપલીઓ મુકાવી દીધી. જમવાના ઓરડામાં નૉર્વેનાં રાજારાણીની છબિ મૂકી.

અમારું વહાણ હવે પક્કું નૉર્વેજિયન બની ગયું. અમારે પણ બદલાવું પડ્યું. અમારાં નામો બદલાઇ ગયાં; માલેટા માફક મેં પણ સાગવાન ભરવા માંડ્યાં. વળી લાકડાં ભરી લઈ જનાર વહાણને એક મોટો ફાયદો એ છે કે લાકડાં ભંડારિયામાં ભરી નાખ્યા પછી ફાલકા ઉપર, તૂતક ઉપર, એમ બધે ચિકાર ભરી શકાય, જેથી કોઈ પણ જણ ફાલકાની નીચે કશું જોવા પામે નહિ. મને તો એટલું જ જોઇતું હતું. મારા ભંડારિયામાં તો બીજો સામાન હતો. તેની ઉપર લાકડાં ભર્યાં.

સી આડલર ઉર્ફે માલેટા તૈયાર થયું. સાગવાન આડે કશું દેખાતું ન હતું. વિલ્હેમ્સ્હેવનના નિયત કરેલા એક ઓવારેથી અમુકદિવસે રાત્રે દસ વાગ્યા પછી વહાણ કોઇ અગમ્ય મુકામ માટે રવાના થયું. કોઇ ખલાસીને પણ સી આડલરના નિયત કાર્ય વિષે કશી માહિતી ન હતી. વેશપલટાની હકીકત પરથી કંઈક પણ સાહસમાં ઝંપલાવવું પડશે એટલું સૌ સમજતા હતા.

બીજી સવારે બંને સિરાંગની સીટીઓ વાગી અને બધા ખલાસીઓ તૂતક ઉપર હાજર થયા. જર્મન બચ્ચાઓ કશાથી પણ નહિ ડરે એની તો મને ખાતરી હતી જ; છતાં આ ખલાસીઓને તાબડતોબ સાચી વાત કહી જ દેવી જોઇએ. મેં તરત જ મુદ્દાની વાત કહી દીધી: 'મારા બહાદુર જવાનો, અંગ્રેજ કહે છે કે અમારા નૌકાસૈન્યની જંજીરમાં જર્મનીને તારાજ કરીશું! અંગ્રેજ કહે છે કે અમારા સાગરકોઠાઓને ભેદીને એક ઉંદરડી પણ પેલે પાર જવા નહિ પામે! આપણે તેને બતાવી આપવું છે કે તેની એ ડંફાસ ખોટી છે. તેના સાગરકોઠા આપણે મન કુછ બિસાતમાં નથી. એક વાર મહાસાગર સર કરીશું તો પછી દુશ્મનની એક પણ આગબોટ આપણે સપાટી ઉપર જીવતી નહિ ફરવા દઇએ. બોલો જવાનો! આપણે એ બતાવી શકીશું?'

જવાબમાં એક જ ભીષણ ઘોષ થયો: 'ગૉટ સ્ટ્રાફ્ફે ઍન્ગ્લાન્દ!' (ખુદા ઇંગ્લંડને તારાજ કરો!) અને વાજાંવાળાઓએ મગરૂર સૂર ઉપાડયા: ડૉઇશ્લાંદ! ડૉઇશ્લાંદ! ઓબ્બર ઑલસ'—જેની સાથે સેંકડો કંઠમાંથી એ જર્મન રાષ્ટ્રગીતનો ગગનભેદી ધ્વનિ ઊઠી રહ્યો. મને શક ન રહ્યો. દેશ માટે મરી ફીટવાની દરેક હૈયામાં તમન્ના હતી. ત્યાં તો—

'તતત્-તરાં, તતત્-તરાં, તરાં-તરાં-તત્-તરાં તતત્'—વાયર્લેસ ગુંજવા માંડયો. કાન પર ઈઅરફોન મૂકી અમારો ઑપરેટર સંદેશો લખવા માંડયો: 'વહાણ માલેટા ગઈ કાલે બ્રિટિશ મનવારોની સંમતિથી સાગરકોઠાની પેલે પાર સલામત પહોંચી ગયું છે. આ માટે નૉર્વેજિયન સત્તાધારીઓ દરેક પક્ષનો આભાર માને છે. બીજું વહાણ...' વગેરે વગેરે

આ ખબરથી હું તો ઠંડોગાર થઈ ગયો!

હવે મને માલેટા નામથી તો કોઈ જવા જ ન દે. તેમ આ છેલ્લી ઘડીએ બાજી સંકેલવી પણ મુશ્કેલ હતી. રંગારાને બોલાવી મેં સ્વસ્થતાથી હુકમ કર્યો: 'વહાણને મોરે અને વાંઢારેથી માલેટા નામ છેકી નાખ. 'ઇરમા' નામ લખ. બાંધણીનું બંદર 'બ્રામેન' લખ!' પછી ઝડપથી વેષપલટો કરવા માંડયો. માલેટાની લૉગબુક પર શાહીનાં મોટાં ધાબાં કર્યાં. 'ઇ', 'મા', વંચાય તેમ રાખ્યું. ચોપડી પાણીમાં ઝબોળીકાઢી. વહાણનેભાંગીતૂટી અવસ્થાવાળું બનાવી દીધું. આખા વહાણમાં પાણીના ધોધ વહેવડાવીને બધું ભીનું કરી નાખ્યું. પછી કિસ્મતની વાટ જોતો બેઠો! પણ અંગ્રેજોનો પહેલો સાગરકોઠો તો સહેલાઈથી વટાવ્યો. બીજે કોઠે દરિયાની સપાટીથી થોડાક ફૂટ નીચે સુરંગોનાં ખેતર વાવી દીધાં હતાં. સી આડલરને એ સુરંગો પરથી જ લઈ જવાનું મેં નક્કી કર્યું.'

એ બીજો અને સૌથી ભયંકર ત્રીજો કોઠો તો કેવાં સાહસ અને સિફતથી વટાવ્યો તેની લાંબી વાત જવા દઇને સી આડલરે મોટાં વેપારી જહાજોને કેવીકેવી રીતે જબ્બે કર્યાં હતાં તેનો એક જ પ્રસંગ ઉતારીને આ અવતરણ અટકાવીશું.

૧૯૧૭ના જાન્યુઆરીનું પહેલું પખવાડિયું વીતતું હતું. એવામાં એક દિવસ 'સ્ટીમર હોઓઓઓ...!' એવી પહેરેદારોની સામટી વધામણી ડોલ પરથી મળી. દૂરબીન લઈ હું ખડો થઇ ગયો.

અમારી ખબા બોરદ્દ (સ્ટાર બોર્ડ સાઈડ) પરએક સ્ટીમર ધીમેધીમે આવતી હતી. ઢૂંકડે આવતાં જ મેં નિશાન ચડાવી પૂછયું: 'કૃપા કરી ક્રોનોમીટરનો વખત કહેશોજી?' બંદરથી દૂરદૂર ઘૂમતાં પવનના ઘોડા જેવાં વહાણો પાસે જવલ્લે જ ક્રોનોમીટર દુરસ્ત રહે, એટલે આવો સવાલ સ્ટીમરોને અનેક વાર પૂછવામાં આવે છે. જવાબમાં સ્ટીમર સી આડલરની બોરદ્દમાં ઢળી પડી.

'શાબાશ જવાનો!' મેં કહ્યું ને હુકમ દીધો 'તૂતક સફા! ગોલંદાજ-ખબરદાર!'

સ્ટીમર ઉપર આળસાઇથી ફરતા અમલદારો દૂરબીનથી અમારી તરફ જોતા હતા. તેઓની અજાયબી વચ્ચે અમારા વચલા ડોલ પરથી આસ્તે આસ્તે નૉર્વેજિયન વાવટો નીચે સરવા લાગ્યો અને જર્મનીનો ઝંડો ઊંચે ચડવા લાગ્યો. અને એક ક્ષણ તો તેઓ સ્તબ્ધ થઈ ગયા, બીજીજક્ષણેમારા એન્જિન રૂમમાં ટેલિગ્રાફનો અવાજ આવ્યો: 'ઘર્રૂનન!'

'ફુલ સ્ટીમ, ઍસ્ટર્ને—પૂર જોશથી વાંઢાર ઘટાવ!' મેં હુકમ છોડયો. અને પેલી સ્ટીમરે હવે પાછલે પગે હઠવા માંડયુ.

'વાંચો ચિઠ્ઠાર! ગોલંદાઝ-બાર!'

તરત સી આડલર ઘૂમવા માંડયું અને સોંત લઈ અમારી નાનકડી તોપમાંથી ગોળો છૂટયો. સ્ટીમર હજુ રવમાં નો'તી આવી. સ્ટીમરના વચલા તૂતક પરની કપ્પીના મૂળમાં એ ગોળો વાગ્યો. સ્ટીમર પર ઝરબડાટ થઈ રહ્યો. ચોપાસ ખલાસીઓ દોડવા લાગ્યા. નષ્ટકે કૅપ્ટનને સર થવું પડયું.

એ સ્ટીમશિપ ગ્લૅડિસ રૉયલના કપ્તાન ને ખલાસીઓ સી આડલરના પહેલા મહેમાન બન્યા. મારા મજલા માલમને મેં સ્ટીમર પર મોકલ્યો. એ સ્ટીમરનાં કાગળિયાં લઈ આવ્યો અને સ્ટીમરના ભંડારમાં એક બૉમ્બની લાંબી જામગરી સળગાવી મૂકતો આવ્યો.

સી આડલર પોતાના મહેમાનોની સરભરા કરતું આગળ વધ્યું. થોડી વારે અમારી વાંઢારેથી ધડાકો આવ્યો. દૂરથી અમે સ્ટીમશિપ ગ્લૅડિસ રૉયલને હવામાં ઊછળતી ને પછી દરિયાની સપાટી તળે ગરક થતી જોઇ.

ગ્લૅડિસ રૉયલના કૅપ્ટન ચોનને અમારી સોબતમાં બહુ એકલવાયું ન લાગ્યું. તે જ સાંજે અમે બીજો શિકાર હાથ કર્યો. તે 'સ્ટીમશિપ લુન્ડી આઇલૅન્ડ!'

અતિશય બુદ્ધિપ્રભાવાળા ઘણા યુવાન માણસો ખીલતાં પહેલાં જ કરમાઈ જાય છે. પોતાની અદ્ભુત પ્રતિભા વડે સંસારભરના ગણિતશાસ્ત્રીઓમાં ઉજ્જવળ નામના કાઢનાર ભારતના અપ્રતિમ ગણિતશાસ્ત્રી રામાનુજ પણ એજ રીતે બત્રીસ વર્ષની વયે પરલોકગમન કરી ગયા હતા. તેમણે એવા સિદ્ધાંત તથા કોયડા ઉકેલ્યા છે કે જેને માટે કૅમ્બ્રિજ યુનિવર્સિટીના વિખ્યાત ગણિતવેત્તા પ્રો. હાર્ડી જેવાએ કહેલું કે જે કોયડા યુરોપના ગણિતશાસ્ત્રીઓને ઉકેલતાં સો વર્ષ લાગી ગયાં છે તે બધા આ હિંદી યુવકે થોડી પળમાં સિદ્ધ કર્યા છે. આ અંકમાંની એમની ચરિત્રરેખા સદાકાળને માટે ગૌરવ અને પ્રેરણાદાયી બને તેવી હોય અહીં ટૂંકાવીને મૂકી છે:

'એ પ્રતિભાશાળી હિંદીનો જન્મ ૧૮૮૭ના ડિસેમ્બરમાં, દક્ષિણ હિંદમાં ઇરોડ ગામમાં ગરીબ બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. કુંભકોણમ શહેરની હાઈસ્કૂલમાં તેણે અભ્યાસ કરેલો. પિતા કાપડિયાને ત્યાં વાણોતરું કરતા અને નામુંઠામું લખતા. નિશાળમાં તે સાવ શૂન્ય જેવો બેસી રહેતો. પણ કોને ખબર પડે કે મૂર્તિ જેવો શાંત બેઠેલો એ નાનકડો છોકરો બીજાને ગમ પણ ન પડે એવા ગણિતના ઝીણા પ્રશ્નો ત્યારે ઉકેલતો હતો!

છેક બાળવયે રામાનુજ પ્રાથમિક શાળામાં ભણતા ત્યારથી જ ગણિતશાસ્ત્રમાં એમણે કૌતુક દાખવેલું. એક ઊંચા વર્ગના છોકરાની 'લોની' કૃત ત્રિકોણમિતિ તેણે વાંચવા લીધી અને બાર વર્ષની ઉંમરે એ પુસ્તકના બધા દાખલા કોઈની મદદ વગર તેણે ગણી કાઢયા!

શિક્ષકો તો એ બધા જોઈને આશ્ચર્યમુગ્ધ થઈ ગયા. પંદર વર્ષની ઉમરે તો એણે એકલાએ 'કાર'નો ગણિતશાસ્ત્રનો સારગ્રંથ વાંચવા માંડયો ને તે વાંચીને તેણે એટલો તો અનહદ આનંદ અનુભવ્યો કે ઊંઘમાં પણ તે દાખલા ગણતો! સત્તર વર્ષની વયે તેને કુંભકોણમની સરકારી કૉલેજની શિષ્યવૃત્તિ મળી, પણ તેનું અંગ્રેજી ઘણું નબળું હતું, તેથી આ શિષ્યવૃત્તિ તે ખોઈ બેઠો. ગણિત સિવાય બીજા કોઈ જ વિષયની તેને પરવા નહોતી. પણ શિષ્યવૃત્તિ બંધ થઈ એટલે કમાઈ લેવાની તેને ચિંતા પેઠી અને કૉલેજનો અભ્યાસ તેણે બંધ કર્યો.

નિર્ધનતાના જે કઠણ દહાડા તેણે ગાળ્યા છે તે તો તેનું મન જ જાણતું. પણ આટલાં કષ્ટ છતાં તેનો ઉમદા સ્વભાવ અને ખંતીલી વૃત્તિ દબાયાં નહિ. દૂરના એક ગામમાં તેણે હંગામી નોકરી લીધી. ત્યાં નસીબ સંજોગે તે પ્રખ્યાત ગણિતશાસ્ત્રી રામચંદ્રરાવના સંસર્ગમાં આવ્યો. તેમનેએક ભત્રીજો હતો, તેણે એમને કહ્યું, 'કાકા, એક માણસ મારે ત્યાં આવ્યો છે તે ગણિતની જ વાતો કર્યા કરે છે; પણ હું તેમાં કંઈ સમજતો નથી. તેની વાતમાં કંઈ માલ છે કે કેમ તે જરા તમે જોઈ લેશો?' કાકાએ હા પાડતાં એક ઠીંગણો, બેડોળ, હજામત વધી ગએલા ચહેરાવાળો યુવક આવી હાજર થયો. તેની બગલમાં એક ફાટેલી નોટબુક હતી. તે સાવ નિર્ધન ચીંથરેહાલ લાગતો હતો. પોતાનો અભ્યાસ આગળ વધારવાની લગનીમાં તે કુંભકોણમથી મદ્રાસ નાસી આવ્યો હતો. તેને નહોતી માનપાનની ઇચ્છા કે નહોતી લક્ષ્મીની. માત્ર કોઈ રોટલા આપે તો શાંતિથી પડ્યો પડ્યો પોતાનું ગણિતનું કામ કર્યા કરે એટલી જ રાહત તેને જોઈતી હતી. રામચન્દ્રરાવ લખે છે કે 'તેની નોટબુકમાં કોઈ સામાન્ય વસ્તુ નહોતી ચીતરી મારેલી, પણ કંઈક અપૂર્વતા હતી. પણ મારી પાસે તે જે વાત કરતો હતો તે નક્કી કરવા પૂરતું પણ મારું જ્ઞાન નહોતું. મારું અજ્ઞાન તે જાણી ગયો, અને તેથી અઘરી વાતો બાજુએ મૂકી પોતે દોરેલા કેટલાક સાદા સિદ્ધાંતોનાં પરિણામ મને બતાવ્યાં. મને ચોક્કસ ખાતરી થઈ કે એ માણસ અદ્ભુત છે.'

રામચંદ્રરાવે મદ્રાસ પોર્ટ ટ્રસ્ટના પ્રમુખ સર ફ્રાન્સિસ સ્પ્રિંગ પર ભલામણપત્ર આપી તેને નોકરીમાં લેવા વિનંતી કરી. સર ફ્રાન્સિસને થયું કે આવા અજબ પ્રતિભાશાળી માણસની શક્તિ કારકુનીમાં ન વેડફાઈ જવી જોઇએ. એવામાં સદ્ભાગ્યે સિમલાના હવામાન ખાતાના હિંદના વડા અમલદાર ડૉ. વૉકર મદ્રાસ આવેલા હતા તેમની પાસે સર ફ્રાન્સિસ રામાનુજનું ગણિતશાસ્ત્રનું થોડુંક કામ લઈ ગયા ને બતાવ્યું. ડૉ. વૉકર તો એ વાંચીને મોંમાં આંગળાં જ ઘાલી ગયા! તાબડતોબ તેમણે એક પત્ર મદ્રાસ વિદ્યાપીઠના મહામાત્ર પર લખ્યો કે 'હું આપને શ્રી એસ. રામાનુજન પ્રત્યે લક્ષ આપવા વિનંતી કરું છું. હાલ તે મદ્રાસ પૉર્ટ ટ્રસ્ટના હિસાબી ખાતામાં એક કારકુન છે. સર ફ્રાન્સિસ તેનું કરેલું જે કામ મારી પાસે ગઈ કાલે જ લાવ્યા હતા તે જોઇને મારી ખાતરી થઈ છે કે કૅમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજના ગણિતશાસ્ત્રના સભ્યના નવીન મૂળ કામ સાથે સરખાવતાં એ ક્યાં યે ચડી જાય તેવું છે. મને તો દીવા જેવું ભાસે છે કે શ્રી રામાનુજન જો ગણિતશાસ્ત્રની શોધખોળમાં થોડાં વર્ષ ગાળે તો અદ્ભુત કાર્ય કરી બતાવે. ને તે સારુ તેને ખાવાપીવાની કોઈ ચિંતા ન રહે તેવી વ્યવસ્થા વિદ્યાપીઠે કરવી જોઇએ.'

આ પછી વિદ્યાપીઠે તેમને માસિક ૭૫ રૂપિયાની શિષ્યવૃત્તિ કરી આપી, એટલે પોતાના નિર્વાહની ચિંતામાંથી તો તેમને મુક્તિ મળી. ત્યાર બાદ તેઓએ કૅમ્બ્રિજ ટ્રિનિટી કૉલેજના સભ્ય મિ. જી. એમ. હાર્ડી સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો. તેમાં જણાવ્યું કે 'હું વિદ્યાપીઠની કેળવણીથી વંચિત છું. માત્ર સામાન્ય નિશાળમાં ભણ્યો છું. 'ડાઈવર્જન્ટ' શ્રેણીની ખાસ શોધ મેં કરી છે. હમણાં જ 'ઑર્ડર્સ ઑવ ઇન્ફિનિટી'નું આપનું પુસ્તક મેં વાંચ્યું તેમાં આપે ૩૬મા પાના પર લખ્યું છે કે કોઈ સંખ્યા કરતાં સહેજ ઓછામાં ઓછી સંખ્યા કઈ તે હજુ શોધી શકાયું નથી. મેં એ શોધી કાઢ્યું છે. આ સાથે મોકલેલ નિબંધો આપ વાંચી જશો.' મિ. હાર્ડી પર મોકલેલા નિબંધોમાં ગણિતના એક સો કરતાં પણ વધુ સિદ્ધાંતો લખ્યા હતા, ને એ કૅમ્બ્રિજના ભલભલા ગણિતશાસ્ત્રીઓની પણ કસોટી કરે તેવા હતા. રામાનુજને બધા કોયડાનો કરેલો ઉકેલ વાંચીને તો મિ. હાર્ડી દંગ થઈ ગયા. એમણે રામાનુજનને જવાબ લખીને પોતાની ઊંડી સહાનુભૂતિ તથા ઉત્તેજન પાઠવ્યાં.

તેમણે લંડનના સત્તાવાળાઓ તથા મદ્રાસની સમિતિ સાથે શ્રી રામાનુજનને કૅમ્બ્રિજની કેળવણીનો લાભ પ્રાપ્ત કરાવી આપવા પત્રવ્યવહાર ચલાવ્યો. વિદ્યાપીઠે આ ભલામણ સ્વીકારી અને રામાનુજનને ઈંગ્લંડમાં અભ્યાસ કરવા સારુ વાર્ષિક અઢીસો ગિનીની શિષ્યવૃત્તિ બે વર્ષ માટે મળી. ૧૯૧૪ના માર્ચની ૧૭મી તારીખે રામાનુજ ઇંગ્લંડ પહોંચ્યા અને કૅમ્બ્રિજ યુનિવર્સિટી કૉલેજમાં દાખલ થયા. મિ. હાર્ડી તથા લિટલવૂડના દિશાસૂચન મુજબ તેમણે ત્યાં ઝપાટાબંધ પ્રગતિ કરવા માંડી.

પણ દૈવયોગે ૧૯૧૪ના ઑગસ્ટમાં મહાન જર્મન વિગ્રહ જાગ્યો. આથી એક બાજુ રામાનુજનનો અભ્યાસ અટક્યો અને બીજી તરફ ઇંગ્લંડનાં હવાપાણી તેમને માફક ન આવ્યાં તેથી શરીર બગડયું, અને એમને ક્ષય લાગુ પડ્યો! સારામાં સારી માવજત થાય તેવા દવાખાનામાં તેમને રાખ્યા.

આ દરમ્યાન એમની ગણિતશાસ્ત્રની અજબ શોધોથી વૈજ્ઞાનિક દુનિયા ચકિત થઈ હતી. ૩૧ વર્ષની ઉમરે–૧૯૧૮ના ફેબ્રુઆરીની ૨૮મી તારીખે-રૉયલ સોસાએટીના ફેલો તરીકે તેમની ચૂંટણી થઈ, જે માન આટલી વયના હિંદીને પહેલું જ આપવામાં આવ્યું હતું. આથી ઉત્તેજિત થઈ ખરાબ તબિયત છતાં પણ એમણે કામ ચાલુ રાખ્યું; અને કહેવાય છે કે આ વખતે તો એમણે કેટલાક ઊંચામાં ઊંચા સિદ્ધાંતોની શોધ કરી. એ જ વર્ષના ઑક્ટોબરની ૧૩મી તારીખે તે કૅમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજના ફેલો તરીકે ચૂંટાયા અને વાર્ષિક ૨૫૦ ગિનીનું વેતન તેમને મળવા લાગ્યું.

યુદ્ધ પૂરું થતાં ૧૯૧૯ના માર્ચની ૨૭મી તારીખે શ્રી રામાનુજન ઈંગ્લંડથી ઊપડી મુંબાઇ પહોંચ્યા. આ વખતે એમની તબિયત ખૂબ લથડી ગઇ હતી. એમની ઉત્તમમાં ઉત્તમ સારવાર કરવામાં આવી, પણ બધું નિષ્ફળ ગયું અને મદ્રાસમાં ચેત્પુરમાં ૧૯૨૦ના એપ્રિલની ૨૬મી તારીખે તેમનો દેહાંત થયો.'

અને છેલ્લે 'માધુકરી'માંથી એક વાનગી:

સામાન્ય આમ વર્ગને સૂર્યમાળાના કદ વગેરેનો કાંઈક ખયાલ આપી શકાય એટલા માટે અમેરિકાનું વિખ્યાત 'સાયન્સ ન્યુસ લેટર' એક રસભરી સરખામણી સૂચવે છે: 'બે ફૂટ વ્યાસના એક ગોળાથી બ્યાશી ફૂટ છેટે રાઇનો દાણો મૂકી જુઓ એટલે તમને બુધના ગ્રહ અને સૂર્યનો ખયાલ આવશે; એ ગોળાથી ૧૪૨ ફીટ છેટે વટાણાનો દાણો મૂકવાથી શુક્રનો, ૨૧૫ ફૂટ છેટે જરા મોટો વટાણાનો દાણો મૂકવાથી પૃથ્વીનો, ૩૩૭ ફીટ છેટે મકાઇનો દાણો રાખવાથી મંગળનો, ૦ા માઈલ દૂર નારંગી મૂકી જોવાથી ગુરુનો, ૩/૪ માઇલ દૂર એક નાની નારંગી મૂકવાથી શનિનો અને સવા માઈલ છેટે એક મોટું વડબોર કે ચેરી ફળ મૂકી જોવાથી યૂરેનસનો ખયાલ આવશે. અને આકાશમાં ચમકતા તેજસ્વી તારામાંનો નજીકમાં નજીક તારો કેટલો દૂર છે તે જાણવું હોય તો બે ફૂટ વ્યાસના એક ગોળાથી ૭૫૦૦ માઈલ દૂર બીજો એકાદ ફૂટ વ્યાસનો ગોળો રાખ્યો હોય એટલો!'

બેઠકનો બંદોબસ્ત

પ્રબોધ જોષી

અમે ઘેર આવ્યા ત્યારે અમારો આનંદ સમાતો નહોતો. જીવન જેટલું અમે જીવ્યા છીએ તેટલામાં અમે એક વસ્તુ સમજી ગયા છીએ કે મફત મળતી વસ્તુ જ મોંઘી ગણાય છે. વેચાતી લીધેલી વસ્તુ કરતાં મફત મળતી વસ્તુ ઘણી મોંઘી હોય છે.

સ્નેહ મળે છે તો મફત, અમારું આ વિધાન વાંચી ઘણા બીજાને કહી શકશે કે 'જોયું? મેં કહ્યું નહોતું કે આ બાળકનું ભેજું જ ખસી ગયું છે!' પણ અમે અમારાં વિધાનોને સાબિત કરી આપવા હંમેશ તૈયાર જ હોઇએ છીએ. સ્નેહ એ મળે તો મફત, પણ કેટલો મોંઘો ને અમૂલ્ય છે. મૈત્રી મળે મફત, પણ કિંમત કેટલી ચૂકવવી પડે છે? ડિનર પોતાના પૈસે જમો તેની કંઈ કિંમત નહિ, પણ કોઈ પાર્ટીનું આમંત્રણ? કેટલું અમૂલ્ય! બસમાં જવું સહેલું છે, પણ લિફ્ટ મેળવવી મોંઘી છે. ચોપડી ખરીદીને વાંચવામાં કંઈ કિંમત નથી, પણ કોઈ સાચા વાચનપ્રિયના સંગ્રહમાંથી એક પુસ્તક વાંચવા તો માગજો. પરસેવો વળી જશે. આવા તો ઘણા દાખલા છે. અને તેથી જ અમે ઘેર આવ્યા ત્યારે અમારો આનંદ માતો નહોતો.

બારણું ઉઘાડું જ હતું, છતાં ઉત્સાહના આવેશમાં અમે બેલ વગાડયો અને ગીત ગણગણતા પ્રવેશ્યા. રેખા એટલી મૂર્ખી નહોતી કે વાતનો તાલ મેળવી ના શકે. એણે જોયું કે મિ. પરાશર આજે ગમગીન મુખે નથી આવ્યા, થાકેલા નથી આવ્યા, આવીને તરત કપડાં બદલી મોં ધોવા બાથરૂમમાં નથી ગયા, પણ જેમ પેટમાં ખીર હોય અને બિલાડી આંટા મારે તેમ તેની આજુબાજુ મગ્ન, મુગ્ધ, મસ્ત ફરી રહ્યા છે. રેખા, કે જે સિનેમાની જાહેરખબરો વાંચી રહી હતી, તેણે છાપામાં જ મોં રાખી કહ્યું, 'પરાશર, તમે જે કહેવાના હો તે કહી નાખોને!' જેને મન છાપું માત્ર કયા થિયેટરમાં કઈ ફિલ્મ ચાલે છે અને તેના શા ટાઇમિંગ છે તે તેના જેવી જનતા વાંચી શકે, જાણી શકે તેટલા માટે જ બહાર પડે છે તેવી રેખાએ મારો ઉત્સાહ જરા ઓછો કર્યો અને સસ્પેન્સને તોડી નાખ્યો.

મેં કહ્યું, 'રેખા, હમણાં કૃષ્ણકાન્ત મળ્યો.'

'કૃષ્ણકાન્ત? કયો કૃષ્ણકાન્ત? અને તે મળ્યો તેમાં આટલા આનંદમાં શાના આવી જાઓ છો? જુઓ પરાશર, બરાબર સાંભળીને સમજી લ્યો. કાલે રવિવાર છે તેથી તમારા કોઈ મિત્રને રાત્રે જમવાનું આમંત્રણ આપી આવ્યા હો તો અત્યારે ને અત્યારે ના પાડી આવો.'

મેં કહ્યું, 'તું, કૃષ્ણકાન્તને નથી ઓળખતી? મોટો ડાયરેક્ટર છે; પેલું નાટક 'સમી સંધ્યાએ' ચાલે છે તેનો ડાયરેક્ટર. બહુ મોટો માણસ છે. 'સમી સંધ્યાએ'ના ૨૨ શો તો થઈ ગયા. આ અગાઉ પણ તેણે ચાર નાટકો કર્યાં છે અને બધાં જ ઉપરાઉપરી ૩૦ શો લગી ચાલ્યાં છે.'

'સમી સંધ્યાએ? હા એની જાહેરખબર તો જોઉં' છું, અને એનો રીવ્યૂ પણ વાંચ્યો હતો. એ તો બહુ જાણીતો ડાયરેક્ટર છે. એના નામની બોલબાલા છે. તમે એને કયાંથી ઓળખો?'

'હું કોને નથી ઓળખતો.'

'અરે, પણ આ તો નાટકવાળા, અને તમે?'

'કૃષ્ણકાન્તને હું સાત વર્ષથી ઓળખું છું.'

'તમે મને તો કોઈ દિવસ કહ્યું નહિ.'

'એટલે તું સમજી નહિ. યુ સી, વાત એમ છે ને કે એ વખતે તે ઍક્ટિંગ કરતો. એક વખત નાટક પતી ગયા પછી બચુભાઈ નામના મારા એક મિત્રનો જનક કરીને મિત્ર છે તેણે કોઈ ત્રીજા મિત્ર કનક મારફત ઓળખાણ કરાવેલી.'

'અને એ પછી આજે જ મળ્યા હશો.'

'હા, સાત વર્ષે મળ્યો.'

'તો તો એ કંઈ તમારો મિત્ર ન કહેવાય. તમને એણે બોલાવ્યા, કે પછી તમે માથે પડીને તેને મળવા ગયા હતા?'

આજે બપોરે ઘેર જરૂર સૂડી–ચપ્પાને ધાર કાઢનારો આવ્યો હશે, અને મેં ગયા જ રવિવારે સૂડી, ચપ્પુ, છરી બધાંને ધાર કઢાવી હોઈ રેખાએ તેની બુદ્ધિને ધાર કઢાવી લીધી હશે. મેં કહ્યું, 'રેખા, જોને વાત જાણે એમ થઈ કે ઑફિસેથી છૂટીને 'ૅઍમ્બેલી'માં કૉફી પીતો હતો ત્યાં મેં જોયું કે બાજુના ટેબલ ઉપર કોઈ બેઠું છે. મને થયું કે એને મેં કયાંક જોયો છે. હું 'એક્સ્ક્યુઝ મી' કહીને તેના ટેબલ પર ગયો ને તરત જ ઓળખ્યો કે એ કૃષ્ણકાન્ત છે.'

'હં. પણ એણે તમને ઓળખ્યા ખરા?'

'ચોક્કસ તો એમ ન જ કહી શકાય. મેં જ કહ્યું કે સાત વર્ષ ઉપર કનકે ઓળખાણ કરાવેલી. પણ એની યાદદાસ્ત જબરી ખરી. એણે કહ્યું, 'હા હા, બરાબર છે. તમે ''એવું થાય તો'' નામના મારા નાટકના ચોથા શોમાં આવેલા. બરાબર, બરાબર. કેમ, કનક શું કરે છે? અને પછી તો રેખા, અમે બહુ વાતો કરી!'

'સારું કર્યું. આમ કોઈ જાણીતા માણસને મળતા રહો તો કેવું સારું?'

'પણ, તું પૂરી વાત તો સાંભળ. એણે કહ્યું કે કાલે તેનો 'સમી સંધ્યાએ'નો ૨૩મો શો છે.

'એમાં એણે શી નવી વાત કરી! આજના છાપામાં પણ એ જાહેરખબર તો છે.'

'પણ રેખા, આ નાટક તો બધાંએ અચૂક જોવા જેવું છે.'

'એ પણ જાહેરખબરમાં લખ્યું જ છે.'

'રેખા, તું સાંભળ! આ નાટકમાં કૃષ્ણકાન્ત પોતે નાનું સરખું પાત્ર કરે છે...'

'જાહેરખબરમાં છે.'

'અને આ નાટકમાં કાન્તિ, પ્રવીણ, જયંત, ભરત, સુધા, હંસા...'

'મીરાં, પન્ના, ધ્રુવ વગેરે અભિનય કરે છે એ બધું જ જાહેરખબરમાં છે.'

'રેખા, મેં એને કહ્યું કે આ નાટક તો તો જોવું જોઇએ. કાલે કહો તો આવીએ. અને એણે કહ્યું કે જરૂર આવો. હું કાઉન્ટર ઉપર બે સીટનું કહી રાખીશ. બોલ!'

'કેવી રીતે બોલું? એ જાહેરખબરમાં નથી.'

'એમ ત્યારે. તું પરાશરને સમજે છે શું? કાલે પરાશર અને રેખા નાટક જોવા જશે, આગલી હરોળમાં આમંત્રણથી બેસશે.'

'સાચ્ચે જ? તો તો ઘણું સરસ કહેવાય.'

મને એમ લાગતું હતું કે મેં વાઘ માર્યો છે. મફત મળતો પાસ કોઇના ગૃહજીવનને આનંદી અને કલ્લોલતું બનાવી દે છે એ કેટલા નાટક કરનારાને ખબર હશે?'

રેખાએ કહ્યું, 'પણ એ તમને કાલે નહિ ઓળખે તો? મોટો માણસ ભૂલી પણ જાય!'

'ન કેમ ઓળખે? કાઉન્ટર પર કહી જશેને?

'હા પણ કાઉન્ટર પર શું કહી જશે?'

'એ જ કે પરાશર...રેખા...'

'શું થયું?'

'કંઈ જ નહિ. તું યે કેવા સવાલ પૂછે છે.'

રેખાને મેં કહ્યું નહિ, પણ તમને કહી દઉં છું કે મને સાચે જ બીક લાગી. મેં મૂર્ખાએ મારું નામ તેને યાદ છે કે નહિ તે પણ પૂછ્યું નહોતું! વળી રેખાની એ વાત પણ સાચી હતી. કૃષ્ણકાન્ત ભલે હા કહી ગયો, પણ ત્યાં કાઉન્ટર ઉપર કંઈ કહી જ ના ગયો હોય તો?'

રવિવારે સાડા છના શો માટે રેખા સાડા ચારની તૈયાર હતી. અમારી રેખાને મન જીવન ખાવા માટે છે. એટલે ફિલ્મ, ફૅશન ને ફૂડ એ ત્રણ સિવાય બીજામાં તેણે કદી રસ લીધો નથી.

શનિવારે ૨૭મી તારીખ હતી, રવિવારે ૨૮મી. મેં મારાં ખિસ્સાપાકિટ સંભાળ્યાં. રેખાનો વિચાર એવો કે નાટકને છૂટતાં દસ તો વાગશે, માટે પાંચ વાગ્યે નાસ્તો કરી લેવો. નાટકની ટિકિટ, તમને ખબર ના હોય તો કહી દઉં કે, સિનેમા કરતાં ઘણી મોંઘી હોય છે. સિનેમામાં હાઇએસ્ટ ટુ-ટેન હોય છે. 'સભી સંધ્યાએ'માં લોએસ્ટ ટુ-ટેન હતી! આગલી હરોળ એટલે બે સીટના ઓછામાં ઓછા પંદર. એ બચ્યા તેનો એને લાભ લેવો હતો. મારી પાસે કુલ ૨૩ રૂપિયા હતા. તેમાંથી પ્લાન મુજબ થિયેટરથી અર્ધો ફર્લાંગ દૂરના રેસ્ટોરાં સુધી ટૅક્સીમાં ગયાં, તેના બે રૂપિયા ચૂકવતાં ૨૧ રહ્યા હતા. સુખમાં માણસ એક જ વ્યક્તિનો હોય છે, દુઃખમાં બધાંને પોતાની સાથે લે છે. રેખાનો પરાશર, તમારો આ સેવક દુઃખી પરાશર બનવા જઈ રહ્યો હતો.

રેસ્ટોરાંમાં જઈ રેખાએ ફૅમિલી-રૂમમાં બેસી 'મેન્યુ લાઓ' કહ્યું ત્યારની તેની અદા પરથી મને થયું કે રેખા આજે હદ ઓળંગી જવાની છે. મારી ગાંઠ એવી કે છથી વધુનું બિલ ન થવું જોઇએ, કારણ કે જો કૃષ્ણકાન્ત કાઉન્ટર પર કહેવાનુ ભૂલી ગયો તો રેખા પાસે વટ જાળવવા મારે પંદરનું પાણી કરવાનું જ હતું.

રેખાએ પહેલો ઑર્ડર આપ્યો, 'દેખો, હમારે લિયે કટલેટ્સ લાઓ, ઔર ચીઝ-પકોડી લાઓ; ઔર પીછે તૂટી-ફૂટી આઈસ્ક્રીમ. ફિર દૂસરા બોલતા હૈ. ઔર સાહબકો પૂછો...'

મેન્યુ મારા હાથમાં મુકાયું. મેં મારી પસંદગીને બદલે પહેલાં તો તેમાં કટલેટ્સ, ચીઝ, પકોડી ને તૂટીફૂટીના ભાવ જોયા. ૧-૧૨-૦, ૧-૮-૦ ને ૨-૮-૦ હતા. હું માત્ર ચા પીઉં તો જ બિલ ચૂકવી શકાય. પણ ટિપ વગર નીકળું તો રેખાનું નાક કપાઈ જાય. એટલે મેં કહ્યું 'હમ કુછ નહિ મંગતા.' રેખાએ કહ્યું, 'પરાશર, શો મોડો છૂટશે.'

'રેખા, તાપ બહુ પડે છે, એટલે હું ખાઈશ તો માંદો પડીશ.'

'માંદા? ખાધે કોઈ માંદું પડયું છે? તમે તો એવા જ રહ્યા. અચ્છા, તુમ જાઓ, પીછે બોલતા હૈ.'

મારી ઇચ્છા હતી કે હું રેખાને અરજ ગુજારી કરી શકું કે રેખા તુમ જાઓ, પીછે હમ વેઈટરકો બોલતા હૈ. મારા મન ઉપર શી વીતતી હશે તેનો ખયાલ પરણેલા કે કુંવારાને નહિ આવે, પણ વિવાહ થએલા અને જીવનસાથી બનનાર સાથે ઓછે પૈસે ઉત્સાહે રેસ્ટોરાંમાં જનારને જરૂર આવતો હશે. વેઈટર પાછો આવ્યો: 'ચીઝ-પકોડી કો દેર લગેગા.'

મેં તરત કહ્યું, 'તો ફિર રહને દો.'

'પણ તો બીજું કંઈ મંગાવું? તમે સાચે જ કશું નહિ ખાઓ? થોડું ખાજો. કહો તે મંગાવું.'

અહીં મને એક કાંકરે બે પક્ષી મારવાની મળેલી તક ઝડપી મેં મેન્યુ જોયા વગર જ કહ્યું, 'અચ્છા, તો ચીઝકા સૅન્ડવીચીઝ લાઓ, આધા ડઝન!' રેખાને થયું કે છમાં એને ભાગે શું આવશે? છતાં પછી જોયું જશે ગણીને તે કંઈ બોલી નહિ. કટલેટ્સ પહેલાં આવ્યા. જોતજોતામાં સાફ! મારી આંખ આગળ '૧૯-૪-૦ રહ્યા' એમ ભમતુ હતું. પછી સૅન્ડવિચિઝ આવ્યાં. મેં માત્ર એક જ ખાધું. પાંચ મળતાં રેખાએ વિરોધ ના કર્યો. સૅન્ડવિચ ચાલતાં હતાં ત્યાં તૂટીફૂટી આવ્યો ત્યારે મને સ્પષ્ટ લાગ્યું કે હવે જો કંઈ તોફાન થાય નહિ તો જ ૧૬ રૂપિયા રહે.

એ પતતાં રેખા બોલી, 'પરાશર, તમે આઈસ્ક્રીમ જરૂર ખાઓ. ફ્રૂટસથી ભરપૂર છે. ઠીક રહેશે' મેં નાની ના જ કહી. એટલે તેણે કહ્યું, 'તો હું ક્રીમ કૉફી પીઉં...'

ક્રીમ કૉફી મહણજે દોઢ રૂપિયો! મારું માથું ઘૂમી ગયું. ભેજામાં થએલા દહીંનું તે ઘુમાવાથી વલોણું થયું અને તેમાંથી નીકળ્યું નવનીત. મેં કહ્યું, 'ક્રીમ કૉફી વિલ ટેઈક ફાઈવ મિનિટ્સ. આપણે જલદી જઇએ. પોણા છ થયા. બેરર, બિલ લાઓ.'

રેખા કંઈક બોલવા જતી હતી પણ બેરરે કૅબિનમાં પ્રવેશ કરતાં તે ચૂપ રહી. બેરરે બિલ મૂકયું. મેં દસની નોટ મૂકી. તે ગયો. મેં રેખાને તક ન મળે માટે કહ્યું, 'બીજું હવે પછી.' રેખા રિસાઈ ગઈ. બેરર પાછો આવ્યો-છ રૂપિયા લઇને. મેં પાંચની નોટ લીધી, એક આઠ આની લીધી ને એક ચાર આની લીધી. ચાર આના રહ્યા. રેખાને એ ન ગમ્યું. મેં બેરર જતાં ઊભા થતાં ચોખવટ કરી, રૂપિયે આનો જ હોય.

અમે બહાર નીકળ્યાં. મારા નસીબે રવિવાર હોવાથી ટૅક્સી મળી જ નહિ. ચાલતાં થીએટરે આવ્યા. મને થયું કે મારી આબરૂ જશે, માટે રેખાને મેં દૂર ઊભી રાખી કહ્યું, 'બહુ ગિર્દી છે. હું પાસ લઇને આવું છું.'

ગુસ્સાભરી રેખા બોલી, 'તમે જાણો ને તમારું કામ જાણે. મારી ક્રીમ કૉફી...'

હું તેને સાંભળ્યા વિના સડસડાટ સરી ગયો અને ભગવાનનું નામ લેતોલેતો કાઉન્ટર પાસે ગયો. હેવી રશ—મહણજે પુષ્કળ ગિર્દી ટિકિટ માટે હતી. ટિકિટવાળાની બાજુમાં ઊભેલા ભાઇને મેં કહ્યું, 'માફ કરજો, પણ કૃષ્ણકાન્તભાઈ મારી બે સીટ માટે કહી જવાના...'

એ સાંભળી પેલો તો બાઘા જેવો ઊભો રહ્યો. મને પરસેવો થતો હતો તે પણ તે જોતો નહોતો! પણ એ પરસેવાવાળો ઍરકન્ડિશન્ડ રૂમમાં પ્રવેશે તેવી લાગણી ટિકિટવાળાએ ઊભી કરી. તેણે તે શબ્દો કાને પડતાં કહ્યું, 'દિનેશભાઈ, ખાનામાં એમનું કવર છે. આપી દો.'

મારા પ્રાણમાં પ્રાણ આવ્યો. હું તરત જ કવર ઝૂંટવી દોડયો ને રેખા પાસે ગયો. અમે કવર ખોલી બે પાસ કાઢી અંદર ગયાં. અમારા પાસ પહેલી જ રોના હતા. મેં રેખાને કહ્યું, 'ક્રીમ કૉફી!' પહેલી રોમાં તે હતી તેથી તેની સામે બધાં ઈર્ષાથી જોઈ રહ્યાં હતાં. એટલે તે કૉફી ભૂલી ગઈ હતી. બને ઇન્ટરવલમાં તેને બહાર જવું હતું, પણ મેં ના પાડી.

હા જી, હજુ સુધી એ કવર મેં સાચવી રાખ્યું છે. કારણ? કારણ કે તે કવર ઉપર 'મિ. ઍન્ડ મિસિસ સંપત' લખ્યુ હતુ. મારી અટક સંપત નથી. કાં તો કૃષ્ણકાન્તની યાદદાસ્ત કાચી, કાં તો સંપત યુગલ મોડું આવ્યું હશે એટલું તેમનું નસીબ કાચું!

નવાં પુસ્તકો

So Says Shri Shivananda: સ્વામી શિવાનંદના સદુપદેશોમાંથી ચૂંટેલાં પ્રેરક વિચારરત્નો, પ્રકાશક: બી.જી. અધ્વર્યુ, પ્રમુખ-ડિવાઈન લાઈફ સોસાએટી, પાટણ શાખા, પાટણ (ઉ.ગુ.), ૦-૮-૦; **સૂરજ બોલાવે**: બાળકોને વાંચતાંવેંત ગમી જાય એવાં 'મોહિનીચન્દ્ર'નાં સરળમધુર બાળગીતો, પ્રકાશક: અનડા બુક ડીપો, ગાંધી માર્ગ, અમદાવાદ, ૦-૫-૦; **મગરૂર મંદાકિની**: રમણલાલ નાનાલાલ શાહની રસિક બાળવાર્તાઓ, ૦-૮-૦; **ગદ્ધા પચ્ચીસી**: દિનુભાઈ જોષીની કલમે લખાએલી ગધેડા વિષેની વાંચતા આનંદ પડે તેવી પચ્ચીસ બાળવાર્તાઓ, બંનેના પ્રકાશક: ઉપર મુજબ, ૦-૧૨-૦; **ફૂલડાં**: બાળકોને મજા પડે એવાં પ્રવીણ ભટ્ટનાં બાળગીતોનો સંગ્રહ, પ્રકાશક: પ્રવીણ ભટ્ટ, મોરબી (સૌરાષ્ટ્ર); **મારા જીવનની અનુભવ કથા**: શેઠ નાનજીભાઈ કાલિદાસ મહેતાની સાહસભર, અનુભવસમૃદ્ધ ને પ્રેરક આપકથા, પ્રકાશક: એન. એમ. ઠક્કરની કંપની, ૧૪૦ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨, રૂ. ૬-૪-૦ (દેશમાં), શિલિંગ ૧૦ (પરદેશમાં); **સમાધાન**: શ્રીકૃષ્ણવિષ્ટનું પૌરાણિક સંસ્કૃત નાટકોની ઢબે સુંદર-સફળ નાટયનિરૂપણ, લેખક અને પ્રકાશક: ઉમેશ કવિ, ૧૩૧૩ કૃષ્ણનગર, ભાવનગર.

લખનૌનું બીરબલ સાહની ઈન્સ્ટીટ્યૂટ ઑવ પૅલિયો-બૉટની



[આપણી વિજ્ઞાન સંસ્થાઓ : ૧૭]

જેમના સ્મરણમાં આ ઈન્સ્ટીટ્યૂટ આજે ઓળખાય છે તે, એના સ્થાપક સદ્‌ગત પ્રોફેસર બીરબલ સાહની હિંદના એક અગ્રગણ્ય વનસ્પતિવિજ્ઞાની હતા. ('કુમાર'ના ૧૯૩મા અંકમાં એમનું ચરિત્ર આવી ગયું.) પોતાની શોધોની સિદ્ધિ વડે એમણે પ્રાગ્-ઐતિહાસિક વનસ્પતિ-વિજ્ઞાન, અર્વાચીન વનસ્પતિ-વિજ્ઞાન અને ભૂસ્તર-વિજ્ઞાનમાં આંતરરાષ્ટ્રીય નામના મેળવી હતી. કૅમ્બ્રિજ યુનિવર્સિટીમાં પ્રોફેસર સિવર્ડ પાસે એમણે શિક્ષણ અને સંશોધનની તાલીમ લીધી હતી. પંડિત જવાહરલાલ નેહરુ એમના સહાધ્યાયી હતા.

આ ઇન્સ્ટીટ્યૂટ એ પ્રોફેસર અને શ્રીમતી સાહનીની સાધનાના ફળરૂપ છે. શરૂઆતથી જ એના પર આપત્તિનો આઘાત થયો. ઈન્સ્ટીટ્યૂટના શિલારોપણવિધિ પછી અઠવાડિયામાં જ પ્રોફેસર સાહનીનું દુઃખદ અવસાન થયું. પણ એમનાં પત્ની શ્રીમતી સાવિત્રીદેવીએ પતિનું કાર્ય ઉપાડી લીધું. અને પ્રોફેસરના વિદ્યાર્થીઓ તથા સહકાર્યકારીઓએ વફાદાર તમન્નાપૂર્વક એ ખોટ વરતાવા ન દીધી.

'પૅલિયો બૉટની' એટલે વનસ્પતિ અને ભૂસ્તરવિજ્ઞાનની શાખાઓ વચ્ચે સામાન્ય ભૂમિકા રચતું વિજ્ઞાન. સાદી ભાષામાં કહીએ તો ભૂસ્તરીય શિલાઓમાં મળી આવતા વનસ્પતિના અશ્મીભૂત અવશેષો (ફૉસિલ વગેરે) સંબંધી વૈજ્ઞાનિક માહિતી. એને માટે ગુજરાતી પર્યાય યોજવો હોય તો 'પ્રાગ્-ઐતિહાસિક વનસ્પતિ-વિજ્ઞાન' કહી શકાય. આ સંસ્થામાં અશ્મીભૂત વનસ્પતિનો જ નહિ પણ એ જે શિલાઓમાંથી નીકળે તેનો પણ અભ્યાસ થાય છે અને તે દ્વારા એ ભૂસ્તરીય યુગમાં થતી વનસ્પતિના જીવનનું સંપૂર્ણ ચિત્ર મેળવાય છે.

પ્રાગ્-ઐતિહાસિક વનસ્પતિ-વિજ્ઞાનનો અભ્યાસ મૂળ તો ભૂસ્તરમાંથી મળતી ચિત્રવિચિત્ર અજાયબીઓ ભેગી કરવાના શૉખમાંથી શરૂ થયો; પરંતુ આજે તો એ અભ્યાસ વિદ્વાનોમાં ગૌરવવંતું સ્થાન પામ્યો છે. વનસ્પતિની ઉત્ક્રાંતિના ઇતિહાસમાં એના અભ્યાસ વડે દૃષ્ટિપાત થાય છે એટલું જ નહિ પણ ધરતીના પડના વય અંગે ઉપયોગી માહિતી પણ પ્રાપ્ત થાય છે. પરિણામે કોલસા અને પેટ્રોલિયમ જેવી ખનિજ દોલતના અન્વેષણમાં એનો અભ્યાસ ખાસ ઉપયોગી થાય છે. ભૂતકાલીન પૃથ્વીની ભૂગોળ, તેની પ્રાણી તેમજ વનસ્પતિસૃષ્ટિ વગેરે અંગે ચિત્ર ખડું કરવામાં પણ એ સહાયભૂત થાય છે.

આપણા દેશમાં આ વિજ્ઞાનના શ્રીગણેશ ઓલ્ડહામ, મૉરિસ, ઍટોકર ફાઈસ્ટમેન્ટલ આદિ વિજ્ઞાનીઓએ તથા હિંદના ભૂસ્તરીય મોજણીના ખાતાએ માંડયા હતા અને એ બધાઓએ ભેગા કરેલા નમૂનાઓમાંથી થોડાક કલકત્તામાં અને બાકીના બધા તો લંડનના બ્રિટિશ મ્યૂઝિયમમાં હતા,—છે. એ સ્થિતિમાં આ તદ્દન નવા વિષયમાં સંશોધનનું કામ શરૂ કરનારા સૌ પહેલા હિંદી પ્રોફેસર સાહની હતા અને એમની તથા એમના વિદ્યાર્થીવર્ગની જહેમતને લીધે જ આપણે ત્યાં એ વિજ્ઞાનને લગતું કામ પ્રગતિ કરી શક્યું છે, એટલું જ નહિ પણ સમસ્ત વિજ્ઞાનની દુનિયામાં નામના પ્રાપ્ત કરી શક્યું છે.

એ વિષયનું આ સંશોધન કેન્દ્ર સ્થાપવાના વિચારો પ્રોફેસર સાહનીએ છેક ૧૯૨૯થી કરવા માંડયા હતા, પરંતુ ૧૯૪૬ સુધી એ સ્વપ્નાં જ રહ્યાં. અંતે એ વર્ષે પ્રોફેસર અને એમનાં પત્ની શ્રીમતી સાવિત્રીદેવીએ પોતાનાં ખાનગી સાધનો વડે જ એનો પ્રારંભ કર્યો. તેમણે પોતાની કીમતી લાયબ્રેરી અને નમૂનાઓ ઉપરાંત સારી રકમ એ અર્થે અર્પી દીધી. 'પ્રાગ્-ઐતિહાસિક વનસ્પતિવિજ્ઞાન-મંડળ' શરૂ થયું અને એની નિયામક સભાએ એક સંશોધન-સંસ્થા કાઢવાનું નક્કી કર્યું. બર્મા-શેલ ઑઈલ કંપનીએ એમાં નાદર રકમ ભેટ આપી પોતાની શુભેચ્છા દર્શાવી. પ્રો. સાહની એના પ્રથમ નિયામક નિમાયા. શરૂઆતમાં તો સંસ્થા લખનૌ યુનિવર્સિટીના બૉટની વિભાગમાં કામ કરવા લાગી, પરંતુ ઉત્તર પ્રદેશની સરકારે ને પછી ભારત સરકારે તેને મદદ આપી અને ૧૯૪૯ના એપ્રિલની શરૂઆતમાં સંસ્થાના મકાનનો શિલારોપણવિધિ ભારતના વડા પ્રધાન શ્રી નહેરુએ કર્યો. એ વિધિ માટે યોજાએલી શિલા તે એક સામાન્ય પથ્થર નથી, પણ એક અદ્‌ભુત પ્રકારનું વૈજ્ઞાનિક સ્મારક છે, પ્રોફેસર સાહનીએ જાતે જ તૈયાર કરેલો વિજ્ઞાન-માહિતીપ્રદ પથ્થર છે, અને તેના પર દુનિયાના વિવિધ દેશોમાંથી ભેગા કરેલા નાનામોટા ૭૭ અશ્મીભૂત અવશેષો યોજવામાં આવેલા છે. ૪×૩ ફૂટના એ પથ્થરમાં દક્ષિણ ભારતમાં કડપ્પા પાસેથી મળી આવેલા પચાસ કરોડ વર્ષ પૂર્વેના અલ્ગલ-ચૂના-પથ્થરથી માંડીને પંજાબના રોહતક પાસેથી મળેલા ઇ. સ. પૂર્વે ૧૦૦ના ચોખાના દાણા સુધીના અવશેષો મૂકવામાં આવેલા છે. આમ, પચાસ-સાઠ કરોડ વર્ષોથી માંડીને ઈસ્વી સનના પ્રારંભ સુધીનો પૃથ્વીના ભૂસ્તરીય થરોનો ઇતિહાસ એમાં દૃષ્ટિગોચર થાય છે.

અશ્મીભૂત વનસ્પતિના—અને ખાસ કરીને 'ગૉંડવાના' વનસ્પતિ-સમૂહના અવશેષો આપણે ત્યાં પુષ્કળ મળી આવે છે. એ 'ગૉંડવાના' શબ્દ ભારતની ગૉંડ જાતિ પરથી વપરાતો આંતરરાષ્ટ્રીય શબ્દ છે. આ અવશેષો અને કોલસાની ખાણોને સંબંધ હોઈ કોલસામાંના અશ્મીભૂત અવશેષોનો અભ્યાસ તથા સંશોધન અહીં ચાલે છે.

પરાગ-રજ, બીજકણ વગેરેના સૂક્ષ્મ અશ્મીભૂત અવશેષોનો અભ્યાસ પણ અહીં થાય છે અને તે અનેકરીતે ઉપયોગી છે, કેમકે પૃથ્વીના જળકૃત થરોના અભ્યાસમાં આ વસ્તુઓ મહત્ત્વની માહિતી પૂરી પાડે છે. હિંદના જળકૃત થરોનું વય નક્કી કરવા માટેની એક યોજના અનુસાર અહીં હાલ સંશોધન ચાલે છે, અને માત્ર ભારતના પ્રશ્નોનો જ નહિ પણ દુનિયાના બધા દેશોના અશ્મીભૂત અવશેષોનો અભ્યાસ હાથ ધરવામાં આવે છે. એટલે આ સંસ્થામાં સંશોધનકાર્ય માટે દેશપરદેશના વિજ્ઞાનીઓને આવકાર મળે છે. સંસ્થા 'પૅલિયોબૉટૅનિસ્ટ' નામનું એક સંશોધન-વાર્ષિક પણ કાઢે છે, જેનો પ્રથમ અંક 'સાહની સ્મારક ગ્રંથ' હતો.

નરસિંહ મૂ. શાહ

સંગીત-નૃત્ય-નાટયનાં વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ

નાટયકલા, શાસ્ત્રીય સંગીત અને ભારતીય નૃત્યના અભ્યાસને ઉત્તેજન આપવાના હેતુથી વડોદરા મ. સ. યુનિવર્સિટીના ભારતીય સંગીત-નૃત્ય-નાટ્ય વિદ્યાલય તરફથી નવાં વિદ્યાર્થીઓ માટે સારી સંખ્યામાં સ્કૉલરશિપ આપવાનું ભંડોળ ઊભું કરાયું છે. સદરહુ વિદ્યાલયનો 'ડિગ્રીકોર્સ' લેનાર વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને જ તેનો લાભ મળી શકશે.

કુદરત અને ફોટોગ્રાફી

બલવન્ત ભટ્ટ



'રમત' · અજિતકુમાર સંઘવી

ઈ. ૧૯૨૪ના ફેબ્રુઆરીની વાત છે. ગાંધીજી એપેન્ડિસાઈટિસના ઑપરેશન બાદ પૂનાની સાસૂન ઑસ્પિટલમાં આરામ કરતા હતા. તે વખતે બંગાળી સંગીતાચાર્ય અને શ્રીઅરવિંદ-ભક્ત શ્રી દિલીપકુમાર રૉય તાજા જ યુરોપથી પાછા ફરેલા. તેઓ બંને વચ્ચે સંગીત અને કલા વિષે નીચે પ્રમાણે વાર્તાલાપ થએલો.

દિલીપકુમાર: શું તમને સાચે જ સંગીત ગમે છે?

ગાંધીજી: હું સંગીતવિશારદ નથી, એનું શાસ્ત્ર જાણતો નથી, પરંતુ સાચું સંગીત મારા હૃદયના તારને હલાવે છે.

દિલીપકુમાર: પણ સંગીત અને કલાના શાસ્ત્રીય જ્ઞાનથી એનો રસાસ્વાદ ઊંડો અને તીવ્ર નથી બનતો?

ગાંધીજી: હોઈ શકે છે; પણ મારે મન સંગીત આનંદદાયક અને પ્રેરણામય હોય એટલું બસ છે. મીરાંબાઇનાં ભજનો કેટલાં મધુર ભાવવાહી અને કલામય છે! મીરાંબાઇનું આખું જીવન જ એક ભજન-રૂપ હતું. કૃષ્ણનાં ગુણગાન ગાયા વિના તેનાથી જીવાય એમ હતું જ નહિ. તેનાં ભજનો સાચા હૃદયના સૂર રૂપ હતા તેથી જ તે સૌને ગમે છે.

દિલીપ૦: અત્યાર સુધી હું એમ માનતો હતો કે તમારા સાધુજીવન-માં કલાને સ્થાન જ નથી. હું તમને સંગીતના દુશ્મન સમજતો હતો.

ગાંધીજી: તમે મને સંગીતનો વેરી સમજો એમાં નવાઈ નથી. હું જ્યારે કલાકાર હોવાનો દાવો કરું છું ત્યારે મારા મિત્રો અને સાથીઓ તેને મજાક સમજી હસી કાઢે છે, પણ સર્વ કલાઓમાં સાધુત્વ એ સૌથી વિશિષ્ટ કલા છે. કલા એ સાદાઈનું સૌન્દર્ય છે અને સાધુત્વ સાદા જીવ-નનું અનુપમ સૌન્દર્ય છે. તેથી જ હું હમેશાં કહેતો આવ્યો છું કે સાચો સંત કલાને જન્મ આપે છે, એટલું જ નહિ પણ એ કલા જીવી જાણે છે.

દિલીપકુમાર: તો પછી લોકો તમને કલાવિરોધી કેમ ગણે છે?

ગાંધીજી: તેનાં કારણો હું કલ્પી શકું છું. લોકો જેને કલા ગણે છે એવી ચીજોમાં મને કલા દેખાતી નથી. કલા માપવાની મારી આંકણી અનોખી છે. જેનો રસ માણવા માટે ઊંડા જ્ઞાનની જરૂર પડે તેને હું ઊંચી કલા કહેતો નથી. સાચી કલા, કુદરતના સૌંદર્યની માફક, સર્વભોગ્ય હોવી જોઇએ. કુદરતી સૌન્દર્ય, એની સીધી સાદી રજૂઆતથી સૌકોઇ સહેલાઇથી સમજી શકે છે. તેવી જ રીતે કલાનું હોવું જોઇએ. જે વસ્તુ મનને પ્રેરણા આપે, જીવનને ઉદાત્ત બનાવે, એ જ સાચી કલા કહેવાય. મારે મન કુદરતથી વધુ પ્રેરણાદાયી બીજી કોઈ વસ્તુ નથી. અંધારી રાતે તારાજડિત આકાશ સામે જોતાં હું કદી થાકયો નથી. ફળફૂલ અને વૃક્ષોભર્યાં જંગલો જુઓ, દરિયાનાં ભરતી-ઓટ નિહાળો, નદી-ઓનાં વહેણનીરખો, પર્વતની હારમાળાઓ તરફ નજર નાખો, હરિયાળાં ખેતરો અને ઊંડી ખીણો જુઓ,–આવાં દશ્યો નિહાળતાં મારી સૌન્દર્ય-પિપાસા હમેશાં છીપે છે. તારાચ્છાદિત આકાશ, ભવ્ય સમુદ્ર અને ઉત્તુંગ ગિરિરાજને જોતાં જે પ્રેરણા જન્મે છે તે શું પામર માનવીએ તેનાં દોરેલાં ચિત્રોમાંથી મળવાની હતી? અને ઈશ્વરની આ કલા આગળ માનવીની કલા શી વિસાતમાં! માટે જ, મિત્ર, હું કુદરતનો ભક્ત છું અને તેની પ્રેરણા માટે ઝંખું છું.

સંગીત અને કલા વિષેના ગાંધીજીના આ વિચારો સાથે સૌકોઈ પૂરેપૂરા સંમત ન થાય એ સંભવિત છે, પરંતુ એમના આ કથનમાં કેટલુંક સત્ય અવશ્ય સમાએલું છે. કલા સર્વમાન્ય અને લોકભોગ્ય બનવી જોઇએ, તે આનંદદાયક અને પ્રેરણાદાયી હોવી જોઇએ. આ જ માપણી કલામય ફોટોગ્રાફને પણ લાગુ પાડી શકાય, કારણકે ફોટોગ્રાફર કુદરતને પ્રકાશ અને રસાયણની મદદ વડે કચકડાની પટ્ટી ઉપર ઝીલી તેને કાગળ-ની સપાટી ઉપર મૂર્ત સ્વરૂપે રજૂ કરે છે. રાત-દિવસ બનતા બનાવો, હરતાંફરતાં નજરે ચડતાં દશ્યો, માનવ-જીવનના સુખદુ:ખના પ્રસંગો, જે કાંઈ ફોટોગ્રાફરને સ્પર્શે છે તેને સર્વભોગ્ય બનાવવા તે ઝડપે છે. આ વાસ્તવિક સૃષ્ટિ અને કુદરત એ જ ફોટોગ્રાફરનાં પ્રેરણાસ્થાન છે. એની કલામાં કલ્પનાના તરંગોને સ્થાન નથી. એ વાસ્તવિકતાનો પૂજારી છે. જેનું વાસ્તવિકતામાં અસ્તિત્વ નથી તેને ફોટોગ્રાફીમાં સ્થાન નથી. એ વાસ્તવિકતાનું કલામય, હૃદયસ્પર્શી દર્શન કરાવતો ફોટોગ્રાફ સૌ કોઇને ગમે જ. એટલે જે ફોટોગ્રાફમાં હૃદયના તારને હલાવે એવું, અનેક ભાવો જન્માવે કે પ્રેરણા આપે એવું, સૃષ્ટિ કે જીવનનું દર્શન હોય તે આપોઆપ ઉચ્ચ કોટિનો ફોટોગ્રાફ બની રહે.

આ વિચાર-સરણી ધ્યાનમાં રાખી અન્યત્ર છાપેલાં પાંચ ચિત્રો નિહાળો. પ્રત્યેક ચિત્ર કુદરતનું કોઈક ને કોઈક પાસું રજૂ કરે છે. બધાં જ એકરંગી હોવા છતાં જોનારના મનમાં રંગનો આભાસ ઉપજાવે છે. 'પંકજ'માં કમળની મૃદુતા અને સૌન્દર્ય છે. 'એકાકી' જોતાં કુદરતની ભવ્યતા અને ગહનતાનો ખયાલ આવે છે. કુદરતનું આ વિરાટ અને ભયાનક સ્વરૂપ માનવીના અહંભાવને ડારે છે, અને તેની પામરતાનું સ્મરણ કરાવે છે. 'ભરતી-ઓટ' એક મોટા વૃક્ષનું છાયા-ચિત્ર છે, જેની નગ્ન શાખાઓ પાનખર ઋતુનો ખયાલ આપે છે, છતાં કોઈક એકલ-દોકલ ડાળીઓ પર ફૂટતી કૂંપળો વસન્તનું આગમન પણ સૂચવે છે, જેનો ભાવ 'વસંત'માં પરાકાષ્ઠાએ પહોંચે છે. 'સદા સોહાગણ' જોઈ 'બારમાસી' ફૂલની નિર્મળ પ્રસન્નતા નજરે તરે છે. આમ, આ વિષયો સૌકોઇને પોતપોતાની સમજ, સંસ્કાર અને ભાવનાનુભવ પ્રમાણે આનંદ પમાડે અને પ્રેરણાદાયી બની શકે તેવા છે, માત્ર કુદરતના ભાવને ઘનીભૂત કરે એવી તેની સ્પષ્ટતા, તીવ્રતા અને સંયોજનસૌંદર્ય રચાવા જોઇએ. મીરાંબાઈનું હૃદયસ્પર્શી ભજન લયમાધુર્ય અને ભાવમગ્નતાથી ગાતા ભજનિકની પેઠે કુશળ ફોટોગ્રાફર પોતાના કૅમેરા વડે જો અભિ-નવ તથા આકર્ષક સંયોજના દ્વારા એ રજૂ કરે તો કુદરતની ભવ્યતા, સૃષ્ટિની સુંદરતા ને જીવનની ભવ્યતાને જરૂર સર્વભોગ્ય બનાવી શકાય.

ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

પહેલું ઇનામ: 'દરરોજના ક્રમે'–અજિતકુમાર સંઘવી, અમદાવાદ; બીજું ઇનામ: 'પંકજ'–વી. જે. મોદી, મુંબાઈ; ત્રીજું ઈનામ: 'એકાકી'–અશ્વિન મહેતા, મુંબઈ. નોંધપાત્ર: (૧) 'રમત'–અજિતકુમાર સંઘવી, અમદાવાદ; (૨) 'સભામાં કચવાટ'–હેમેન્દ્ર અ. શાહ, અમદાવાદ; (૩) 'સદા સોહાગણ'–વજુભાઈ ગોહિલ, રાયપુર; (૪) 'ભરતી-ઓટ' –રમણિક દેસાઈ; 'વસન્ત'–લાલુભાઈ પટેલ, અમદાવાદ.

ધોબીનો કૂતરો (અનુ. પૃષ્ઠ ૩૦૯થી)

સન્મુખ: (ગભરાઇ જઇ) તું જા હવે, તારે પાછું મોડું થતું હશે.

મોહન: હું તો જતો જ હતો.

ગિરિ: ખરા ભઈ તમે તો. ત્યારે તમે તો પરણવાના જ નહિ?

મોહન: મારું ચાલે તો નહિ. પરણવું એટલે પ્રભુતામાં પગલાં માંડવાં; અને આપણે ત્યાં તો વરરાજાની દશા કસાઇખાને જતા બકરા જેવી છે.

વેણી: (ભારપૂર્વક) ભઈ, તું જા બા હવે. તારે પાછું મોડું થાય છે.

મોહન: મન મળે નહિ પછી શું કરવાનું?

સન્મુખ: તું જા હવે.

મોહન: હા જાઉં છું. ચાલો ત્યારે, આવજો.

ગિરિ: આવજો.

મોહન: બોલ્યુંચાલ્યું માફ કરજો.

ગિરિ: અરે હોય, આ તો ઠીક છે બે ઘડી વાતો. અને અમે પણ ઊઠીએ જ છીએ.

સન્મુખ: અરે બેસોને રાયજી, શી ઉતાવળ છે? (વેણીને) કહું છું જરા ચાનાસ્તો—

વેણી: બધું તૈયાર છે.

ગિરિ: ના ના ભઇસાહેબ, એ તકલીફ ન લેતા. અમારે ય પાછું બેપાંચ જગ્યાએ જવાનું છે, અને જ્યાં જઇશું ત્યાં આગ્રહ થવાનો.

સન્મુખ: અરે પણ કંઈ એમ તે ચાલે? પછી તમે આવવાના ય ક્યારે?

ગિરિ: અમે મારા સાહેબ, ફરી કોઈ વાર ફુરસદે આવીશું. આજે તો એવું છે કે આ કામ પતાવ્યા સિવાય છૂટકો નથી. (ઊભા થતાં) ચાલો ત્યારે. (કાશીબહેન પણ ઊભાં થાયછે.)

સન્મુખ: તમે ચાની ના પાડી તે તો મને ન ગમ્યું.

ગિરિ: અરે આપણે ક્યાં નવાઈ છે? ફરી કોઇ વાર. આવજો ત્યારે.

સન્મુખ: આવજો.

કાશી: એ આવજો વેણીબહેન.

વેણી:(નરમઅવાજે)આવજો કાશીબહેન.

(પર્દો પડે છે.)

દૃશ્ય ૨જું

[પ્રથમ દૃશ્યને અંતે જે પર્દો પડે છે તે અર્ધા ઉપરાંત તખ્તાને આવરી લે છે. પર્દો સાદો છે. બાકી વધેલો તખ્તો એક રસ્તો બની જાય છે. કૉલેજની નજીકનો રસ્તો છે એમ દર્શાવવા હાથમાં પુસ્તકો લઇને એકલદોકલ કે સાઈકલ સાથે વિદ્યાર્થીઓ અનેવિદ્યાર્થિનીઓનાંટોળાં પસાર થાય છે. થોડીક પળો એમ જ પસાર થઈ જાય છે. પછી તખ્તાની ડાબી બાજુએથી મોહન અને તેનો મિત્ર પ્રતાપ પ્રવેશ કરે છે. પ્રતાપ કંઈક દેખાવે વધુપડતો ગણતરીબાજ અને રસિયો જીવ વરતાઈ આવે છે. મોહન પ્રથમ દૃશ્યમાં જે પોષાકમાં હતો તેમાં જ છે.]

મોહન: માંડ માંડ છૂટચો યાર!

પ્રતાપ: પણ તેમાં માંડમાંડ છૂટવા જેવું શું હતું? At least, તારે છોકરી તો જોવી જોઈતી હતી.

મોહન: પ્રતાપ, જે ગામ જવું નહિ તેનું નામ શું લેવું? અને મને તો કોણ જાણે એના નામથી જ નફરત થઈ ગઈ. (ચાવીને) 'સીતા'! નામ સાંભળીને જ જાણે વનવાસ જતો હોઉં તેવું મને તો થયું. પ્રતાપ, મારો તો નિશ્ચય તું જાણે છે કે મારે તો જે ગણો તે એ જ...

પ્રતાપ: પણ ત્યાં યે ક્યાં તારું કંઈ વળે છે? જો ભઈ, થાળીમાં હજારો વાનગી હોય, પણ ફક્ત જોવાથી કંઈ પેટમાં ન આવે. એક વાર તું વાત કરી નાખ એટલે પાર આવે.

મોહન: પણ મને થાય છે કે એ ના પાડે તો?

પ્રતાપ: ભલા માણસ, છોકરીઓ હા તો પાડે જ નહિ. એ તો કેવી રીતે ના પાડે છે તે જ જોવાનું. પણ આમ તો તું અહીં મોં પહોળું કરીને બેસી રહીશ ને એ કોઈ જોડે પરણી જશે.

મોહન: (મનમાં ને મનમાં બોલતો હોય તેમ) 'સમીક્ષા'–બસ એ નામથી જ હું તો અપસેટ થઇ જાઉં છું.

પ્રતાપ: મને તો એ સમીક્ષા 'રિક્ષા' જેવું સંભળાય છે!

મોહન: (ચિડાઇને) એથી આગળ વધવાની જરૂર નથી.

પ્રતાપ: તું તારે એના ગુરખા જેવો ચોકી કરતો બેસી રહે; તારાથી બીજું કંઈ નહિ થાય. પણ તું નાટકનો માણસ થઇને આવો પોચો ક્યાંથી નીકળ્યો?

મોહન: મને કંઈ જ સમજાતું નથી. આમ ને આમ હું બરબાદ થઈ જઈશ.

પ્રતાપ: એ તો તું થઈશ જ; એ નહિ મળે તો ઝૂરીઝૂરીને મરીશ, અને મળશે તો પસ્તાઇને મરીશ.

મોહન: (પોતાનું જ હાંકે છે) હું જ્યારે-જ્યારે એને ઊભી રાખી વાત કરું છું ત્યારે એ મારી સામું એવી રીતે જુએ છે કે હું બધું બોલવાનું ભૂલી જાઉં છું અને એકદમ 'sorry' એવું બોલાઈ જાય છે. એ પણ that's alright કહી ચાલવા માંડે છે. આવું તો નહિ નહિ તોયે દસ વાર બન્યું હશે.

પ્રતાપ: એટલે દસે વાર તેં એને ઊભી રાખી અને sorry કહ્યું? ગધેડો!

મોહન: પણ હું બીજું કાંઈ કહું કેવી રીતે?

પ્રતાપ: સ્ટેજ ઉપર જેમ ગોખીને જાય છે તેવું અહીં યે કરવાનું. પૂછવાનું કે, 'કેમ છો?'

મોહન: તો કહે 'સારુ છે'—બસ! અને ખેલ ખલાસ.

પ્રતાપ: તે તું મનમાં પરણે ને મનમાં રાંડે તેની એને ખબર શી પડે? કાગળ લખ.

મોહન: ના યાર, handwriting આપવામાં હું નથી માનતો.

પ્રતાપ: (કટાક્ષમાં) હાસ્તો, તમે તો દિલ આપવામાં માનો છો. દિલ તો આપો અને પછી એની રસીદ માગો તેવા છો!

મોહન: તું તો યાર, તારું જ ઝૂડચા કરે છે. (એકાએક) એ જ આવતી લાગે છે.

પ્રતાપ: કરી નાખ વાત.

મોહન: (ગૂંચવાઇને) પણ શું કહું?

પ્રતાપ: વાત તો કર, પછી ધીરે ધીરે— (જમણી બાજુથી હાથમાં પુસ્તકો લઈ સમીક્ષા પ્રવેશે છે. એની ચાલમાં દૃઢતા છે. બંનેને એ જુએ છે પણ મચક આપતી નથી.)

પ્રતાપ: એમ કર—કશાકની નોટ માગ. (મોહન કંઈ કહે તે પહેલાં પ્રતાપ ડાબી બાજુથી સરકી જાય છે.)

મોહન: (હિમ્મત એકઠી કરી) મ-મ-મિસ સમીક્ષા—

સમીક્ષા:(આંખો નાખતી મીઠાશથી) કેમ મિસ્ટર પરીખ?

મોહન: કંઈ નહિ... આ તો મારે તમારું જરા કામ હતું.

સમીક્ષા: હમણાં?

મોહન: ત-ત-તમને વાંધો ન હોય તો?

સમીક્ષા: મારે હિસ્ટ્રીનો પીરિયડ છે.

મોહન: (વાત લંબાવવા) તે તમને હિસ્ટ્રીમાં રસ છે?

સમીક્ષા: જેટલો માબાપમાં રસ લઇએ એટલો હિસ્ટ્રીમાં રસ લેવાનો. કેમ એમ પૂછો છો?

મોહન: અમસ્તો જ! આ તો સહેજ તમારા વિચાર જાણવા માગતો હતો.

સમીક્ષા: જેના વગર આપણો છૂટકો જ નહિ તેના ઉપર હું વિચારો નથી કરતી.

મોહન: હાસ્તો.

સમીક્ષા: પણ તમે શું કહેતા હતા?

મોહન: (બાઘો બનીને) હેં!

સમીક્ષા: મિસ્ટર પરીખ, તમે મને કંઈ વાત કરવા માગતા હતા.

મોહન: વાત? હા વાત!–હા, તો હું એમ પૂછતો હતો કે તમારી પાસે પેલી ચોપડી છે?

સમીક્ષા: ચોપડી! શેની ચોપડી? મારી પાસે તમારી કોઈ ચોપડી નથી.

મોહન: ના...મારી તો નહિ પણ—

સમીક્ષા: તમારી તબિયત તો સારી છે ને કે પછી પરીક્ષાની ચિંતામાં—

મોહન: ના, મિસ પરીક્ષા–અરે, સમીક્ષા! પણ થાય છે એવું કે હું તમને જેટલી વાર મળું છું એટલી વાર મૂળ વાત જ ભૂલી જાઉં છું.

સમીક્ષા: પણ એકે વાર તમે મને બોલાવવાનું નથી ભૂલતા. આજે તો વળી આટલી વાતો કરી; નહિ તો તો તમે મને ફક્ત sorry કહીને જતા રહો છો... અને હવે તમારી વાત પૂરી થઈ હોય તો હું જઉં?

મોહન: એવું છે મિસ સમીક્ષા—

સમીક્ષા: હં.

મોહન: મારે ખાતર તમે એક પીરિયડ ન છોડી શકો?

સમીક્ષા: 'ખાતર' શું? ગુજરાતી લેખકોની પેઠે તમને પણ ખાતર શબ્દ વાપરવાની ટેવ છે? સમાજને ખાતર, માબાપને ખાતર, પૈસાને ખાતર, ફલાણાને ખાતર... ખેતરમાં ખાતર... મને તો કોઈ એ શબ્દ બોલે એટલે સૂગ ચડે છે.

મોહન: મને પણ. આ તો સહેજ મેં મશ્કરીમાં કહ્યું. In fact મારે તો તમારા વિચારો જાણવા હતા.

સમીક્ષા: તમે ક્યારના મારા વિચારો જાણવા તલપાપડ થઈ રહ્યા છો, પણ તેમ કરવામાં તમારો શો વિચાર છે તે તો જરા કહો.

મોહન: હું તો તમને ઘણું બધું કહું, પણ તમને ફુરસદ ક્યાં છે? તમે ટાઈમ ટુ ટાઈમ આવો છો અને એવાં જ જતાં રહો છો. આજે કંઈક દિવસથી તમે તો જાણો છો કે વાત કરવી છે પણ જીભ નથી ઊપડતી. સાચું કહું તો આ નાટકોમાં તો ઊતરું એટલું જ, બાકી સ્ત્રીઓ સાથે વાત કરવાનો આ મારો પહેલો પ્રસંગ છે.

સમીક્ષા: તમે કંઈ વાત કરવાના અખતરા તો નથી કરતા ને?

મોહન: ના ના મિસ સમીક્ષા, તમારી સાથે તો નહિ જ.

સમીક્ષા: તો બીજાઓની જોડે ખરું, એમ?

મોહન: મારા સ્વભાવમાં જ એ નથી. એક આટલી વાતચીત કરવા માટે તો હું નહિ નહિ તો યે વરસદા'ડાથી બાંધછોડ કરતો હતો.

સમીક્ષા: ચાલો એ પણ ઠીક છે. વર્ષેવર્ષે તમે આટલી વાત કરી શકશો. વાત પૂરી થઈ હોય તો હું જાઉં.

મોહન: ત્યારે તમે ખરેખર જાઓ છો?

સમીક્ષા: હાસ્તો, મારે કંઈ એવી બાંધછોડ કરવી નથી પડતી. પીરિયડ ભરવા માટે પૈસા ખર્ચીએ, આટલે સુધી આવીએ, અને પછી કેમ ન ભરીએ?

મોહન: Sorry. હોં.

સમીક્ષા: છેવટે તમે sorry બોલ્યા ખરા; એટલે મારે સમજવાનું કે વાતનો અંત આવ્યો.

મોહન: વાત કરવાની તમારી ઇચ્છા જ ન હોય પછી મારાથી તમને કેમ રોકાય?

સમીક્ષા: પણ તમે કહેતા તો છો નહિ!

મોહન: પણ એ વાત તમે પીરિયડ ભરવા જતાં હો તો થાય તેમ નથી.

સમીક્ષા: કંઈ ગંભીર વાત લાગે છે!

મોહન: મારે માટે ખરી.

સમીક્ષા: (મજાકમાં) તમારા લગ્ન વિષે મારી કંઈ સલાહ જોઈએ છે કે શું?

મોહન: (હિમ્મત કરીને) સલાહ તો નહિ– પણ... સંમતિ જોઇએ છે!

સમીક્ષા: (ગૂંચવાઈ જઇને) એટલે?

મોહન: (શરમાઇને) સમજી જાઓ ને!

સમીક્ષા: આખરે મારી શંકા ખરી પડી.

મોહન: હેં?

સમીક્ષા: કંઈ નહિ. મને લાગે છે કે હું તમને સમજાવી નહિ શકું.

મોહન: પણ—

સમીક્ષા: જુઓ મિસ્ટર પરીખ, પહેલી વાત તો એ કે આપણો પરિચય ખાસ છે નહિ. બીજી વાત એ કે પરિચય વધે અને હું પરણી જાઉં તેટલી સ્વતંત્ર પણ નથી. ત્રીજું એ કે મેં લગ્નની બાબતમાં આજ સુધી કોઈ વિચાર કર્યો નથી. આપણે પણ આપણાં માબાપ તરફ ફરજો હોય છે. આવા તુક્કાઓથી આપણે ચળી ન જવું જોઇએ, સમજ્યા?

મોહન: Sorry.

સમીક્ષા: એમાં દિલગીર થવા જેવું કંઇ નથી.

મોહન: તમને મારે માટે.... મારો ઇરાદો આમ પૂછવાનો ન હતો.

સમીક્ષા: પૂછ્યું તે તો સારું કર્યું. નહિ તો હજુ બીજાં બે વર્ષ તમે sorry sorry કર્યા કરત.

મોહન: એક સવાલ પૂછું?

સમીક્ષા: પૂછો ત્યારે, આમે મોડું તો થઈ જ ગયું છે.

મોહન: હું તમારી સાથે કોઈ કોઈ વાર વાત કરું તેમાં તમને વાંધો છે?

સમીક્ષા: આપણા સમાજને વાંધો છે. આપણે આપણા જ સમાજમાં આબરૂભેર રહેવું હોય તો પછી એની મર્યાદાઓની અવગણના ન થાય. હબતો માણસ તરણું ઝાલે તેવી તમારી પરિસ્થિતિ છે. ખોટું ન લગાડતા મિસ્ટર પરીખ, આ વસ્તુ અટપટી છે. આમે વાત નીકળી છે ત્યારે તમને પૂછું છું કે માબાપની સંમતિ વિના લગ્ન કરવામાં શો ફાયદો છે? એ કંઇ આપણું ભૂરું તો ન જ ઇચ્છે. આપણે આ જમાનામાં આપણી જાતને વગર વિચાર્યે ડાહ્યા કહીએ છીએ, એટલે આવનારો જમાનો આપણને રૂઢિચુસ્તો કહેવાનો. સુધારાનું વગર વિચાર્યું ગાંડપણ એ આપણા જમાનાની રૂઢિ બનતું જાય છે. માણસનું હાડકું ભાંગી જાય અને જુલાબ આપ્યા કરીએ તો એ સાજો ન થાય.

મોહન: તમારી વાતો વિચારવા જેવી છે.

સમીક્ષા: માટે સાચી જ છે તેમ ન માની બેસતા.

મોહન: ચાલો ત્યારે જાઉં.

સમીક્ષા: I am very sorry Mr. Parikh, મારે આ પ્રમાણે ખુલાસો કરવો પડ્યો.

મોહન: ના રે ના, ઊલટું મારો તો બોજો હળવો થયો. મને તમારી વાત સાચી લાગે છે. માબાપ જે કંઈ કરે તે ખોટું કરે છે એમ નથી હોતું. (ગોટાળા કરતો) આપણે માબાપની હિસ્ટ્રીમાં પણ રસ લેવો જોઈએ.

સમીક્ષા: (ડાબી બાજુ જતાં) આવજો ત્યારે.

મોહન: આવજો. (એ તરફ જોતો એક પળ ઊભો રહે છે ત્યાં એ જ તરફથી ઉત્સાહભેર પ્રતાપ ધસી આવે છે.)

પ્રતાપ: કેમ કંઈ બહુ જમાવટ કરી?

મોહન: (એ તરફ જોતાંજોતાં જ) પ્રતાપ, આ તો દોસ્ત, ગજબ છે.

પ્રતાપ: છેસ્તો. પણ થયું શું?

મોહન: કંઇ નહિ.

પ્રતાપ: એટલે? તેં... તેં એને પૂછી આવ્યું કે શું?

મોહન: હા કંઈ વાત જ એવી નીકળી ગઈ.

પ્રતાપ: ભેજામાં પંક્ચર પડ્યું હોય તેવી વાત કરે છે. પછી એણે શું કહ્યું?

મોહન: એ તો દોસ્ત એ જ છે. શું એના આદર્શ છે! મને શી ખબર કે એ આટલી હોશિયાર હશે?

પ્રતાપ: એટલે તું એને બુધ્ધુ સમજી પ્રેમમાં પડ્યો હતો? વાત તો કર પૂરી.

મોહન: એણે કહ્યું કે... એણે કહ્યું કે... (યાદ આવતાં) તમને પણ વારે ઘડીએ 'ખાતર' બોલવાની ટેવ છે? મેં કહ્યું 'ના'.

પ્રતાપ: અલ્યા, તું ત્યાં આગળ જઈને ખાતરની વાત કરી આવ્યો?

મોહન: એ તો મારાથી જરા વચમાં એવું બોલાઈ ગયું. આપણાથી ઘણી વાર કંઇને બદલે કંઇ બોલાઈ જાય તેવું. મેં તો એક વાર ભૂલથી એને સમીક્ષાને બદલે પરીક્ષા પણ કહી દીધું!

પ્રતાપ: તું કોઈ છોકરીને કંઇને બદલે કંઈ કહે તો તે તને સો ભવમાં યે ન પરણે. યાદ નથી પેલા ધ્રાંગધ્રાના મનોહરને શું થયું હતું તે?

મોહન: શું થયું હતું?

પ્રતાપ : એક દિવસ, પેલી માયા ખરી ને, તેની તબિયત સારી ન હતી. એણે મનોહરને કહ્યું કે મારે માટે જરા ગાડી લાવી આપોને. મનોહરનું બસ પૂછવું જ શું? ભાઈસાહેબ હોંશે હોંશે ગાડી લઇઆવ્યા. એ વખતે માયાનું કંઈ ધ્યાન નહિ એટલે એણે બૂમ પાડી, પણ બોલાઇ ગયું, 'માયા ગાંડી'. કૉલેજ વચ્ચે એને એક તમાચો મારીને માયા ગાડીમાં બેસી જતી રહી.

મોહન : બોલ, હવે તું જ કહે કે સમીક્ષા એટલી સારી ને?

પ્રતાપ : ભાઈ મારા, હવે 'સારી કે ખોટી' કર્યા વિના બાપા કહે ત્યાં પરણી જાઓ.

મોહન : (ઉત્સાહથી) એણે પણ એમ જ કહ્યું, પ્રતાપ.

પ્રતાપ : તે તમે મોં પહોળું કરી બેસી રહો તો એ બીજું શું કહે?

મોહન : તને કંઇ મારા જેવું નથી થયું, એટલે.

પ્રતાપ : મારી તો દોસ્ત, વાત જ ન કરતો.

મોહન : કેમ, તારે શું છે વળી?

પ્રતાપ : મારો કેસ જુદો છે જરા. મેં તને આજ સુધી વાત જ કરી નથી, પણ... પણ હું I mean મારાં તો લગ્ન થઈ ગએલાં છે. ફાધરે પહેલેથી જ—

મોહન : એટલે આટલા દિવસ તેં મને અંધારામાં રાખ્યો,—મને તેં શૂળીએ ચડાવ્યો? પ્રતાપ, મેં તને આવો નહોતો માન્યો.

પ્રતાપ : એમાં વળી કહેવા જેવું શું હતું? પણ તું સાંભળ તો ખરો, જાય છે ક્યાં?

મોહન : (જતાં જતાં) મારે માટે પણ એ જ એક રસ્તો છે!

પ્રતાપ : પણ આપણા નાટકનું રીહર્સલ?!

મોહન : (અંદરથી) જહન્નમમાં જાય તારું નાટક!

દૃશ્ય ત્રીજું

[પડદો ઊપડતાં ૧લા દૃશ્ય પ્રમાણે જ. સન્મુખલાલનો ગુસ્સો હજુ ઊતર્યો નથી. વેણીબહેનની આંખ રોઇરોઇને રાતી થઈ ગઈ છે.]

સન્મુખ : મને એ છોકરાનાં લક્ષણ સારાં નથી લાગતાં. પુરાણા કાળની શિસ્ત તો હવે રહી જ નહિ. કહ્યું ન માનવું તે તેમના સિદ્ધાંત.

વેણી : જમાનાની હાથેહાથે આપણે ય તે બદલાવાનું.

સન્મુખ : તમે તમારું જ ઝૂડયા કરો છો. આજે એ છોકરાએ મારું નાક કાપ્યું તેનું તમને ભાન છે? આવવા દો એને, હું એની ચામડી ફતરડી નાંખું.

વેણી : તેથી કપાએલું નાક પાછું નહિ આવે.

સન્મુખ : હાસ્તો, તમને એનો વાંક તો નહિ જ વસવાનો. એણે જે કર્યું તે બરોબર કર્યું. જોઇશું ને, એ તમારા ઍલ્યુમીનિયમના ટમલરને કન્યા કોણ આપે છે તે?

વેણી : જે નાતમાં તમને કન્યા મળી એ નાતમાં એ કંઈ કુંવારો નહિ રહે સમજ્યા ને?

ટમલર જેવો છો રહ્યો મારો છોકરો. મરીશું ત્યારે એનો એ છોકરો મોંમાં ગંગાજળ રેડશે; સમજ્યા ને? હું એની મરજી વિરુદ્ધ કંઈ કરવાની નથી. સો વાતની એક વાત.

સન્મુખ : સારું ત્યારે; ફોડજો માથાં, બીજું શું? કરમ ફૂટલાં હોય ત્યાં થાય શું? હું તો અંદર છું. એ આવે એટલે મારી પાસે મોકલજો.

વેણી : એક જ શરતે, કે તમે એને કંઇ કહો નહિ તો.

સન્મુખ : કહું નહિ તો હું શું એની પૂજા કરું? મને લાગે છે કે મારાથી આ ઘરમાં વધારે દિવસ નહિ રહેવાય.

વેણી : અને એમ એમ કરતાં જ આખો જન્મારો કાઢી નાખ્યો.

સન્મુખ : (જતાં જતાં) હું આજે જમવાનો નથી.

વેણી : (ચિડાઇને) પછી મધરાતે ઉઠાડીને શીરો કરાવશો તો હું નહિ કરું.

[મોહન પ્રવેશ કરે છે.]

વેણી : (ક્રોધથી) આવ્યા?

મોહન : (ક્ષોભથી) હં.

વેણી : કેમ હવે તો કાળજું ટાઢું થયું ને?

સન્મુખ : (અંદરથી) કોણ છે?

વેણી : મોહન.

સન્મુખ : (પ્રવેશીને) હવે એમને પૂછી જુઓ કે એમના વિચારો શા છે, એટલે ભવિષ્યમાં આપણાથી આવી ભૂલ ન થાય. માબાપ વિષે તમારા શા વિચારો છે, તે કહો જોઇએ?

મોહન : મને જેવું લાગતું હતું તેવું મેં કહ્યું.

સન્મુખ : અને મને શું લાગે છે, કહું?

મોહન : હં.

સન્મુખ : કે તમે અવ્વલ નંબરના ગધેડા છો. તમને દુનિયાદારીની એક તોલો યે ખબર નથી. બાપા કમાય છે અને તમારે નાટક કરવાં છે. તમારે માટે ખાસ રજા લઈ હું ઘેર રહ્યો અને તમે શો બદલો આપ્યો? એ નાટક કરવાના ખખારા લઇને બેઠા ત્યારથી જ મને લાગતું હતું કે તમે ટબ્લો કરવાના.

મોહન : મને સમજાતું નથી.

વેણી : તમે ય મૂકોને, ભઈશાબ.

સન્મુખ : ભઈશાબ કોને કહોછો તમે? કહો જે તમારો ભઈ થતો હોય તેને. મેં તમને કહી દીધું કે કાં તો આ ઘરમાં તમે રહો કાં તો હું રહું. (સન્મુખલાલ જતા રહે છે.)

મોહન : બા, પછી એ લોકો જતા રહ્યા?

વેણી : હાસ્તો, તમે કર્યું એવું તે!

મોહન : હવે...હવે કંઈ ન થાય એનું?

વેણી : હવે તો એનું બીજે થઈ જશે. એક વાર ના થઈ ગઈ એટલે આપણાથી સામા કહેવા શી રીતે જવાય? નહિ તો તો બધી રીતે હારું હતું. છોકરી કૉલેજમાં ભણે છે. નામે કે' છે કે—નામે-ખાસ્સું બદલીને સમીક્ષા કે એવું કંઈક—...અરે મોહન... એ મોહન! હાયબાપ, આને શું થયું? (બૂમ પાડીને) કહું છું એઈ... જલદી આવો તો આ મોહનને કંઈ થઈ ગયું.

સન્મુખ : (પ્રવેશતાં) થવામાં શું બાકી છે? ...અરે! આને શું થયું?

વેણી : હું તો પેલી છોડીની વાત કરતી હતી ત્યાં જ એ એકદમ રોવા માંડયો.

સન્મુખ : મોહન, એ મોહન, અલ્યા એમાં રડે છે શું! અલ્યા. એવી તો એક કહેતાં હજાર આવશે.

મોહન : (ગળે ડૂમો છે) સમીક્ષા...

સન્મુખ : એ શું?

વેણી : પેલી છોડીનું નામ.

સન્મુખ : પુરાણા કાળમાં તો—

વેણી : મૂઓ એ તમારો પુરાણો કાળ.

(મોહન લમણે હાથ મૂકી રડે છે... વેણીબહેન બરડે હાથ ફેરવે છે. પડદો પડે છે.)

[ભજવતાં પહેલાં લેખકની પરવાનગી જરૂરી છે. મુંબઇ રેડિયો પરથી ભજવાયું: એપ્રિલ '૫૫.]

નવી કહેવતો

બરફને શરદી થતી નથી!

ઘેર ઘેર ઘંટી હશે, લોટ નહિ.

બહેરાને બકવાદ શું, બાગેશ્રી શું?

કંટકોને કરમાવાનો ભય હોતો નથી!

બનાવટી આંખને મોતિયો થતો નથી!

આજે વરસાદનો જશ મોરલા ખાટી જાય છે!

બજારમાં નોટોનું ચલણ હોય છે, ઘરમાં નારીનું!

આરસામાં માણસ સૌન્દર્ય જોવા માગે છે, સત્ય નહિ!

પોતાનું કહેવું સાચું છે એમ ઠસાવવા ખાતર માણસ ગમે તેટલું ખોટું બોલતાં અચકાતો નથી.

(નવચેતન)

—નાથાલાલ દવાણી

માનનીય સંપાદક,

'કુમાર'ના પત્રમિત્ર વિભાગમાં આપ અવનવી ક્લબોનો પરિચય આપો છો તે વાંચી હું આ પત્ર લખવા પ્રેરાયો છું. હું અમેરિકાની 'Covers Collecter's Circuit Club' નામની ક્લબનો સભ્ય છું. આ ક્લબના લગભગ ૧૨ હજાર ઉપરાંત સભ્યો છે. હું લગભગ ૧॥ વર્ષ ઉપર જ સભ્ય થયો છું અને મારો નંબર ૩૬૨૫ છે. માત્ર ૧॥ વર્ષના ટૂંકા ગાળામાં આ આંકડો ૧૨ હજાર ઉપર પહોંચી ગયો છે તે ઉપરથી આપને આ ક્લબે કેટલી લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે એનો ખયાલ આવશે.

આ ક્લબના સભ્યોના બે વર્ગ પાડવામાં આવ્યા છે: 'એ' અને 'બી'. 'એ' વર્ગમાં પોતાનું નામ નોંધાવવા માગતા હોય તેમણે રોકડ ફી તરીકે અમેરિકાનો ૧ ડૉલર અથવા ૧ ડૉલરનો ઇન્ટરનૅશનલ મની ઑાડર અથવા આઠ ઈન્ટરનૅશનલરીપ્લાય કુપન અથવા જેની ફેઈસ વૅલ્યુ અમેરિકાના એક ડૉલર જેટલી થતી હોય તેવી મિન્ટ (કોરી) ટિકિટો મોકલવી પડશે. 'બી' વર્ગમાં નામ નોંધાવવા ઇચ્છનારે ૧૦૦ વપરાએલી ટિકિટો ફી તરીકે મોકલવાની રહેશે. પણ તે એકસો યે ટિકિટો પોતાના દેશની જ હોવી જોઇએ, તે જરા પણ ફાટેલી કે ખરાબ ન હોવી જોઇએ, તેમજ તેની કૅટલૉગ વૅલ્યુ ૩ સેન્ટથી ઓછી ન હોવી જોઈએ. વળી એક જ જાતની ટિકિટો પાંચ કરતાં વધારે ન હોવી જાઇએ. ચાલુ ટિકિટોને બદલે મહાત્મા ગાંધી, એન્જિન, તાર, ડાક-શતાબ્દી, એવરેસ્ટ, કવિઓ વગેરેની ટિકિટો હોયતો ઘણુંસારું. ક્લબ તરફથી દર વર્ષે સારાં કવર માટે તેમજ ટિકિટો માટે સારા પ્રમાણમાં ઇનામ પણ આપવામાં આવે છે.

પ્રથમ દષ્ટિએ એમ લાગશે કે આ ક્લબ માત્ર કવરના શોખીનો માટે જ છે, પરંતુ કવરના શોખીનો માટે તો તે સ્વર્ગ સમાન છે એટલું જ નહિ પણ ટિકિટના શોખીનો માટે પણ તે એટલી જ ઉપયોગી છે.

લગભગ દરેક દેશ અને નાના ટાપુઓમાં પણ આ ક્લબના સભ્યો છે. માત્ર રશિયામાં જ નથી. ક્લબના સભ્ય થયે આપણને મહિને લગભગ એક કે બે circuit આવે છે. આ circuitમાં ચાર સભ્યોનાં તેમજ circuit મોકલનારનાં નામ હોય છે. પ્રથમ સભ્યે બીજા સભ્યને, બીજાએ ત્રીજાને એમ ચોથા સભ્યે એ circuit પાછું cuircuit મોકલનારને મોકલી આપવું પડે છે. આ રીતે એક circuitથી લગભગ ચાર સભ્યો જોડે મિત્રાચારી તેમ જ બદલા કરી શકાય છે.

આપને વિશ્વાસ બેસે તે માટે હું આપને મારું સભ્યકાર્ડ તેમજ એક અરજી પત્રક મોકલું છું અને તે ઉત્તર સાથે પાછું મોકલવા માટે આ સાથે બે આનાની ટિકિટ પણ મોકલું છું. હું કોઇ ધંધાદારી વ્યક્તિ નથી પણ કૉલેજના વિજ્ઞાનના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો ૧૯ વર્ષની વયનો વિદ્યાર્થી છું. મારું સરનામું: રમેશ. સી. શાહ, ૬૩, ધનજી સ્ટ્રીટ, રૂમ નં. ૨૮, ત્રીજે માળે, મુંબાઈ-૩.

જે કોઈ આ ક્લબનાં સભ્ય થવા ઇચ્છતાં હોય તેમણે વધુ માહિતી માટે તેમજ અરજીપત્ર માટે મને ઉપરના સરનામે લખવું. જવાબી ટિકિટ 'બની શકે તો' મોકલી આપે. —આપનો **રમેશ શાહ**

પરદેશી પત્રમિત્રો

(1) Vinodchandra Laljibhai Parekh—22, P. O. Box No 442, Mombassa (Kenya), Correspondence, Stories; (2) K. R. Lohar—25, P. O. Box No. 26, Mbeya (Tanganyika Territory), Correspondence (Specially with India), Magazines, Geography; (3) Pravin M. Rajani—22, P. O. Box No. 25, Kakira (Uganda, B. E. Africa), Photography, Reading, Swimming; (4) Indu Patel—17, P. O. Box No. 610, Kampala (Uganda, Br. East Africa), Stamps, View-Cards, First Day Covers, Cycle-riding; (5) Haroon A. R.—20, 47 Amil Colony No. 1, Karachi—5, Picnic, Cinema, Stamps, Sun-bathing.

હિંદી પત્રમિત્રો

(238) Bharati M. Ingreji-15, C/o V. R. Ingreji, Vadi-Falia, Store-Street, Surat, Stamps, Drawing, Photography; (239) Bhagvanbhai Vithaldas Patel—16, H. N. 806, 2nd Street Para, Mehsana, Stamps, View-Cards, Literature; (240) Mayoor H. Dave—19, C/o H. T. Dave, Depala's Chora, Dhrangadhra (Saur.), Stamps, Films, View-Cards, Reading; (241) Anil Charandas Parikh—20, Vasant Bhavan, Shahi Bag, Ahmedabad—4, Stamps, Drawing, Tennis; (242) Babubhai Chimanlal Shah—37, Anand-Bhavan, Ambawadi, Ramnagar, Sabarmati, Ahmedabad-5, Drawing; (243) Harshadrai Harihar Joshi—18, Opp. Post Office, Dakor (Kaira Dist.), Politics, Travelling, Cinema; (244) Jaymal J. Chauhan—18, Gov't Dispensary, Jodiya (Saur.), Drawing, Stamps, Swimming, Photography, Reading; (245) Mohanlal Ramji Thacker-17, C/o Thacker Anandji Bhawanji Vakil, Shivaji Rd., Anjar (Kutch), Cycling, Stamps, Swimming, Novels, Politics; (246) Siddharth R. Patel—15, Anand Bhavan, Near White House, Ahmedabad—7, Stamps, Sports, Photography; (247) Karamsinh Mohansinh Baria—19, Rajput Falia, Chhota Udepur (Baroda Dist.), Stamps, First Day Covers, View Cards, Photography. Reading, Sports, Languages, Hunting, Nature; (248) Narendra Jivraj Thakkar—16, 36 Lila Nivas, Lakhamshi Napoo Road, Matunga (C. R.), Bombay-19, Novels, Drawing, Match-Labels, Photography; (249) Harshadrai Harihar Joshi—17, Opp. Post Office, Dakor (Kaira Dist.), Travelling, Novels, Cinema; (250) Dinesh M. Mehta—16, C/o M. K. Mehta, Virabai Gate, Near Malivas, Palanpur (N.G.), Stamps, Photography, Coins, Reading, Cricket, Swimming, View-Cards; (251) Duleray Chandulal Bhatt—20, 36 L. I. T. Hostel, Amrawati Road, Nagpur (M. P.), Cycling, Gymnasium, Languages, Literature, Travelling; (252) Nanalal Ratilal Shah—17, Out Side Delhi Gate, Palanpur (N. G.), Stamps, Painting, Cricket, Swimming, Picture-Collection; (253) Nanalal H. Parmar—18, P. B. No. 24, Veraval (Saur.), Penfriendship, Stamps, Cinema, Music; (254) Bhupendra P. Bhatt—16, Modh Falia, Bhuj (Kutch), Stamps, Swimming, Photography, Correspondence. (ચાલુ)



માધુકરી

રક્ષા લૈને તું સ્વસા, આવ આજે,
આશીર્વાદે ધન્વી હું વિશ્વ જીતું.
કારુણ્યે એ નેનમાં છે જયોની
સૌ માંગલ્યોની બધી પ્રેરણાઓ. –હરિશ્ચન્દ્ર ભટ્ટ

નુરુદ્દીન વોરા

સત્યને ખાતર રાજા હરિશ્ચંદ્ર કે રાજા રામ કે ગાંધીજી જેવાએ સંકટો સહન કર્યાની ઘટનાઓ જાણીતી છે; પણ અહીં તો કલઈપતરાંની દુકાનમાંથી આછોપાતળો રોટલો રળનાર એક સામાન્ય વોરાની કથા છે. સાથોસાથ '૫૭ના સ્વાતંત્ર્યયુદ્ધે ગુજરાતમાં જે આડકતરા ભોગો લીધા છે એવા એક ભોગની આ કહાણી છે.આ આખી યે કહાણી સરકારી દફતરમાંથી જ લેવામાં આવી છે.

૧૮૫૭નો સ્વાતંત્ર્યવિગ્રહ શરૂ થયો ત્યારે વડોદરાની ગાદીએ ખંડેરાવ ગાયકવાડ હતા. દેશી રાજ્યોના રાજકર્તાઓ સામે જેટલાં દોષારોપણ કરવામાં આવ્યાં છે, તે તમામ આ એક જ રાજામાં એકઠાં થયાં હતાં. છતાં અંગ્રેજ સરકારની નજરમાં ખંડેરાવ સર્વગુણસંપન્ન હતા, કેમકે મહારાજને એમનાં હવસ, ફનાગીરી અને રંગરાગમાં રચ્યાપચ્યા રહેવા દેવામાં આવે એ ગણતરીએ ભાઉ ફણીકર અને ભાઉ સિંધિયા જેવા મહારાજાના સલાહકારોએ રાજ્યનાં તમામ સાધનસરંજામો '૫૭ના વિગ્રહ વેળાએ અંગ્રેજ સરકારને ચરણે ધરી દીધાં હતાં. અંગ્રેજ સરકાર વતી વડોદરાની પલટનો ઝાંસી, ગ્વાલિયર, દિલ્હી અને લખનૌમાં લડી હતી.

એ ખંડેરાવ મહારાજને ત્રીસ વરસનો એક નાનો ભાઈ હતો : હોંસીલો, ઉમંગી અને પ્રજાની તરફદારી કરવાવાળો. એનું નામ મલ્હારરાવ. એ મલ્હારરાવ '૫૭ના સંગ્રામમાં પ્રજાની તરફદારી કરતા હતા.ગુજરાતમાંથી પ્રજાપક્ષે લડવા ગએલાના કુટુંની દેખભાળ કરતા હતા.'૫૭ના સંગ્રામ દરમ્યાન તો અંગ્રેજ સરકારનો રેસિડેન્ટ મલ્હારરાવની આ વાતો જાણવા છતાં ચૂપ હતો.પરંતુ સંગ્રામ પૂરો થતાં એ રેસિડેન્ટને જૂના હિસાબ નવેસરથી ચૂકતે કરવાનો સમય મળ્યો.


ખંડેરાવ મહારાજ અપુત્ર હતા. એમની પાછળ રાજગાદીના વારસ મલ્હારરાવ હતા. મલ્હારરાવ ગાદી ઉપર આવે તો એમના અમલમાં ખંડેરાવ મહારાજ જેવો અંધાપો નહિ ચાલે એવી ભીતિ ખંડેરાવના સલાહકારોને હતી. એટલે અંગ્રેજ રેસિડેન્ટની નિગાહ નીચે ભાઉ ફણીકરે મલ્હારરાવ સામે ખંડેરાવ સમક્ષ ફરિયાદ કરી કે મલ્હારરાવે તમને ઝેર દેવાનું કાવતરું રચ્યું હતું. વળી સમજાવ્યું કે આ કાવતરું તો સાચું છે, પણ એની જાહેર તપાસ થાય તો રાજકુટુંબની આબરૂ જાય. માટે જાહેર તપાસ ન કરતાં વટહુકમથી મલ્હારરાવને નજરકેદ રાખવા. અને આમ મલ્હારરાવને ત્રેવીસ વર્ષની વયે વડોદરા પાસે પાદરામાં નજરકેદ રાખવામાં આવ્યા.

પરંતુ આ ધરતી પર સદાકાળ સત્તાના લાલચુઓનું ધાર્યું થતું આવે છે એમ નથી. ક્યારેક ધાર્યું ધરણીધરનું યે થાય છે.૧૮૭૦ની એક સવારે ખંડેરાવ એકાએક અવસાન પામ્યા, ને મલ્હારરાવને એકાંત નજરકેદ પછી સીધા વડોદરાના તખ્ત પર આવી બેસવાની તક મળી. ભાઉ ફણીકર જાન લઇને નાઠો અને ભાઉ સિંધિયાની માલમિલકત જપ્ત કરીને એને મલ્હારરાવે અટકમાં લીધો.

પરંતુ છેક મથાળે કલકત્તાની અંગ્રેજ સરકારની જે નીતિ મલ્હારરાવ માટે હતી તે મુંબઈ સરકારને મંજૂર નહોતી. ખંડેરાવ ગાયકવાડના અનાચાર સાથે મુંબઈ સરકારના તે વખતના એટલા બધા અમલદારો સંડોવાએલા હતા કે એમણે મલ્હારરાવને ઠરીને ઠામ ન બેસવા દેવાનો નિર્ણય કર્યો. એટલે મુંબઇ સરકાર, જેના હાથમાં વડોદરા રાજ્ય ઉપર સરકારી રેસિડેન્ટની નિમણૂક કરવાની સત્તા હતી એણે એક સદંતર નાલાયક માનવીને કાયમી બરતરફીની કબરમાંથી ફરીને જીવતો કરીને વડોદરામાં રેસિડેન્ટ તરીકે મૂકયો. એનું નામ કર્નલ ફેર.

આ કર્નલ ફેર મુંબઈ સરકારની નોકરીમાંથી કાયમને માટે નાલાયક ઠરેલો, ભારતમાં યે કોઈ પણ જગ્યાએ કોઇ પણ કામગીરી બજાવવાને અપાત્ર મનાએલો અને વિલાયતમાં પણ સરકારી કામગીરી માટે નાલાયક લેખાઈ લંડનમાં શરાબી માનવી તરીકે જીવન વિતાવતો હતો.

આપણાં પ્રાણીઓ : ૯-મગર



જળરાક્ષસ ગણાતા મગરને તો કોણ નહિ ઓળખતું હોય? મુખ્યત: નદી કે સરોવરમાં થતા આ પ્રાણીની એક જાત દરિયામાં પણ થાય છે. એની લંબાઈ ખાસ્સી વીસ ફૂટ જેટલી હોય છે. કાચબા ને ગરોળીના જેવું મગર પેટચારી પ્રાણી હોવાથી તેનાં જડબાં ને ખોપરી પશુ કરતાં પક્ષીને વધુ મળતાં. પીઠે નાનાં શીંગડાં જેવાં કઠણ ને કાળાં ક્રમબદ્ધ ભીંગડાં. આગલે પગે પાંચપાંચ ને પાછલે પગે ચારચાર આંગળાં. પગ એટલા ટૂંકા કે ચાલતાં પેટ જમીન સાથે ઘસડાય. છતાં જબરો તો એવો કે ગેંડો પણ તેના પગની ચૂડ છોડાવી ન શકે. મજબૂત લાંબી પૂંછડી તરવામાં હલેસાંની ગરજ સારે. ગરદન નાની, છતાં પુષ્કળ સ્નાયુઓભરી અને સશક્ત. આંખ આગળ પારદર્શક પાંપણ, જેના દ્વારા તે પાણીમાં બધું ભાળી શકે.

સામાન્યત: સમશીતોષ્ણ પ્રદેશોમાં થતા આ પ્રાણીના છ વર્ગો છે. મોટે ભાગે નિશાચર. શિકારને પકડી ઊંડા પાણીમાં ખેંચી જાય, જ્યાં દાંત વતી તેના કકડા કરી આખેઆખા ગળી જાય. શિકાર વખતે પૂંછડીનો ફાળો પણ અગત્યનો. તેના એક જ ઝાટકે શિકાર પાણીમાં ઊછળી પડે કે બેભાન પણ થઈ જાય.મગરનો શિકાર કરવા માટે તેના કાન પાછળ ભેજાનો ને ગરદન પરના સાંધાનો ઘા જ કાતિલ નીવડે. ૭૫ વર્ષ તે તો તેની સામાન્ય આવરદા. વળી માસેક સુધી ખોરાક વિના પણ ચલાવી શકે.

મરેલા મગરનું પેટ ચીરીએ તો તેમાંથી દસ શેર પથ્થર તો નીકળે જ. પથ્થર ગળવાથી તેની પાચનશક્તિને ખૂબ મદદ મળે છે.

મગરી રેતી કે કાદવમાં નિર્જન સ્થળે ઈંડાં દાટી આવે છે. એનો ગર્ભાધાન-સમય જાન્યુઆરીથી શરૂ થાય છે ને એપ્રિલમાં તે ઈંડાં મૂકે છે. ઋતુકાળમાં તેના શરીરમાં કસ્તૂરીથી યે વધુ સુગંધિત પદાર્થ પેદા થાય છે અને તે જે માર્ગે જાય તેની સપાટીને સુગંધમય બનાવી મૂકે છે. સફેદ, કઠણ કોચલાંવાળાં તેનાં ઈંડાં સૂર્યના તાપથી જ સેવાય. ચાળીસેક દિવસે તેમાંથી અકેકા નાના દાંતવાળાં બચ્ચાં નીકળી પાણી તરફ ધસી જાય છે. પેલો દાંત પછી પડી જાય છે.

એને મુંબઈ સરકારે પાછો બોલાવી વડોદરામાં રેસિડેન્ટ તરીકે નીમ્યો.

એ કર્નલ ફેરે આવતાંની સાથે જ ભાઉ ફણીકરને રેસિડેન્સીમાં કામગીરી આપી. દરમિયાન ખંડેરાવ મહારાજે પોતાની પાછળ જે ગેરવ્યવસ્થા ને અંધેર મૂક્યાં હતાં એ ઉલેચવાને મલ્હારરાવ ગાયકવાડે દાદાભાઈ નવરોજીને વડોદરાના નાયબ દીવાનપદે સ્થાપ્યા હતા.

કર્નલ ફેરે હોદ્દો સંભાળ્યાને હજી છ માસ પૂરા ન થયા ત્યાં પોતાનું પોત પ્રકાશ્યું. ભાઉ ફણીકરે એક નિવેદન મારફત મલ્હારરાવ ગાયકવાડ પર ગેરવહીવટનાં, અત્યાચારનાં, જુલમગારીનાં ને હવસખોરીનાં એમ જુદી જુદી કોટિનાં ઓગણીસ જાતનાં તહોમતો મૂક્યાં ને મલ્હારરાવને પદભ્રષ્ટ કરવાની માગણી કરી. કર્નલ ફેરે એ તહોમતનામું લઈ મુંબઈ સરકારને મોકલ્યું તથા પોતે રેસિડેન્ટ તરીકે કરેલી તપાસમાં ઉપરનાં બધાં તહોમતો સાચાં છે એવું પ્રમાણપત્ર મોકલ્યું, ને મલ્હારરાવને તાબડતોબ પદભ્રષ્ટ કરવાની હિમાયત કરી.

મુંબઈ સરકારે આ બધું કલકત્તા મોકલ્યું ને મલ્હારરાવને પદભ્રષ્ટ કરવાની માગણી કરી. પણ કર્નલ ફેર અને મુંબઈ સરકાર એકબે વાત જાણતાં ન હતાં. એક તો એ કે મલ્હારરાવ કોઈથી દાબ્યો દબાય એવો માણસ નહોતો, અને બીજી એ કે મલ્હારરાવના સલાહકારોમાં મુખ્ય સલાહકાર હતા એમના નાયબ દીવાન દાદાભાઇ નવરોજી, જે અંગ્રેજ અમલદારોની કે ખુદ મુંબઇ સરકારની સામે પણ કાયદેસર પડકાર કરતાં આંચકો ખાય એમ નહોતા. એમણે કર્નલ ફેર અને મુંબઇ સરકાર બેઉની રીતરસમ સામે કલકત્તામાં સખત ફરિયાદ કરી અને નિવેદન કર્યું કે આ જે ઓગણીસ કોટિનાં તહોમતો નીચે મલ્હારરાવ સામે જુદા જુદા પ્રકારના બસો ને ચાલીસ જેટલા આરોપો મૂકવામાં આવ્યા છે એ બધા જ ખંડેરાવ ગાયકવાડના સમયના છે, ને એ તમામને માટે અસલ નિવેદન પેશ કરનાર ભાઉ પોતે જ જવાબદાર છે. વળી તેમણે એ પણ સ્પષ્ટ કરી દીધું કે આ આખું નિવેદન તેમજ રેસિડેન્ટ અને મુંબઇ સરકારની નીતિ ઇરાદાપૂર્વકની બદદાનતથી ભરેલી છે. એનો સરકારી રાહે જો સ્પષ્ટ ઇન્સાફ નહિ મળે તો આ આખું કૌભાંડ તેઓ પોતે પાર્લામેન્ટમાં તેમજ અખબારો દ્વારા હિંદના લોકો સમક્ષ ખુલ્લું પાડશે.

આ પડકાર એટલો તો સ્પષ્ટ હતો, એટલો તો સીધો હતો કે મુંબઈ સરકારે તો રેસિડેન્ટને ઠપકો આપવાની ને પોતાનું નિવેદન પાછું ખેંચી લેવાની તત્પરતા બતાવી દીધી. પરંતુ દાદાભાઇને કોઈ સરકારી મહેરબાની મંજૂર નહોતી. મલ્હારરાવ ગાયકવાડે સરકાર પાસેથી સ્પષ્ટ ઇન્સાફ માગ્યો અને એને પરિણામે ભારત સરકારને ઈ. સ. ૧૮૭૩ની સાલમાં મલ્હારરાવ ગાયકવાડની સામેના રેસિડેન્ટે કરેલા ગેરવહીવટના આક્ષેપોની તપાસ માટે એક સરકારી ન્યાયપંચ સર રીચર્ડ કુપ્સના પ્રમુખપદ નીચે નીમવું પડ્યું.

આ તપાસપંચે તમામ કિસ્સાઓ તપાસ્યા. ભાઉ સિંધિયાની મિલકત જપ્ત કરવાનો અને એને અટકમાં રાખવાનો ગાયકવાડને હક્ક છે એમ ઠરાવ્યું અને એ સિવાયના ઓગણીસ કોટિ નીચે આવતાં બસો ને ચાલીસે ચાલીસ તહોમતોમાંથી દરેક કોટિના આઠ આઠ દાખલાઓના પોતાના પુરાવાઓ પેશ કરવાની કર્નલ ફેરને આજ્ઞા કરી. આઠ મહિનાની રોજેરોજની તપાસ પછી તપાસપંચે ફેંસલો આપ્યો કે મલ્હારરાવના ગેરશાસનનો એક પણ દાખલો પુરવાર કરવાને કર્નલ ફેર અશક્ત થયો ને છે ને આ બસો ચાલીસે ચાલીસ ગેરશાસનના દાખલાઓ ખરી રીતે તો ખંડેરાવ ગાયકવાડના જ શાસનકાળના છે. ત્રણ અંગ્રેજ અને બે દેશી ન્યાયાધીશોનો આ સર્વાનુમત ફેંસલો હતો.

પણ આમાં આપણે જેની વાત કરવી છે એ નુરુદ્દીન વોરો આવ્યો ક્યાં?

એ નુરુદ્દીન વોરો વડોદરાની દાંડિયા બજારમાં નાનકડી હાટડી માંડીને બેસે ને પાઈ-પૈસામાં કલઇ-પતરાંના ડબ્બાને રેણ કરે. વાત એવી હતી કે કર્નલ ફેરે મહારાજા સામે ઓગણીસ કોટિનાં જે તહોમતો મૂક્યાં હતાં એમાં એક કોટિ એવી હતી કે મલ્હારરાવ વસતિનાં માણસો પાસે વેઠે કામ કરાવે છે ને એના પૈસા કોઇને આપતા નથી. એના જે આઠ કિસ્સા તેણે પંચ સમક્ષ રજૂ કરવાના હતા તેમાંનો એક કિસ્સો એણે આ વોરા નુરુદ્દીનનો મૂક્યો હતો! વોરાના દુર્ભાગ્યનાં પગરણ અહીંથી થયાં. સામાન્યરીતે તો મલ્હારરાવ તપાસપંચ સમક્ષ નિયમિત હાજરી આપતા, પરંતુ વચ્ચે એમને સખત તાવ આવ્યો ને ત્રણ ચાર દિવસ એ હાજર રહી શક્યા નહિ. દરમ્યાન નુરુદ્દીન વોરાની સાક્ષી આવી ગઈ. તેણે શી વાત કરી એ એમણે સાંભળ્યું જ ન હતું. ને આખી તપાસ દરમિયાન મહારાજા કોઇને મળતા નહિ એટલે એમને કોઈ કહેનાર ન હતું. ને આમ પણ નુરુદ્દીન એટલો નાનો માણસ ગણાય કે એની જુબાનીમાં હરખશોક જેવું લાગવાનું શું હોય? એટલે મહારાજાને એની સાક્ષીની વાત બીજી કોઇ રીતે જાણવામાં આવી નહિ.

નુરુદ્દીન વોરાએ જે હકીકત કહી એ આવી હતી. ખંડેરાવ મહારાજ ઘણા શોખીન માણસ. એક રાતે એમના રાજમહેલમાં એમના પાસવાનોએ એક રંગીન મેહફિલ ગોઠવી. એની જ્યાફત માટે સુરતની બરફી સુરતમાંથી લાવવાની હતી, મથુરાના પેંડા મથુરાથી, ભાવનગરના ગાંઠિયા ભાવનગરથી અને જામનગરના ગુલાબજાંબુ જામનગરમાંથી જ લાવવાનાં હતાં. એ બધો માલ માથે ઊભો રહીને એક ભરોસાનો માણસ તૈયાર કરાવે, ને માલ તોળાતો જાય એમ પોતાની સામે જ પતરાંના ડબ્બા મુકાવી ત્યાં ને ત્યાં જ રેણ કરાવે. આમાં જામનગરનાં ગુલાબજાંબુ લેવાનો મહારાજાના મહેલનો કિલ્લીદાર દામોદરપંત ગએલો ને એના પતરાંના ડબ્બાઓને રેણ દેવા તે આ નુરુદ્દીન વોરાને લઈ ગએલો. આ વોરાના એ ડબ્બાના તથા રેણ કરવાની મજૂરીના પૈસા ચૂકવાયા નહોતા. આ વાત નુરુદ્દીને કહી, પણ સાથે એમ પણ કહ્યું કે આ વાત ખંડેરાવ મહારાજની હતી, મલ્હારરાવ મહારાજની નહોતી.

તપાસપંચનો ફેંસલો આવી ગયો ને મહારાજા નિર્દોષ ઠરીને છૂટ્યા. ત્રેવીસ વર્ષની ઉંમરે એક કાવતરાંબાજીથી એ નજર કેદ થએલા. બાર બાર વર્ષની એ આકરી નજરકેદમાંથી સીધા રાજગાદી ઉપર આવ્યા. એ ગઇગુજરી ભૂલી ગયા છતાં કાવતરાંબાજો એમને જંપવા ન દેતાં એમને સતાવતા હતા, નાલેશ કરતા હતા. એટલે નિર્દોષ જાહેર થતાં જ મલ્હારરાવનો પ્રતાપ એના પૂરેપૂરા ભયાનક સ્વરૂપમાં ભભૂકી ઊઠ્યો. એમણે એમના સિપાહીઓને શિકારી કૂતરાઓની જેમ છોડી મૂક્યા. જેટલા જેટલા માણસોએ ભાઉ ફણીકરને મદદ કરી હોય, જેટલા જેટલાએ તપાસપંચ સમક્ષ સાક્ષી આપી હોય, એ તમામને સીધા કરો, એમની માલમિલકત જપ્ત કરો. જાહેરમાં ફટકા મારો. એક દિવસ અને એક રાત વડોદરામાં નર્યું ભયરાજ છાઇ રહ્યું. મલ્હારરાવે મગજ ઉપરનો કાબૂ જ જાણે ગુમાવી દીધો. એ જાતે હાથમાં કોરડો લઇને નીકળ્યા, પછી સિપાઇઓનું તો શું પૂછવું? ઘણાને માર પડ્યો. ઘણાની મિલકતો જપ્ત થઈ. વડોદરામાં જાહેર રસ્તા ઉપર નીકળવું કોઇને માટે સલામત ન રહ્યું. ને એમાં નુરુદ્દીન વોરો બરાબર ઝપટાઈ ગયો. એના ભાઇને ઊભી બજારે ફટકા મારીને લોહીલુહાણ હાલતમાં જાનથી મારી નાખવામાં આવ્યો. નુરુદ્દીનને પણ ફટકા મારવામાં આવ્યા. એ લોહીલુહાણ થઈ બેભાન થઇ ગયો. સિપાહીઓ એને ઘેર પણ પહોંચ્યા. ભયથી થરથરતી એની પત્ની જીભ કચરીને મરી ગઇ. એનું એક બાળક પટકાઇને મરી ગયું. એના ભાઈનું ઘર લૂંટાઈ ગયું.

ઊભી બજારે કોરડા ને ચાબૂક ને લાઠીઓ લઇને સિપાઇઓ નીકળી પડ્યા, જે આવે તેને મારવા અને બાળવા માંડ્યા. મલ્હારરાવનો

બે સિદ્ધ દવાઓ

પ્રવાસ નિમિત્તે ફરતાં ધરણગામ(ખાનદેશ)માં 'કુમાર'ના એક જૂના ચાહક શ્રી ભોજરાજ કુંવરજીની મુલાકાત થઈ. બારીક અક્ષરો લખવા ને સંઘરવાના શૉખથી માંડીને, ટિકિટો, સિક્કા, કલાત્મક ચીજો આદિ અનેક વસ્તુઓના શૉખી એ ભાઇએ વાતવાતમાં સો ટકા સિદ્ધ એવી બે દવાઓની વાત કરી. એમણે સેંકડો માણસો પર અજમાવેલી એ દવાઓ કેવળ લોકકલ્યાણાર્થે વિના મૂલ્યે એ આપતા અને અઠવાડિયાના એ મુકરર કરેલા દિવસે વાળાની દવા કરાવવા તો ગામ-ગામડાંના લોકોનો મેળો એમના કૉમ્પાઉન્ડ આગળ જામતો. અમારી વિનતિથી એમણે 'કુમાર' માટે એ બંને દવાઓ લખી મોકલી છે,–એ ઉદ્દેશથી કે જનસમાજ એનો લાભ લે,–અને એ વિનતિ સાથે કે કોઈ એના ઉપર વેપાર ન કરે.

ખરજવાની દવા

સિગારેટનો અર્ધો ડબ્બો ભરાય તેટલો નરમ ડામર લઈ, તેમાં ઊંચી જાતનો સિંદૂર અરધો તોલો નાખી સારી રીતે કાલવી લેવું અને બે દિવસ રહેવા દેવું. ખરજવાની જગ્યાને, ચણાના લોટ અગર સીકાકાઈ ઉકાળેલા પાણીથી સારી રીતે ધોઇ સ્વચ્છ કપડાથી દાબીને લૂછી નાખવી. (સાબુ હરગીઝ વાપરવો નહિ.) પછી ત્યાં ડામરની દવા પાતળી લગાડવી. દવાનું પડ જાડું ન થાય. પછી વેપારીઓ ચોપડા પર જે બારીક કાળી રેતી ભભરાવે છે તે રેતી દવા પર ભભરાવતાં જવું અને કાગળથી દાબતા જવું.(રેતીમાં માટીનો ભાગ હોય તો તે ધોઈ,સૂકવીને વાપરવી.) ખરી મહેનત આ રેતી દાબવાની છે. રેતી ત્યાં સુધી દબાવવી કે ડામરવાળી દવા ઉપર હાથ લગાડતાં આપણા હાથને ડામર લાગે નહિ. આ રીતે દવા લગાડ્યા બાદ તે દવાનું પડ જ્યાં સુધી પોતાની મેળે ઊખડી આવે નહિ ત્યાં સુધી તેના પર બીજી દવા લગાડવી નહિ. જ્યારે દવાનાં પડ ઊખડી આવે ત્યારે ફરી તે જગ્યાને ઉપર મુજબ જ સારી રીતે ધોઇ, સાફ કરીને ફરી દવા લગાડવી. આ દવા ફક્ત લીલા–દૂઝતા ખરજવા માટે જ અકસીર છે.પરહેજમાં માંસાહારનો ત્યાગ,તેમજ ચણાના લોટના કોઈ પણ પદાર્થ, કેળાં ને રીંગણા જ્યાં સુધી સંપૂર્ણ ફાયદો ન થાય ત્યાં સુધી ખાવાં નહિ. તેમજ દવા લગાડ્યાના દિવસથી ત્રણ દિવસ સુધી દવા લગાડેલી જગ્યાએ પાણી જરા પણ અડે નહિ તેની કાળજી રાખવી.

વાળાની દવા

લાલ કે સફેદ ડુંગળીનો બહુ નાનો પણ નહિ તેમ બહુ મોટો પણ નહિ એવો મધ્યમ કદનો કાંદો લઇ, તેમાં કોઈ અણીદાર વસ્તુથી દસ પંદર કાણાં પાડવાં. પછી બેઆની ભાર અફીણને ઝીણું વાટીને એ કાણાંમાં ભરી દેવું અને કાંદા ઉપર ઝીણું કપડું પાણીમાં ભીંજવીને વીંટી લઈ, એના ઉપર ભેંશ કે ગાયનું તાજું છાણ સારી રીતે લગાડવું. છાણનું પડ ઓછામાં ઓછું એક દોઢ ઈંચ જાડું કરવું અને એ રીતે બનેલા લાડુને ચૂલામાં નાખી દેવો. કાંદો બરોબર સીજી ગએલો લાગે ત્યારે એને ચૂલામાંથી કાઢી લઇ ઉપરથી છાણ અને વીંટાળેલું કપડું વગેરે કાઢી લેવું અને બફાએલા એ કાંદાને ચટણી માફક ઝીણો લસોટી નાખવો. એ રીતે લસોટીને એકરસ કરેલી લુગદી જે જગ્યાએ વાળા હોય તે જગ્યાએ લગાવી તેના ઉપર આકડાનું પાન બાંધી દેવું. આકડાનું પાન ન મળી શકે તો નાગરવેલનું પાન પણ ચાલી શકે. દવા રાત્રે લગાવવી અને સવારે ધોઈ નાખવી. આ મુજબ ત્રણ દિવસ એકધારી દવા લગાવવી. શરીરમાં જો ઘણી જગ્યાએ વાળા હોય તો ઉપર લખ્યા મુજબ બે ત્રણ કાંદા તૈયાર કરવા કે જેથી વાળા હોય તેટલી જગ્યાએ દવા પહોંચી શકે. વાળાના દરદીએ પીવાનું પાણી ગાળ્યા વગર પીવું નહિ અને એક માસ સુધી પાણીને ગરમ કરીને ઠારીને પીવું. આ દવા પણ સોએ સો ટકા ગુણકારી છે અને હજારો દર્દી આ વડે સારા થયા છે.

કાળો કોપ હદ બહારનો થયો. આખરે દાદાભાઈ નવરોજીએ પોતાનું રાજીનામું મોકલાવી આપ્યું ત્યારે મહારાજા ઠંડા થયા. એમણે દાદાભાઇને પોતાના દીવાનપદે નીમ્યા ને પોતે અફસોસ જાહેર કરીને પાદરા ચાલ્યા ગયા. દાદાભાઇએ દીવાનપદે આવીને સૌથી પહેલું કામ કર્નલ ફેરને વડોદરામાંથી રુખસદ આપવાનું લીધું. કર્નલ ફેર વડોદરા છોડીને મુંબઈ ગયો અને ત્યાં સરકારમાં ફરિયાદ કરી કે વડોદરાના ગાયકવાડ મલ્હારરાવે મને ઝેર આપવાની કોશિશ કરી હતી!

મુંબઈ સરકારે તાબડતોબ એની તપાસ પણ ફરમાવી. પણ એ તપાસ સોંપી કોને? એક હતા શ્રી અકબરખાન, મુંબઈ સરકારના એક વારના છૂપી પોલીસના ફોજદાર, પણ એક મુકદ્દમામાં જૂઠી સાહેદી ઊભી કરવાના આરોપસર સરકારી નોકરીમાંથી બરતરફ થએલા. બીજા હતા શ્રી ગજાનન વિઠ્ઠલ જોશી, જેમણે ભાલ તાલુકામાં આવેલા કોઠ ગામમાં એક કિસ્સાની તપાસ કરવા જતાં ગામના બેત્રણ માણસોને બોલાવીને એવો તો માર મારેલો કે બે માણસો મરી ગએલા, અને એ કારણે અ નોકરીમાંથી બરતરફ થએલા. મુંબઈ સરકારે આ બંને મહાનુભાવોને વડોદરાના ખાસ તપાસ-અમલદાર નીમ્યા.

કેસ એવો તૈયાર કરવાનો હતો કે વડોદરાના મલ્હારરાવે વડોદરાની રેસિડેન્સીના જમાદાર રાવજી નરસી મારફત કર્નલ ફેરને સોમલ નામનું ઝેર આપેલું. રાવજી નરસી અને મલ્હારરાવની રૂબરૂ મુલાકાત કરાવી આપી હતી કર્નલ ફેરના આયા અમીનાએ. ત્યારે મલ્હારરાવે દામોદર પંતની હાજરીમાં રાવજીને સોમલના ઝેરનું પડીકું આપી કર્નલ ફેરના શરબતના પ્યાલામાં નાખવાનું કહેલું.

પણ ફરીને એક વાર દાદાભાઈ નવરોજીએ આ ઘરખાનગી થવાને નક્કી થએલી રમત મેદાનમાં ખેંચી આણી. એમણે તો હિંદ સરકારની પાસે જાહેર તપાસપંચની માગણી કરી! હિંદ સરકારે ત્રણ અંગ્રેજ અને બે રાજાઓનું બનેલું પંચ નીમ્યું અને મહારાજાના બચાવ માટે વિલાયતથી લંડનના મશહૂર બૅરિસ્ટર સાર્જંટ બૅલેન્ટાઇન વડોદરાના મહારાજા મલ્હારરાવના વકીલ તરીકે આવવાને તૈયાર થયા.

હવે પોલીસ ગભરાઇ. સાક્ષીઓ નાસભાગમાં પડ્યા. કર્નલ ફેરનો બટલર ને આયા બંને નાસી ગયાં. ભાઉ ફણીકર પણ નાસી ગયો. એટલે કેસને મજબૂત કરવા, મુંબઈ સરકારે મુંબઈના તે વખતના પોલીસ કમિશ્નર શાઉટરને નીમ્યો.

અને અહીંથી '૫૭ના સ્વાતંત્ર્ય-સંગ્રામના આડકતરા શહીદ નુરુદ્દીનની શહાદતનો આરંભ થાય છે. મહારાજાએ એ ઝેર મેળવ્યું ક્યાંથી? કોઈ દાક્તરી અહેવાલ તો હતો નહિ. તો પછી એ ઝેર સોમલ જ હતું એમ કેમ કહેવાય? આપેલી ચીજ ઝેર જ હતી ને તે સોમલ જ હતું એટલું પુરવાર થાય તો જ પોલીસની લાજ રહે. ત્યારે અકબરખાનને નુરુદ્દીન વોરો યાદ આવ્યો. એની ગણતરી એમ કે નુરુદ્દીન વોરાને મલ્હારરાવને હસ્તે ઘણું સહેવું પડ્યું છે. એનો ભાઇ મરી ગયો છે, નુરુદ્દીનને પોતાને સખત માર પડ્યો છે, એની પત્ની ત્રાસથી આપઘાત કરી મરી ગઈ છે, એનું બચ્ચું પણ મરી ગયું છે. એની મિલકત પણ લૂટાઈ છે. આખા વડોદરામાં મલ્હારરાવ તરફ વધારેમાં વધારે જો કોઈને દ્વેષ હોય તો તે નુરુદ્દીનને હોવો જોઇએ છે. એટલે નુરુદ્દીનને બોલાવીને એણે કહ્યું કે વડોદરાના મહારાજાએ સોમલ ઝેરનું પડીકું તારી પાસેથી લીધું હતું એમ તારે કહેવું. તારે એમ કહેવું કે મહારાજા એટલા જુલમગાર હતા કે મને એનો ડર હતો, એટલે

એમણે મને હુકમ કર્યો તેથી મેં મારે ઘેરથી લાવી આપ્યું. તારે ઘેર ક્યાંથી આવ્યું એમ જો પૂછે તો કહેવું કે હું તો એ વખતે મહારાજાના જુલમથી ખૂબ ગભરાએલો હતો. મારા ભાઈના ઘર ઉપર મહારાજાએ જુલમ કર્યો હતો એવો મારા ઘર ઉપરે ય કરે તો આપઘાત કરવા કામ લાગે એમ માની તે મારી સ્ત્રી ક્યાંકથી લાવી હતી. ક્યાંથી લાવી એ ખબર નથી, પણ મરતી વખતે મને કહી ગએલી કે મહારાજા બહુ જુલમ કરે તો તમારે આપઘાત કરવા માટે ઝેરની પડીકી લાવી રાખી છે. એટલે મને ખબર કે મારા ઘરમાં ઝેરની પડીકી છે. ને મહારાજાએ મને દમ ભરાવીને માગી એટલે મેં એમને આપી દીધી.

પણ નુરુદ્દીને તો જૂઠું બોલવાની સાફ ના પાડી. ને પછી એના પર શાં વીતક વીત્યાં હશે એ માટે ખુદ તપાસપંચના ફેંસલામાં ન્યાયાધીશોનો ઉલ્લેખ છે એ પોતે જ કહેશે. એમાંના શબ્દો આ રહ્યા:

'Here we have a good view of the subject of the liberty of the subjects, whether they are respectable tradesmen, when the police choose to interfere with it...As confirmed by the director of investigations' statement he is kept in custody for months.....The Police have done all they could to him. They have tortured him, but they connot make him give false evidence. Bitter enemy as he is of the Gaekwar he is the one spot in this case in which adherence to truth has induced a man to suffer torture and degradation rather than be made an instrument of false charge against an innocent man even though a bitter enemy.'

[અહીં આપણને પ્રજાજનોની સ્વતંત્રતાના વિષય ઉપર સારો પ્રકાશ સાંપડે છે. પોલીસ જ્યારે એ સ્વતંત્રતા ઉપર હાથ ઉઠાવે ત્યારે આબરૂદાર વેપારીઓની પણ કેવી દશા થાય છે એ જાણવા મળે છે. તપાસપંચના અધિકારીના નિવેદનથી એ વાતને ટેકો મળે છે કે નુરુદ્દીનને મહિનાઓ લગી કેદમાં રાખવામાં આવ્યો છે. પોલીસે એના પર પોતાનાથી બનતું બધું ગુજાર્યું છે. એને રિબાવ્યો છે, છતાં એની પાસે ખોટી જુબાની અપાવી શકી નથી. ગાયકવાડનો એ કટ્ટો દુશ્મન છતાં આ આખા મુકદ્દમામાં એ એક એવો ઊજળો માણસ છે કે જેણે પોતાના કટ્ટા દુશ્મનને પણ નિર્દોષ માનવી તરીકે માન્ય રાખી તેના ઉપર ખોટું તહોમત મૂકવાનો હાથો બનવાને બદલે સત્યને વળગી રહેવાને ખાતર રિબામણી અને અપમાન સહન કર્યાં છે.]

કોઈ પણ એક સાહેદને માટે ફેંસલામાં આવા શબ્દો લખાય એ જગતભરની ફોજદારી અદાલતની તવારીખમાં અજોડ માન ગણાય. અને જેનાથી પોતાનું સર્વસ્વ ફના થયું હતું એવા વેરીને માટે આવો સામાન્ય વર્ગમાંથી આવતો માનવી આટલી સત્યનિષ્ઠા દાખવે એ પણ અદ્ભુત ગણાય. નુરુદ્દીન વોરાની કથા એ ગુજરાતના સામાન્ય નાગરિકની ગૌરવકથા છે. એક સામાન્ય કોટિનો માણસ પોતાના ઘરને ખૂણે કે હાટડીને થડે બેઠોબેઠો પણ સત્યને કેટલી વફાદારીથી વળગી રહી શકે છે એની એ સર્વ કાલ માટે અણમોલ પ્રેરક કથા છે.

પછી નુરુદ્દીનનું શું થયું એ જાણવા મળતું નથી. તપાસપંચના ફેંસલામાં એક ઉજ્જ્વલ આફતાબ તરીકે ચમકતો આ સિતારો પછી અંધકારમાં વિલીન થાય છે. આજે એના કોઈ વંશવારસો છે કે નહિ એ શક્ય એટલી તપાસ છતાં જાણવા મળ્યું નથી; પરંતુ જો કોઇ હો તો એમને આવા એક ઉજ્જ્વલ પૂર્વજને માટે મુબારકબાદ હો.

(નવજીવન) —ગુણવંતરાય આચાર્ય

૩૨૯ ('કુમાર' અંક ૩૮૦)

વૈજ્ઞાનિક સિદ્ધિઓનું સિંહાવલોકન અને અજબ ભાવિ

આ એક જ સદીએ તેની પૂર્વનાં ૧,૦૦૦ વર્ષ કરતાં યે વધુ ઔદ્યોગિક સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. વીજળીની બત્તી, વિદ્યુત્ શક્તિ અને સંદેશાવ્યવહાર, રેડિયો, મોટરગાડીઓ, વિશાળ ઔદ્યોગિક ઉત્પાદન, વિસ્તૃત ખગોળશાસ્ત્રનું જ્ઞાન, દુષ્ટમાં દુષ્ટ રોગો પર વિજય અપાવનાર જંતુઓનો સિદ્ધાંત, જ્ઞાનેન્દ્રિયો બહેરી કરી નાખનાર ઔષધો તથા જંતુવિરોધી દ્રવ્યો એ ગત ૧૦૦ વર્ષની સૌથી મહત્ત્વની શોધો છે. છેલ્લાં ૨૫ વર્ષની અગત્યની શોધોમાં ટેલિવિઝન, અણુશક્તિ, જેટ વિમાનો, પેનિસિલિન અને નવા બનાવટી કાપડનો સમાવેશ થાય છે.

આવતાં ૨૫ વર્ષમાં આપણાં ઘર, દુકાનો, કારખાનાં, રસ્તા અને શહેરોનું સ્વરૂપ પલટાવી નાખે તેવી વીજાણુ–પ્રકાશપદ્ધતિ, તેમજ વહાણો, રેલવે એંજિનો, વિમાનો અને મોટર તથા કારખાનાં માટે વર્ષો સુધી ફરી શક્તિ ભર્યા સિવાય વિદ્યુત્પ્રવાહ પૂરો પાડે તેવી અણુની 'બૅટરી' વગેરેનો વિકાસ થશે.

બીજા વિકાસમાં સૂર્ય, ભરતી અને પવનની શક્તિનો વ્યવહારુ ઉપયોગ, નવી ધાતુ ને નવા કાપડની બનાવટ, રણપ્રદેશને પાણી પહોંચાડવા સાગરના પાણીને મીઠું બનાવવાની ક્રિયા, ટપાલ મોકલવા માટે ગાઇડેડ મિસાઇલ્સનો ઉપયોગ અને વિમાની વિનાનાં વિમાન વગેરેનો સમાવેશ થશે. આ ઉપરાંત વૈદકીય ઉપચારના સુધારાથી વર્તમાન આયુષ્યમર્યાદા વધશે. વિદ્યુત્-યંત્રો માહિતીનું વર્ગીકરણ કરશે, યાદ રાખશે ને યોગ્ય વિભાગમાં તે જાળવશે. સ્વસંચાલિત યંત્રો કાચા માલની ને તૈયાર માલની પસંદગી, કસોટી વગેરે કરશે. સાગરને તળિયેથી અત્યારે મળતા તેલ ઉપરાંત ત્યાં રહેલી રાસાયણિક સંપત્તિ ને ખોરાકસંપત્તિ મેળવવાના વ્યવહારુ માર્ગો શોધાશે. વીજાણુશક્તિ અને અણુશક્તિ, એ બંને શક્તિઓ ભેગી થઈને વરાળ અને વીજળીએ પેદા કરેલી ઔદ્યોગિક ક્રાંતિને તો ક્યાં યે ઝાંખી પાડી દેશે.

લઘુલિપિ માટેનું અભિનવ યંત્ર

લંડનમાં ઓલીમ્પિયા ખાતે યોજાઇ રહેલા બ્રિટનના ઔદ્યોગિક પ્રદર્શનમાં લઘુલિપિ માટેના અભિનવ યંત્રનો ઉપયોગ થઇ રહ્યો છે. આ યંત્રને ૨૯ ચાવીઓ છે. તેમાં ગોઠવેલા આપોઆપ ફરતા કાગળ પર, ધ્વનિશાસ્ત્રના સિદ્ધાંત અનુસાર કરવામાં આવેલી રચનાને પરિણામે, લખાણ અંકિત થઇ જાય છે. યંત્રસંચાલક પોતાના ઘૂંટણપર આ યંત્ર રાખીને બેસે છે અને જેમ જેમ તેની આંગળીઓ ચાવીઓ પર ફરતી જાય છે તેમ તેમ બોલનાર વ્યક્તિના ઉદ્ગારોનો ઉતારો આપોઆપ તૈયાર થતો જાય છે. કેવળ એક માણસ અત્યત સહેલાઇથી અને ઘણા લાંબા વખત સુધી સતત ને ઝડપી તેના પર કાર્ય કરે અને છતાં તેને શ્રમ જણાતો નથી. વળી આ યંત્ર દ્વારા તૈયાર થએલો ઉતારો વધારે યા ઓછી ઝડપથી લેવામાં આવ્યો હોય પરંતુ તદ્દન સુવાચ્ય અને ભૂલચૂક રહિત હોય છે. યંત્રની રચના ધ્વનિશાસ્ત્રના સિદ્ધાંત અનુસાર કરવામાં આવેલી હોઈ કોઈ પણ ભાષા માટે તેનો ઉપયોગ કરી શકાય છે. માત્ર શરત એટલી જ કે યંત્ર સંચાલકને તે ભાષાનું જ્ઞાન હોવું જોઇએ. આજે ૧૭ ભાષાઓમાં તેનો ઉપયોગ થઈ રહ્યો છે.

ચોવીસ કલાકનું ઘડિયાળ

વિમાનના પાઇલટ, વાયુશાસ્ત્રી, સૈનિક કે ખલાસીને તમે 'છ વાગ્યા છે' એમ કહો એટલે તે સવારના જ છ સમજે. 'સાંજના છ થયા છે' એમ જણાવવા માટે તો તમારે કહેવું જોઈએ કે '૧૮ વાગ્યા છે.'

આ માટે સ્વિસ ઘડિયાળીઓએ તાજેતરમાં ૨૪ કલાકનું ઘડિયાળ બનાવ્યું છે, જેના ચંદામાં ૧૨ને બદલે ૨૪ કલાકના આંકડા છે, ને તેથી કલાકકાંટાને તે આખો ચંદો ફરી લેતાં ૧૨ નહીં પણ ૨૪ કલાક લાગે છે.

નવાં પુસ્તકો

કલાપીનો કાવ્યકલાપ

કવિતાનો રસ માણવા ઇચ્છતા જનસામાન્યો, તેમજ કવિતા-રચનામાં પાપા પગલી માંડતા શિખાઉઓ, બંનેને ઉપકારક એવું આધુનિક કાવ્ય-રસનું કોઈ પુસ્તક હોય તો તે 'કલાપીનો કેકારવ.' સૌરાષ્ટ્રના લાઠી સંસ્થાનના રાજવી કવિ સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ–'કલાપી'ના એ કાવ્યસગ્રહમાંથી તેમની પ્રતિનિધિરૂપ ૭૧ કૃતિઓનું આપણા માન્ય વિવેચક, અધ્યાપક શ્રી અનંતરાય મ. રાવળે કરેલું આ સંકલન વાચકવર્ગને કાવ્યાભિમુખ કરવામાં ઘણું ઉપયોગી નીવડે એવું છે. કલાપી આમે ય લોકસમાજમાં વધુ વંચાય છે. સાધારણ લોકો તેમજ વિદ્યાર્થીઓ, જેઓ 'કલાપીનો કેકારવ' આખો ખરીદી ન શકે, અને તેમાંનાં બધાં જ કાવ્યોના સારાસાર વિષે યથાર્થ નિર્ણય તારવી ન શકે, તેમને માટે આ સંગ્રહ ઘણો જ માર્ગદર્શક થાય એવો છે, કારણ કે વિદ્વાન સંકલનકર્તાએ આ પુસ્તકમાં 'કલાપી'ને બને તેટલી વધુ સરલતાથી ને વિશદતાથી લોકો આગળ રજૂ કરવાનો અને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. વળી, કવિનો **સમયાનુસારી વિકાસ** જોવો સુગમ થઈ પડે તે માટે પુસ્તકમાં કાવ્યોની ગોઠવણી પણ સમયાનુક્રમ પ્રમાણે કરવામાં આવી છે. એ ઉપરાંત એટલાં જ અગત્યનાં બીજાં બે અંગ આ પુસ્તકમાં છે: (૧) 'કલાપી'ના જીવન વિષે ૩૩ પાનાંનો, આજ સુધી મળેલી માહિતીઓથી ખીચોખીચ ભરેલો લાંબો ને વિગતવાર ઉપોદ્ઘાત, અને (૨) તેમની કવિતાની રચના પાછળ રહેલાં કવિમાનસ, કવિપ્રતિભા અને કવિ તરીકેની સિદ્ધિ–અસિદ્ધિઓનો પરિચય મળી રહે તે દૃષ્ટિ રાખીને કરાએલી કાવ્યોની રસદર્શી અને રહસ્યદર્શી ૯૬ પૃષ્ઠોમાં વિસ્તરેલી સમાલોચના. આ બંને લેખો કલાપીનો 'માનવી' અને 'કવિ' તરીકેનો હૂબહૂ ખયાલ આપવામાં બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે.

આવા, આ અભિનંદનપાત્ર પુસ્તકની ઉપયોગિતાને લક્ષ્યમાં લઇને ગુજરાત યુનિવર્સિટીએ તેને વિનયન (આર્ટ્સ) વિભાગના પહેલા વર્ષના ગુજરાતીના અભ્યાસક્રમમાં કવિતાના પાઠ્યપુસ્તક તરીકે મુકરર કર્યું છે. ગયે વર્ષે તેની પહેલી આવૃત્તિ બહાર પડેલી, તે પછી ઘણા જ ટૂંકા ગાળામાં આ વર્ષે તે બીજી આવૃત્તિમાં પ્રવેશે છે.

પ્રકાશક: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરસ્તો, અમદાવાદ; મૂલ્ય ૩-૮-૦

મ. સ. યુનિવર્સિટી (વડોદરા)નાં પ્રકાશનો

ભારતીય સંસ્કૃતિ (એક વિહંગાવલોકન): ઇતિહાસ, જુદા-જુદા ધર્મ-મતો, કલા, સાહિત્ય, સંગીત–એમ વિધવિધ દૃષ્ટિકોણો વડે કરાએલું આ વિહંગાવલોકન સર્વસ્પર્શી, અને સાથેસાથે મૂલગામી પણ બની રહે છે. તેના વિદ્વાન લેખક સ્વ. રમણલાલ વ. દેસાઇએ જેમ વિષયને અનેક દૃષ્ટિકોણો વડે ચકાસી જોયો છે તેમ તેઓ પોતે લોકખ્યાત સાહિત્યકાર હોઈ તે વિષયને વાચનક્ષમ ને રસાળ બનાવતાં પણ નથી ભૂલ્યા. વળી પોતે સમજાવવા ધારેલા વિષયને માટે સમયફલક પણ તેમણે વિસ્તૃત–અતિવિસ્તૃત નિયોજ્યો છે: છેક પ્રાચીનતમ કાળ–પથ્થરયુગથી માંડી વીસમી સદી લગીનાં આવર્તનો–પરિવર્તનોનાં મોજાં–તેમાંનાં ઝીણામાં ઝીણાં લહેરિયાં સાથે–એમાં ઝિલાયાં છે એ તેની વિશિષ્ટતા છે. પુસ્તકને વિશદતા આપવામાં તે માંહેનાં એકત્રીસ જેટલાં ફોટો-નકશા-ચિત્રો અગત્યનો ભાગ ભજવે છે. કિંમત રૂ. ૧૫-૦-૦.

દલપતરામ (એક અધ્યયન): ગુજરાતના એ સંમાનનીય કવિ અને સ્મરણીય સંસ્કારસેવક કવિ દલપતરામનાં યુગ, જીવનયાત્રા, ગદ્યસાહિત્ય, કાવ્યસેવા અને સમગ્ર ઝાંખી એ પ્રકારે પાંચ પ્રકરણોમાં તેમનાં જીવન અને કવનને આ ગ્રંથમાં નિરૂપવામાં આવ્યાં છે. દલપત-રામને માથે 'સભારંજની શૈલીએ માત્ર જોડકણાંઓ જ લખવા'નો આરોપ મૂકી અત્યારે સૌ તેમનાથી વિમુખ બનતા જાય છે એવે વખતે આ પુસ્તક દલપતરામના વખતના સમગ્ર વાતાવરણમાં આપણને લઈ જાય છે; અને અત્યાર જેટલી કાવ્યપ્રગતિ જ્યારે નહોતી એ જમાનાનો ખયાલ આપીને તે સમયે યુગકાર્ય કરી જનાર એ કવિ તરફ, તેમના સમયને અનુલક્ષતી સહાનુભૂત દૃષ્ટિએ જોવા તેમજ તેમની કવિતાનાં બોધ–હાસ્ય–કથાને નિરૂપતી તેમની તેજસ્વિતાને ઓળખવા આમંત્રણ આપે છે. લેખક: હસિત હ. બૂચ, કિંમત રૂ. ૬–૪–૦.

ગુજરાતનાં પક્ષી–ચિત્રો: બાળકોમાં પ્રકૃતિપ્રેમ જાગે તે માટે લખાએલી આ પુસ્તિકા તેના ઉદ્દેશને અનુરૂપ, પ્રખ્યાત ચિત્રકાર શ્રી સોમાલાલ શાહે દોરેલાં ચિત્રો અને પ્રસિદ્ધ પક્ષી–વિજ્ઞાનશાસ્ત્રી પ્રદ્યુમ્ન દેસાઈના સરળ–રોચક પક્ષિ–પરિચય સાથે પ્રસ્તુત થયું છે. પણ એનું છાપકામ પુસ્તકને અન્યાય કરી બેસે છે. રૂ. ૦–૮–૦.

હિંદમાં બ્રિટિશ સામ્રાજ્યની સ્થાપના (અનુ. પૃ. ૨૯૬થી)


હિંદી પ્રજાએ અંગ્રેજ હકૂમત સામે માથું ઊચક્યું, પરંતુ એક વર્ષની અંદર તો એ ઉત્થાન સંપૂર્ણપણે શમાવી દેવામાં આવ્યું. ઉત્તર હિંદમાં આ ઉત્થાન જેટલું વીજળીવેગે ફેલાયું એટલા જ વેગથી એ દક્ષિણમાં પણ ફેલાયું હોત તો હિંદમાંથી અંગ્રેજ સત્તાનો કદાચ એ વર્ષે જ અંત આવી જાત. પણ દક્ષિણમાં એ આગ ફેલાતી અટકાવનાર હતો બ્રિટનના વફાદાર મિત્ર હૈદરાબાદના નિઝામનો મુખ્ય પ્રધાન સર સાલાર જંગ. મધ્ય હિંદમાં એ આગ પર ઠંડું પાણી રેડનાર હતો ગ્વાલિયરનો દીવાન દિનકરરાવ. રાજપૂત અને શીખ રાજવીઓએ આ ઉત્થાનથી અલિપ્ત રહીને અને એમાંના કેટલાકે તો બ્રિટિશને સક્રિય સાથ આપીને પોતાની વીરશ્રીને કાલિમા લગાડતાં જરા પણ સંકોચ નહોતો અનુભવ્યો. બીજી બાજુ અંગ્રેજો સામે આ જંગમાં ઊતરનારાઓમાં પોતાનામાં પણ કશા એક-કેન્દ્રીય સંચાલનનો અભાવ હતો. આ બધાંને પરિણામે એ અફળ ગયો.

એ સંગ્રામને અંતે બહાર પાડવામાં આવેલા રાણીના ઢંઢેરામાં (૧લી નવેમ્બર ૧૮૫૮) જાહેર કરવામાં આવ્યું કે બ્રિટન હવે કશો પ્રાદેશિક વિસ્તાર સાધવા માગતું નહોતું. આ વચનો કેટલાં જૂઠાં હતાં એ બ્રહ્મદેશનો રહ્યોસહ્યો ભાગ તથા વાયવ્ય સરહદે તાયફાવાળાઓનો પ્રદેશ કબજે કરીને બ્રિટને બતાવી આપ્યું.

ઈ.સ. ૧૮૫૮થી હિંદનો વહીવટ કંપની સરકાર પાસેથી બ્રિટિશ તાજ હસ્તક ગયો. હિંદનો સામનાનો જુસ્સો આ સમય સુધીમાં મરી પરવાર્યો હોઇને બ્રિટિશોને કોઈ લશ્કરી કિલ્લેબંદીની હવે જરૂર નહોતી રહી. એને બદલે એમણે નવી જ જાતની કિલ્લેબંદી ઊભી કરી. ૧૮૫૮માં મુંબઈ, મદ્રાસ અને કલકત્તા મુકામે એમણે યુનિવર્સિટીઓ ઊભી કરી. ૧૮૬૦માં હાઇકોર્ટો અને ૧૮૬૧માં ધારાસભાઓની સ્થાપના કરી. બ્રિટિશ સામ્રાજ્યના આ કિલ્લાઓમાં તાલીમ આપીને બ્રિટિશ સરકારે એવા બીજી કક્ષાના બુદ્ધિમાનો બહાર પાડવા માંડયા જેમને દેશની આઝાદી કરતાં પણ વિદેશી હકૂમત નીચે સારા પગારની નોકરીની વધુ પડી હતી. આ રીતે હિંદના ભૂમિપ્રદેશ પર જ નહિ પણ હિંદીઓનાં મન અને આત્મા પર પણ અંગ્રેજોએ આધિપત્ય જમાવી દીધું.

એ મોહનિદ્રામાંથી હિંદ કેવી રીતે જાગ્યું અને આઝાદીની એની મંઝિલે કેવી રીતે પહોંચ્યું એ એક અલગ જ પ્રકરણ હોઇને, આ લેખને અહીં સમાપ્ત કરીએ.

સુકોમળ વાળ
અને
મોહક સૌંદર્ય માટે



સ્વસ્તિક

'પરફ્યુમ્ડ કેસ્ટર ઓઇલ
એ સર્વોત્તમ છે
સ્વસ્તિક ઓઇલ મીલ્સનું ઉત્પાદન છે

SHILPI. S.O.M. 536

અદ્‌ભુત વાત (અનુસંધાન પૃ. ૩૦૦થી ચાલુ) રજૂ કરે તો કદાચ એ દંડ ઓછો થાય એવો આપણા રાજ્યમાં પુરાણો કાયદો છે. તારા પાપના ભાગીદારનું નામ તું કહે. હિંમત રાખીને જે સત્ય હોય તે રજૂ કરી દે, તારા બાળકના જન્મદાતાનું જે નામ હોય તે કહી દે.' આખી યે સભામાં શાંતિ છવાઈ ગઈ. રાજકુંવરીએ આસ્તેથી પોતાની ડોક ઊંચી કરી. તેની આંખોમાં તિરસ્કારનો ભાવ જણાઈ આવતો હતો. અભાગી કોત્રાડ તરફ ઝડપથી આંગળી ચીંધીને તે ગર્જી ઊઠી, 'એ માણસ તું પોતે જ છો, કોત્રાડ!'

આખી સભાના શ્વાસ થંભી ગયા. પરંતુ કોત્રાડના તો હૃદયધબકાર જ બંધ પડી ગયા હોય એમ લાગતું હતું. પોતાના ઉપર દોષનો ટોપ ઓઢાડવામાં આવ્યો છે એ સાવ અસત્ય છે એ સાબિત કરવા માટે તો તેને પોતાની જાતિ જાહેર કરી દેવી પડે. અને ત્યારે? રાજ્યાભિષેક નથી થયો તેવી સ્ત્રી સિંહાસન ઉપર બેસે તો એની સજા પણ મોત હતી બરોબર એક જ ક્ષણે કોત્રાડ ને તેનો વૃદ્ધ પિતા બેભાન થઈને જમીન ઉપર ઢળી પડયાં. આ વાતનો બાકીનો ભાગ ખૂબ શોધખોળ કરી તો પણ કયાં યે હાથ નથી લાગતો. લાગે છે કે ભવિષ્યમાં પણ નહિ જડે.

વાર્તા લખવાની શરૂઆત કરી ત્યારે મને લાગતું હતું કે હું આના મુખ્ય પાત્રને યોગ્ય રીતે રજૂ કરીશ જેથી કશું કહેવાનું ન રહે, પણ અત્યારે લાગે છે કે એ કામ અસંભવિત છે એટલે આ વાર્તા અહીં જ પૂરી કરું છું. (અંગ્રેજી ઉપરથી)

માર્ક ટ્વેન [જન્મ: ૩૦-૯-૧૮૩૫, ફ્લોરિડા (મિસૂરી); અવસાન: ૨૧-૪-૧૯૧૦, રેડિંગ (કનેક્ટિકટ)] ઉપલી વાર્તાના લેખક પ્રખ્યાત અમેરિકન સાહિત્યકાર અને હાસ્યકારનું મૂળ નામ તો સૅમ્યુઅલ ક્લેમેન્સ, પણ મિસિસિપીની સ્ટીમબોટ પર તે પાઇલટ તરીકે કામ કરતો ત્યારે પાઈલટોની બૂમના અવાજ 'માર્ક ટ્વેન' પરથી તેનું જ તે નામ પડયું. 'ધ સેલિબ્રેટેડ જમ્પિંગ ફ્રૉગ ઑાવ કૅલૅવેરાસ' તે તેની પહેલી વાર્તા. ઈ. ૧૮૬૯માં પ્રકટ થએલ 'ઇનોસન્ટ્સ એબ્રોડ' તેને હાસ્યલેખક તરીકેની આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવી. ઉપરાંત તેની અત્યંત નોંધપાત્ર નીવડેલી કૃતિઓમાં 'ધી ઍડવન્ચર્સ ઑાવ ટૉમ સૉયર' (૧૮૭૬), 'લાઈફ ઑાન ધ મિસિસિપી' (૧૮૮૩), 'હકલબરી ફિન' (૧૮૮૫) વગેરેનો સમાવેશ થાય છે.

ચેમ્પિયન
એડમિરલ
ફાઉન્ટન
પેનથી
લખવું
એ
જીવનનો
એક
લહાવો છે.
★



★
અમારી
વિશિષ્ટતાઓ
ચેમ્પિયન
નંબર ૧૦૧,
૧૦૨, ૧૦૩,
૧૨૧, ૧૫૧ અને
અશોક ગેરંટીડ
પેન આકર્ષક
અને વિવિધ
પ્રકારના રંગોમાં
મેળવી શકશો

બનાવનાર:
ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ
લાલજી માનસિંગ બિલ્ડિંગ, લુહાર ચાલ
મુંબઈ-૨

આ માસ (ઑગસ્ટ) ઈતિહાસમાં : દિનવિશેષ • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

ટૉલ્સ્ટૉય



જીવનમાંથી જ સ્વયંભૂ પ્રકટતી ઋજુતા ને સત્યપ્રિયતા સાથે માનવ-અનુકંપાથી સંભૃત, ઉત્કૃષ્ટ, સમર્થ ને અનન્ય સાહિત્ય-સર્જન જગતને ભેટ ધરી જનારસાહિત્યર્ષિકાઉન્ટ લીઓ ટૉલ્સ્ટૉયનો જન્મ કાઉન્ટ નિકોલાસ ટૉલ્સ્ટૉય ને પ્રિન્સેસ મેરી વૉલ્કોન્સ્કી નામનાં ઉમરાવ દંપતીને ત્યાં ઇ. સ. ૧૮૨૮ની ૨૦મી ઑગસ્ટે થએલો. બે વરસની વયે માતાની અને નવ વરસની વયે પિતાની હૂંફ ઝૂંટવાઈ જતાં લીઓ પોતાનાં ભાઈભાંડુ સાથે દૂરની એક સગી તાત્યાનાને ત્યાં ઊછરવા લાગ્યો. અત્યંત પ્રેમાળ અને સરલહૃદય એ બાઇએ લીઓના કૂમળા મગજમાં અજાણપણે પણ પ્રેમ અને નીતિનાં બીજ રોપ્યાં. ભણવામાં તે હોશિયાર ન હતો, પરંતુ એ બાળવયથી જ તે ગહન ચિંતનમાં રમમાણ રહેતો અને ઓગણીસની વયે તેણે તત્ત્વસાર તારવી કાઢેલો કે 'જગતની આ નશ્વરતામાં શ્રદ્ધા મૂકી શકાય એવું કશું છે જ નહિ.'

તે કઝાનની યુનિવર્સિટીમાં દાખલ થયો ત્યાં ફ્રેન્ચ લેખક રૂસોની કૃતિઓએ તેના પર જાદુ પાથરી દીધું. બાદ રૂસોના વિચારોને અનુસરતી નવલકથા 'એક રશિયન જમીનદાર' તેણે લખી. યુનિવર્સિટીની છેલ્લી પરીક્ષા આપ્યા વિના જ તેણે ભણવાનું છોડી દીધું. સંસારની નિ:સારતાથી મૂઢ બનેલો તેનો જીવ હવે વિલાસનો આધાર મેળવી તેમાં ગળાડૂબ મસ્ત બની ગયો. સાથોસાથ 'બાળપણ' એ નામથી આત્મકથાત્મક લખાણ, અને 'કુમારવય', 'યુવાની' વગેરે કૃતિઓ પણ તેણે સર્જી.

ઈ. ૧૮૫૩માં રશિયાના ઝારને પક્ષેથી તે તુર્કી સામે પ્રચંડ ઝનૂનથી યુદ્ધમાં લડયો; પરંતુ એ પ્રત્યક્ષ કતલખોરીએ તેને વધુ વિવશ બનાવી દીધો. મજકૂર યુદ્ધ દરમ્યાન તેણે લખેલાં ત્રણ પુસ્તકોમાં યુદ્ધ સામેની તેની ભારોભાર વ્યથા વરતાઈ આવે છે.હવે એની વિલુપ્ત શ્રદ્ધા વિશ્વશાંતિ અને વિશ્વબંધુત્વમાં પુન: આવી વસી. ઈ. ૧૮૫૬માં સૈન્યમાંથી નિવૃત્ત થઈ લેનિનગ્રાદ આવી તેણે યાસ્નાયા પોલિયાના નામની જાગીર પર ખેડૂત-વર્ગ માટે એક શાળા ખોલી, જેમાં ગુરુપદ સ્વીકારવાને બદલે એ પોતે પણ એક સહાધ્યાયી જ બનેલો. આ અરસામાં તેના બે ભાઇઓ ક્ષયરોગના ભોગ થઈ પડયા અને પોતાને ય તે રોગ લાગુ પડયો છે એ વિચારે તે હવાફેર માટે ઊપડયો. ફરી તેની માનસિક સ્થિતિ વિષમ બની ગઇ. પણ નિરાશા, નિરુત્સાહ ને આપઘાતના વિચારોએ ઘેરી લીધેલા તેના જીવનને બર્સ કુટુંબની સોફિયા આન્દ્રીયેવે બચાવી લીધું. ૧૮૬૨ની ૨૪મી સપ્ટેમ્બરે ૩૨ વર્ષની વયે ટૉલ્સ્ટૉય ૧૪ વર્ષની સોફિયા સાથે લગ્નગ્રંથિથી જોડાયો.

તેની બે મહાન કૃતિઓ 'આના કારેનિના' અને 'વૉર ઍન્ડ પીસ' તેના જીવનના આ સુખી ગાળામાં જ લખાએલી. ઈ. ૧૮૫૨થી '૬૩ સુધીનાં તેનાં કુલ વીસ પુસ્તકોએ સારી ખ્યાતિ મેળવી લીધેલી, પરંતુ તે તો એ સઘળી રચનાઓને 'અપક્વ વિચારોની ફલંગો' જ ગણતો. પચાસ વર્ષની વયે તો તે જીવન વિષેના તત્ત્વચિંતનમાં એટલે સુધી ઊંડો ઊતરેલો અને તેમાં તેણે એટલી હદ સુધી સિદ્ધિ મેળવેલી કે દુનિયાએ તેને પયગંબર સમ વધાવી લીધો. એ જ અરસામાં તેણે 'પુનરુત્થાન' (રીસરેક્શન) નવલકથા લખી.

'પૈસો એ અનર્થનું મૂળ છે' એમ ગણતા ટૉલ્સ્ટૉયે સંપત્તિનો ગમે તેટલો વિરોધ કર્યો, પણ તેનું કુટુંબ એકાદ સામાન્ય ખેડૂત કુટુંબ જેમ જીવવા તૈયાર ન થયું તે ન જ થયું. બીજી બધી વસ્તુઓનો મોહ છોડયા પછી એણે ઘરનો મોહ પણ, ઈ. ૧૯૧૦ની ૨૮મી ઑક્ટોબરના પ્રભાતે પાંચ વાગ્યે ગૃહત્યાગ કરી છોડી દીધો. તે પછી થોડા જ સમયે ૧૯૧૦ના નવેમ્બરની ૨૦મીએ નાની બીમારી બાદ એક રેલવે સ્ટેશન પર તેણે દેહ છોડયો.

માત્ર વિચારમાં જ નહિ પરંતુ આચારમાં પણ તે એટલો જ મહાન હતો. માંસાહાર, તમાકુ વગેરે તજી દઈ, જીભનો સ્વાદ સુદ્ધાં જતો કરી, જે કંઈ પીરસાતું તે એ ચૂપચાપ ખાઇ લેતો. કેવળ લાકડાના કોચ પર સાદડી નાખીને એ પડયો રહેતો. કપડાં પણ હાથે સીવેલાં ને ખેડૂતના જેવાં જ પહેરતો. સાહિત્ય, જીવન અને લોકો, ત્રણેને ટૉલ્સ્ટૉયે ઉત્તમ માર્ગદર્શન ને અભિનવ સમૃદ્ધિ બક્ષ્યાં છે. આવો અતિ વિરલ સંયોગ સાધતી તેની પ્રતિભા આગળ જાણે નમી પડાય છે.

દિનવિશેષ

તા. ૧ અહિંસા દ્વારા હિંદની આઝાદી હાંસલ કરવાની ઝુંબેશ ગાંધીજીએ ઉપાડી, ૧૯૨૦.

તા. ૪ 'મુંબાઈના સિંહ' ગણાતા વિનીત નેતા સર ફિરોઝશાહ મહેતાનો જન્મ, ૧૮૧૪.

તા. ૭ બંગભંગના પ્રતિકાર રૂપે બંગવાસીઓએ વિદેશી માલનો બહિષ્કાર કર્યો, ૧૯૦૫.

તા. ૧૦ જગતની વિખ્યાત વેધશાળા ગ્રીનિચની 'રૉયલ ઑબ્ઝર્વેટરી'ની સ્થાપના, ૧૬૭૫.

તા. ૧૨ મહાન અમેરિકન વિજ્ઞાની ટૉમસ આલ્વા એડિસને ગ્રામોફોનની શોધ કરી, ૧૮૭૭.

તા. ૧૫ બે અમેરિકા વચ્ચેની પનામાની નહેર વ્યાપાર-વ્યવહાર માટે ખુલ્લી મુકાઈ, ૧૯૪૧.

તા. ૧૬ જહાંગીરના દરબારમાં એલચી તરીકે આવેલો કૅપ્ટન હૉકિન્સ સુરત ઊતર્યો, ૧૬૦૮.

તા. ૧૯ દેશના લાડીલા નેતાજી સુભાષચન્દ્ર બોઝનું વિમાન-અકસ્માતમાં અવસાન, ૧૯૪૫.

તા. ૨૪ 'પ્રેમ-શૌર્ય'ના સંદેશદૂત, ગુજરાતના પહેલા ગદ્યલેખક વીર નર્મદનો જન્મ, ૧૮૩૩.

તા. ૨૮ સાગર ભીતરનાં તારનાં દોરડાં દ્વારા પ્રથમ સબમરીન-ટેલિગ્રાફ મોકલાયો, ૧૮૫૦.

તા. ૩૦ પેશવાઈના છેલ્લા અવશેષ સમા નારાયણરાવનો કાવાદાવાખોરીમાં અંત, ૧૭૭૩.

પ્રસંગ વિશેષ : હીરોશીમા—અણુબૉમ્બનો પહેલો ભોગ : ૫મી ઑગસ્ટ ૧૯૪૫

'સોળ કલાક પહેલાં એક અમેરિકન વિમાને જાપાનના એક અગત્યના લડાયક મથક હીરોશીમા પર એક બૉમ્બ નાખ્યો છે. એ બૉમ્બની શક્તિ ટી-એન-ટી(ડાઇનેમાઇટ)ના ૨૦,૦૦૦ ટન કરતાં વધારે હતી.એ બૉમ્બ તે 'અણુબૉમ્બ'.' આ પ્રકારના પ્રેસિડેન્ટ ટ્રુમેને તા.૬-૮-૧૯૪૫-ના રોજ કરેલા નિવેદન પરથી અણુવિભાજન દ્વારા પ્રકટ થતી પ્રચંડ અપરિમેય શક્તિની જગતને પહેલી જાહેર જાણ થઈ. હીરોશીમા બાદ જાપાનના બીજા શહેર નાગાસાકી પર પણ તા. ૯-૮-૪૫ના રોજ અમેરિકાએ અણુબૉમ્બનો ઉપયોગ કર્યો. ◐ આ પછી તો આનાથી યે વધુ વિનાશક શક્તિવાળા હાઈડ્રોજન બૉમ્બ અને હમણાં છેલ્લેછેલ્લે તો તેથી યે વધુ શક્તિશાળી કોબાલ્ટ બૉમ્બની પણ શોધ થઈ છે. પણ અણુશક્તિનો કેવળ એ જ ઉપયોગ નથી. આશ્ચર્ય ઉપજાવે એટલી હદે એનો સદુપયોગ પણ થઈ શકે છે. વાહનો, કારખાનાં આદિ યંત્રચાલિત સામગ્રીમાં તે અદ્ભુત અને અપૂર્વ વેગ તથા કાર્યશક્તિ પૂરાં પાડવાની ક્ષમતા ધરાવે છે. અને તે દિશાની એની કામગીરી વિષે વિચાર ને વિનિમય કરવા જગતભરના વૈજ્ઞાનિકો આ જ માસમાં, પહેલા અણુબૉમ્બના ઉપર્યુક્ત પ્રયોગની બરાબર દશાબ્દીએ સ્વિટ્ઝર્લૅન્ડમાં મળ્યા હતા.

મોટપ મોટા નર તણી આપેઆપ કળાય;
હાથીને ભલી ઘંટડી, ઢોલ કદી નવ સ્હાય.

—તનસુખ ભટ્ટ

પંજાબ મહાવિદ્યાલયના પ્રથમ દીક્ષાન્ત સમારોહનું ઉદ્ઘાટન કરવા સરદાર પટેલ આવ્યા ત્યારે એક વિદ્યાર્થીએ તેમની સામે આવી પ્રણામ કર્યા. તેને સરદારે પૂછ્યું : 'કેમ, છો તો હેમખેમને ?' 'હા.' વિદ્યાર્થીએ જવાબ દીધો. બાદ સરદારને એક મિત્રે પૂછ્યું : 'તમે પેલા છોકરાને ઓળખતા હતા ?' 'ના.' તેમણે કહ્યું. 'પણ તમે વાત તો એ રીતે કરી !' મિત્રે કહ્યું. સરદાર બોલ્યા : 'હું ભલે તેને ન ઓળખું પણ તે તો મને ઓળખે છે ને ?'

અનેકાર્થી શબ્દ: **પોલ**=પોકળતા, અંધેર; ગપ; પોલાણ કે ખાલી જગ્યા; પીંજેલું રૂ યા તેની થેપલી; પોચું ગોદડું કે બિછાનું; કાણું; સાડાપાંચ વારનું જમીનનું એક માપ;ખેતરમાં રહેનાર લોક; ઢગલો; ધ્રુવ, છેડો; ફાટક,પ્રવેશદ્વાર; લાકડા-લોઢા વગેરેનો ગંડો; વિશાળતા, સ્થૂળતા; પશુ-પંખીનાં બચ્ચાંનું પાંજરું.


કહેવતોના અર્થ : 'અકતે કાંત્યું આગળ આવે.'-અકતો=અણોજો, રજા કે વિરામનો દિવસ; તેનો લાભ લઇને સામટું કાંતી રાખ્યું હોય તો કોઈ દિવસ માંદગી, મુશ્કેલી કે ભીડને વખતે એ ખપમાં આવી જાય, એવા અર્થની આ કહેવતનો ભાવ ફુરસદ કેનવરાશનો વખત એળે ન જવા દેતાં અગમચેતીથી તે ભાવિ જોગવાઇ માટે લેખે લગાડવાનો બોધ કરે છે.

ધાવણા બાળકને દૂધ પાયા પછી ઊભું કરી, માતાએ ખભા ૫૫ર બાળકનું પેટ જરા દબાવવું, તેથી બાળકને ઓડકાર આવીને પેટમાંથી પવન નીકળી જશે.

આપણા મસ્તકમાં કુલ છ મગજ આવેલાં છે, જેમાંનું એક-કપાળ પાછળ આવેલું-મગજ તાજું જ શોધાએલું અને માનવીના વિકાસક્રમ બાબત ઘણું મહત્ત્વનું છે.

ગણિત ગમ્મત

જે સંખ્યાને અંતે પાંચનો અંક હોય તેનો વર્ગ કરવાની સહેલી રીત એ છે કે પ્રથમ છેલ્લા પાંચડાનો વર્ગ લખવો. તે પછી તેની અગાઉ જે સંખ્યા હોય તે સંખ્યાથી એક વધુ એવી સંખ્યા વડે તેને ગુણી પાંચના વર્ગની આગળ લખવી. એ જવાબ. દા. ત. ૧૩૫નો વર્ગ કાઢવો હોય તો ૧૩૫નો છેલ્લો અંક ૫×૫=૨૫ અને તેની અગાઉનો અંક ૧૩ તેને×૧૪=૧૮૨ તે ૨૫ની અગાઉ મૂકતાં ૧૮,૨૨૫. (સુરેશ ઠાકોર)




આ નાની આકૃતિની સમૃદ્ધિ જાણી તમે અજબ થશો. એમાં ૧૪૬ ત્રિકોણ, ૫૧ ચતુષ્કોણ ને ૧૨૦ ખૂણા સમાએલા છે ! (૨૫)

ચોમાસામાં ટપાલની ટિકિટો સામસામી ઘણીવાર ચોંટી જાય છે. લોઢાના કટકાને સહેજ તપાવી તેના પર ટપાલની ટિકિટો દબાવી રાખજો; સહેલાઇથી ઉખડી જશે. (૨૫)




(૧) મીઠું ચાના ડાઘ કાઢી નાખે છે. (૨) દંતમંજન તરીકે દાંતને સ્વચ્છ અને રોગરહિત બનાવે છે. (૩) મીઠાના કોગળા કરવાથી સૂજી ગએલું ગળું મટે છે અને બેસી ગએલો ઘાંટો ઊઘડે છે. (૪) દાંત પડી ગયા પછી જો લોહી નીકળતું હોય તો મીઠાના પાણીથી કોગળા કરવાથી બંધ થાય છે. (૫) મીઠાનું આછું પાણી આંખે છાંટવાથી દુખતી આંખો મટી જાય છે. (૬) મીઠાના પાણીના શેકથી વા અથવા દુખાવો મટે છે. (૭) રેશમી રૂમાલ વગેરે મીઠાના પાણીથી ધોવાથી વધારે સારા ધોવાય છે. (૮) મીઠું ખેતરમાં ખાતર તરીકે બહુ ઉપયોગી છે. (૯) ગંદકી અટકાવવામાં મીઠાનો ખાસ ઉપયોગ થાય છે. (૧૦) ઊલટીમાં લોહી પડતું હોય તો મીઠાનું પાણી પીવાથી મટે છે. (૧૧) મીઠું શરીરનાં હાડકાં બાંધવામાં બહુ કામનું છે અને તેનાથી હાડકાં મજબૂત થાય છે. (૨૫)

૨૫ વૉટના ૪ વીજળિક બલ્બની જગ્યાએ ૧૦૦ વૉટનો એક બલ્બ તે ચારે કરતાં દોઢગણો પ્રકાશ આપશે.



ઇંગ્લંડનાં મહૂંમ વડાં રાજમાતા મેરીના સંગ્રહમાંની ૪૦૦૦ મૂલ્યવાન ને અદ્ભુત વિવિધ કલાકૃતિઓ પૈકીની આ કલાકણિકા પ્રાચીન કાળના જહાજની લઘુ-પ્રતિકૃતિ છે. બહુમૂલ રત્નો ને મોતીના જડતરકામવાળું એ ગૅલીઑન જહાજ 'પોર્ટ ઑવ લંડન'ની સંસ્થા તરફથી તેમને ભેટ અપાએલું.







ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

મથાળે: 'દરરોજના ક્રમે' (અજિતકુમાર સંઘવી) પહેલું ઈનામ; સામે ડાબી બાજુ: 'પંકજ' (વી. જે. મોદી) બીજું ઈનામ; સામે જમણી બાજુ: 'એકાકી' (અશ્વિન મહેતા) ત્રીજું ઈનામ; નોંધપાત્ર: (૧) 'રમત' (અજિતકુમાર સંઘવી) પૃ. ૩૨૧ ઉપર લેખને મથાળે; (૨) સભામાં કચવાટ (હેમેન્દ્ર શાહ); (૩) 'ભરની ઓટ' (રમણિક દેસાઇ)–નીચલી હારમાં ડાબી બાજુ: (૪) 'સદા સોહાગણ' (વજુભાઈ ગોહિલ)–નીચલી હારમાં વચ્ચે; (૫) 'વસંત' (લાલુભાઈ પટેલ) નીચલી હારમાં છેલ્લે.

કુદરતી દૃશ્યોનાં આ છેલ્લાં પાંચે ચિત્રોના અનુસંધાનમાં વાંચો આ અંકમાંનો લેખ 'કુદરત અને ફોટોગ્રાફી' (પૃ. ૩૨૧).





